અથ રતિ સ્વયંવર *

સંસ્કૃત ઉપરથી ગુજરાતી ભાષામાં
કવીશ્વર ગંગાશંકર જયશંકરે
દોહરા, ચોપાઇ, છપા, અને ઢાળ
એ રાગે રચી પ્રસિદ્ધ કર્યો.

તેમાં ઘણોએક સુધારો વધારો કરી
છપાવી પ્રસિદ્ધ કરનાર
મેહેતાજી કૃપાશંકર ગંગાશંકર
ઠે. અમદાવાદ પંચભાઇની પોળમાં
રાયકાના ખાંચામાં.

कींमत आठ आना.

સંવત ૧૯૪૧—સને ૧૮૮૪

અમદાવાદમાં

પાનકોરને નાકે બચ્ચાજમાદારની હવેલીમાં

"સમશેર બાહાદુર" છાપખાનામાં

ઉત્તમભાઇ રાયચંદ

છાપ્યો.

२२७६

RATI SWAYAMVARA

OR

The Choice Merriage of

RATI.

Formerly Composed by KAVI GANGASHANKAR JEYSHANKAR.

Revised and endorsed by MEHTA KIRPASHANKER GANGASHANKER.

SECOND EDITION.

2,000 Copies.

Registered For Copy Right under Act XXV of 1867.

AHMEDABAD:

Printed at the Ahmedabad—"SUMSHER BAHADOOR" Press by Savaibhai Raychund near Pankore's Naka.

Sumwat 1941. *A. D.* 1884.

Price 8 *Annas.*

ग्रंन्थार्पण पात्रिका,

પરમ પ્રીય મિત્ર.

ભાઈ. ચીમનલાલ મોતીલાલ

મુ. અમદાવાદ.

આપનો વિદ્યા વૃદ્ધિ તરફ અતિશય પ્રેમ, સ્વદેશના શુભ તરફ શ્રમ, અને ઔદાર્ય પણું. તથા સર્વ વાતે હીમત રાખી સુધારાના કામને ઉત્તેજન અપો, તેમજ વળી નવીન સારા ગ્રંથ બાહાર પડતા જોવાને ઘણા હોંશીલા જણાઓછો; અને તમારો માહારા તરફ મીત્ર બંધુથી અતીશય થાડો પ્રેમછે એવા સર્વ સારા ગુણને લીધે માહારો પણ આપના તરફ ઘણો પ્રેમ અને પ્રીતીછે એ સર્વે જણાવવા સારૂ આ લઘુ ગ્રન્થ આપને અર્પણ કરૂછું તે માન્ય કરશો ને સ્વીકારશો એજ

લી० આપનો બાળ સ્નેહી મિત્ર

કૃપાશંકર ગંગાશંકર

પ્રસ્તાવના*

પ્રીય! નીતીવાન અને બુદ્ધી સાગર પુરૂષો, આ સંસાર રૂપી સમુદ્રમાં પુર્ણ સુખતો ઇશ્વરે જેને મળતા સ્વભાવની રત્ન રૂપી સ્ત્રી, તેમજ ખરા અંતઃકરણનો મિત્રઆપ્યો છે તેનેજછે; સ્ત્રી અને મિત્ર વીના આ સંસાર મીથ્યા છે, જેમ ધ્રત વગરનાં પકવાંન, આંખ્યો વિનાનું શરીર, લુંણ વગરનું અન્ન, તેમજ સ્ત્રી અને મિત્રવિનાનો સંસાર મીથ્યા સમજવો; વળી એક દીવા રૂપી સ્ત્રી અને મિત્ર છે, કેમકે દીવો અંધારાનો નાશ કરે છે, તેવીજ રીતે આ સંસારનું દુઃખ રૂપી અંધારૂ, તેનો સુજ્ઞ મિત્ર અને સતિ સ્ત્રી નાશ કરે છે; અને "अंधकारम वातितस्याजिवोतं ॥ दीपहिनामिवमंदिरंनिशि॥जेने મળતા સ્વભાવની સ્ત્રી અને ખરા અંતઃકરણનો મિત્ર ઇશ્વરે નથી આપ્યો, તેના જીવતરને વિશે અંધકાર છે. જેમ રાત્રીએ દીવાં વગરનું મંદીર હોય તેજ રીતે; વળી રૂપ ગુણ, ખાન, પાન, આદી લઇને ઘણા પ્રકારની સંપતી હોય પણ એક રાંમા રત્ન અને સુજ્ઞ મિત્ર ના હોય તો, તે સર્વ મીથ્યા લાગે છે; જયારથી સ્ત્રી પુરૂષનો સંબંધ બંધાયો, ત્યારથી તે પુરૂષને ગુણ કર્ત્તા અને ઉપ

કારી છે. પુરૂષ બહારના કામ કાજ અને રળવા ખપવા વીગેરેની તજવીજ કરે છે, તેવારે સ્ત્રી પોતાના ઘરની બગડ્યા સુધરયાની તથા સંતાના દીકની તજવીજ રાખે છે; તેથી પુરૂષગી, કામકાજ સંબંધી કાર્યમાંતો તે પાછો પાંહાંનો કાહાડે તેમ સંભવતું નથી; વળી પુરૂષ બાહારથી થાક્યો પાક્યો આવે તેને હાસ્ય વીનોદનો મીઠી મીઠી વાતો કરી રમાઠી જમાડી આનંદમાં રાખેછે, એવીગરે ઘણા પ્રકારનું પુરૂષને સ્ત્રી તરફથી સુખ મળે છે; ખરૂ પુછોતો પુરૂષને તે વીના સઘળું સુખ હશે તે વ્યર્થ છે; વળી મિત્ર તરફથી કેટલું સુખ મળે છે તેનું યથારથીત વર્ણન કવીથી પણ થઇ શકે તેમ નથી; એ સુખ કયારે મળે છે કે બંને એક સ્વભાવનાં હોય છે તોજ સ્ત્રી પુરૂષ બંને એક સ્વભાવનાં હોવાથી અન્યો અન્ય પ્રેમની ગાંઠ બંધાય છે પછી તે રૂડે પ્રકારે પોતાને કાળ ક્ષેપન કરે છે; પણ દેશી રીવાજથી જેને કુમારજા સ્ત્રી મળી તેનાતો પુરો ભોગ સમજવો, શાસ્ત્રમાં પણ કહ્યુ છે કે,

॥श्लोक॥ दुष्टाभार्याशठंमित्रं॥ भृत्यश्चोत्तरदायकः॥
सत्सर्पेचग्रहेवासो ॥ मृत्युरेवनसंशय." ॥ १ ॥

જેને દુષ્ટ ભાર્યા અને શઠ મિત્ર અને સામો ઉત્તર આપે તેવો ચાકર, અને સર્પવાળા ઘરમાં જેનો વાસ હો

ય તેને અત્યુ થાય તેમાં કાંઈ સંશય નથી. દશો રીવાજ પ્રમાણે બાળલગ્ન અને ફક્ત કુલીન વર જોઇને લગ્નનો સબંધ સાંધે છે તેથી ગુંણે ગુંણને અંતઃકરણ મળતાં નથી, એટલે દંપતી ઘણુંજ દુઃખ પામે છે; ઉપર બતાવેલું સુખ મોહોટપણે ગુણે ગુણ જોઇને લગ્ન કરે ત્યારેજ મળેછે; કેમજે પોતાની મેળેજ ખરી ખાત્રીથી મંસાર કરે અને પછી પરણે એટલે અન્યો અન્ય પ્રીતી બધય તેમા કાંઇ નવાઇ નથી; જુવો પ્રાચીન કાળમાં પણ સ્વયંવર (ઇચ્છાવર) વીગરેના રીવાજ હતા તેથી દંપતી ઘણું સુખ પામતાં; પણ હાલ તે રીવાજ જતા રહ્યા અને બાળ લગ્ન કુળાભીમાંન વધી ગયાં તેથી ઘણે ખરે ઠેકાણે દંપતી દુખી અને ક્લેશ યુક્ત હોયછે, માટે પ્રિય વાંચનારા હે સુજ્ઞ પુરૂષો!! બાળ લગ્ન અને કુળાભિમાનનો ત્યાગ કરી મોહોટ પણે ગુણે ગુણ જોઇને લગ્ન કરશોતો ઊપર બતાવેલાં સઘળાં સુખ તમને પણ પ્રાપ્ત થશે.

દોહરો

વ્હાલ ધરીને વેગળો, કરો આપે*કુયોગ;
જેથી સર્વે પાંમશો, સંસારિક સુખ ભોગ. ૧

---

* બાળ લગ્ન અને ફક્ત કુળાભીમાંન.

જુવો મ્હોટપણે ગુણે ગુણ જોઇને લગ્ન કરવાથી અને સ્વયંવર [ઇચ્છાવર]ના રીવાજથી કેટલુ સુખ મળે છે; ને દંપતી કેવાં સપીને ચાલે છે, તે આ પુસ્તકની બીનાં વાંચવાથી જાંણવામાં આવશે; અને તેજ સુખ દર્શાવાના હેતુથી આ "રતીસ્વયંવર" નામનું પુસ્તક રચ્યું છે; વળી આ શ્રષ્ટીમાં કોઇ સ્ત્રી સર્વ પ્રકારે શ્રેષ્ટ હોય છે, તો "રતી"ની ઉપમા અપાય છે, અને સર્વ ગુણ સંપન્ન પુરૂષ હોયતો કામદેવની ઉપમા અપાય છે; તે કાંમદેવ અને રતો કયાંથી પ્રગટ થયાં અને તે બેનુ રત્નરૂપી જોડું, કેવી રીતે મલ્યું; તે વીગરેની ઘણીએક બાબતનો સમાવેશ કરીને મહાન કવી કાળીદાસે રતીસ્વયંવર નામનું સંસ્કૃત ભાષામાં પુસ્તક રચેલું છે; તે પુસ્તકનું ગુજરાતી ભાષાંતર કરવાની અમારા પીતાશ્રી ગંગાશંકર જયશંકરની ઉત્કંઠા થએલી, તે ઉપર તેમણે રતી સ્વયંવર નામનું ગુજરાતી ભાષામાં પુસ્તક રચ્યું હતું; તેને સને ૧૮૫૮ ની સાલમાં સીળા પ્રેસમાં છપાવ્યું હતું; તેને આજ કાલ કરતાં આશરે પચીસ છવીસ વર્ષ થઇ ગયાં, તેથી તે ઘણું પ્રખ્યાત નથી; પરંતુ આ પુસ્તકની કેટલીએક કવીતાઓ મેં માહારા પ્રિય મિત્ર ભાઇ ચીમનલાલ વીગરે ઘણા એક

સારા સારા સદ્ ગ્રહસ્થોને વાંચી સંભળાવી, તેથી તે-
ઓને આ પુસ્તક ઉપર ઘણીજ પ્રીતી ઉત્પન્ન થઈ,
અને તેઓએ આ પુસ્તકમાં સુધારો વધારો કરી ફરીથી
છપાવી પ્રસીદ્ધ કરવાનું કહ્યું.

વળી ઘણે ખરે ઠેકાણે માહારાથી પણ દંપતી
કલેશ યુકત જોવામાં આવ્યાં ત્યારે તેની ખરી તજવી
જ કરતાં અને તેમના કેહેવા ઉપરથી પણ મને એમ
માલમ પડ્યું કે આ દેશી રીવાજના કુચાલથીજ દુખ
પામેછે, માટે તે કુચાલનું દુખ જણાવવાનો હેતુછે.પરંતુ
તે દુખ દર્શક પુસ્તકો ઘણાં એક પ્રસીધ્ધછે. તે વાંચીને પ
ણ, તેઓ હજી સુધી કુચાલ છોડતા નથી;અને કેટલાએ
કના કેહેવા ઉપરથી એમ માલમ પડે કે મોહોટપણે લગ્ન
કરવાથી શું? અને આહા!!! કુળાભીમાંન કેવું છે કે
"શું? માહારો છોકરો (છોડો) ગરાણામાંથી ન ઝડપાયકે"
પણ તેઓ અજ્ઞાની એમ સમજતા નથી કે તેમાંથીઆ
ગળ જતાં શો પરીણામ થશે તે વીચાર કરતા નથી અને,
કુળાભીમાનથી ખીંચ ઈ જાયછે, માટે તે કુચાલના દુખી
રૂપી ઘણાં પુસ્તકો પ્રસીદ્ધ છે, પણ બાળ લગ્ન અને કુ
ળાભીમાંન મુકીને મોહોટપણે ગુણે ગુણ જોઈને લગ્ન
કરવાથી કેટલુ સુખ મળે છે, તે સુખ બતાવે તેવાં પુ

સ્તકો હજુ સુધી ઘણુ ખરે ઠેકાણે મળ્યા નથી, માટે હું આ લઘુ પુસ્તક પ્રસીદ્ધ કરૂંછું. તેથી કરીને સુજ્ઞ પુરૂષો આ પુસ્તક વાંચીને સુખનો સાર ગ્રહણ કરશે; આ પુસ્તક મેં મારી બુદ્ધી પ્રમાણે સુધારી પુરૂ કર્યું છે તેમાં જે કાંઇ ચુક રહી હોય તો સરવે પાસેથી માફ માગુછું તેથી અપરાધ ક્ષમા ફરી સુધારી વાંચી લેવું વળી કામના પ્રસંગથી પ્રુફ બરોબર સુધરાઇ શકયાં નથી માટે તેમાં કાંઇ દોશ હોયતો માહારા લખવા ઊપર ધ્યાંન ન આપતાં મહીલો સાર સમજી લેવો.

પ્રસીદ્ધ કર્ત્તા.

ફૂ. ગં.

દોહરો

મન માંનેલી હોયને. એક સ્વભાવ મળેલ,
(આ)તેના સુખની વારતા. નહીં કાંમ વચનેલ, ૧

આ પુસ્તકને અગાઉથી આશ્રય આપનાર સાહેબોના નામની યાદી.

નામ	નંગ
વડોદરા.	
ખાતરી ગણપતરામ મલુક	૨૦
રા. દસરથ રાધુભા	૫
ખાતરી ગીરધર મલુક	૪
શા. મોતીલાલ કેસવલાલ	૨
સરઇઆ. લલુભાઇ ગીરધર લાલ	૨
શા. લલુભાઇ હરગોવનદાસ	૨
શા. પ્રેમાનંદ કીસોર	૧
વ્યાસ ગણીપતરામ સંપતરામ	૧
વ્યા૦ મગનલાલ હરીશંકર	૧
શા૦ કાળીદાસ જમનાદાસ	૧
ખાતરી કાળીદાસ મકનદાસ	૧
ઠકર. પરસોતમ લલુભાઇ	૧
ઝવેરી. જેશંઘ કંકુચંદ	૧
બારેજા.	
શાસ્ત્રી જેઠાલાલ બાપાલાલ	૧૦
સુતાર ઇશ્વરલાલ બાપુજી	૧
શુકલ પ્રભાશંકર હરગોવન	૧
નાથાલાલ પુરૂશોતમ	૧
મુંબાઇ	
શેઠ પ્રેમચંદ રાયચંદ વાળા ભાઇફકીરચંદ	૧

નામ	નંગ
શા હરગોવંન પુનમચંદ	૧
ભરૂચ	
મી૦ પુરૂશોતમ ગોરધન	૧
મેસાંણા	
ગોરજી ધનજી મોસનવીજય	૧
વેહેલાલ	
પટેલ કીશોરભાઇ ઘાભાઇ	૧
ઘોઘા	
મગનલાલ ચુનીલાલ	૧
ઓઝા. મનસુખરામપરભુશંકર	૧
શા અમરતલાલ વીઠલ	૧
શા ચુનીલાલ છોટાલાલ	૧
માધવજી ગોરધનદાસ	૧
આમોદ	
બાદસા મગનલાલ ઊમીઆશંકર	૧૦
રા૦ છગનલાલ દલપત	૪
વઢવાણ	
સોમચંદ સવચંદ	૧
ઇડર	
ડોકતર પ્રાણલાલ મોહનલાલ	[illegible]

નામ	નંગ
અમદાવાદ	
ગોરજી પુન્યવિજયજી રતનવીજય શીશ્ય	૧
શા મગનલાલ ચકાસા	૧
સોની મગનલાલ ચમનભાઇ	૧
અંબાશંકર રેવાશંકર	૧
ભટ્ટ સાંકલેશ્વર અમીરામ	૨
ત્રવાડી માહાશંકર રામશંકર	૧
શેઠ નગીનદાસ લલુભાઇ	૧
પટેલ મોતીલાલ મનસુખ	૧
સેઠ મગનલાલ ફતેભાઈ	૧
શેઠ મણીલાલ વાડીલાલ	૧
શા વાડીલાલ કરમચંદ	૧
શા શીવલાલ ધરમચંદ	૧
શેઠ શોભારામ રામપરતાપ	૧
સેઠ ચુનીલાલ દેવલદાશ	૧
સેઠ હરીલાલ મુલચંદ	૧
સેઠ કેશવલાલ જેચંદ	૧
સેઠ ડાહ્યાભાઇ હીરાભાઇ	૧
રા૦ સાંકળલાલ બાલગોવીંદ	૧
પટેલ સાંકળચંદ દામોદર	૧
શેઠ હરીલાલ રાયચંદ	૧
રા૦ માણેકલાલ મગનલાલ	૧
શા. મંગુલાલ છોટાલાલ	૧
રા. પીતાંબરદાશ વહાલચંદ	૧
જવેરી કેસરીલાલ ગોકલભાઇ	૧
રાજ્ય. મોતીલાલ કેસરીલાલ	૧
રા. વ્રીજલાલ પેનાભાઇ	૧

નામ	નંગ
વોહોરા અબદુલ રહીમ સમસુદીન	૧
શા. જીતમલ ગુલાબચંદ	૧
મારત. ચીમનલાલ મગનલાલ	૧
રાજ્ય જોઇતારામ મુલજી	૧
રાજ્ય જેઠાલાલ મોતીલાલ	૧
રાજ્ય શંકરલાલ મોહનજી	૧
શા દલસુખ માણેકચંદ	૧
શા મનસુખલાલ મગનલાલ	૧
શા પીતાંબર મગનલાલ	૧
શા. મોહાસુખ પાનાચંદ	૧
જવેરી ભોગીલાલ તારાચંદ	૧
શા જેશંઘ નથુભાઈ	૧
રાજ્ય રણછોડ ગીરધરલાલ	૨
શા પોપટલાલ દલસુખ	૧
શા પરશોતમ ગુલાબચંદ	૧
ઘાચી મનસુખ ગોવીંદ	૧
શેઠ જમનાદાસ પેનાભાઇ	૧
ભાઈ ચીમનલાલ રેવાશંકર	૧
રા. છોટાલાલ હીરાસીંગ	૧
શા છોટાલાલ હરીલાલ	૧
શા ચુનીલાલ ઊજમલાલ	૧
રા.બ. મોતીલાલ લાલભાઇ	૧
શા. ચુનીલાલ લલુભાઇ	૧
રા. મણીભાઇ ગોવીંદરામ	૧
સો. ઝવેરચ. ગીરધર	૧
શા. ચુનીલાલ વીરચંદ	૧
મેહેતાજી કબા. દેવશંકર	૧

નામ	નગ
શા૦ જેઓશંઘ ભાઇચંદ	૨
શા ભોલાનાથ બાપાલાલ (કંથારીઆ)	૧
શા. શીવપ્રસાદ મણીલાલ (જોધા)	૧
આછોદ તાલુકે આમોદ જી લે ભરૂચ	
મો૦ ગોરધનદાસ છગનલાલ	૨
ચીરોડા	
જોશી મગનલાલ કાશીરામ	૨

નામ	નંગ
ધોળકા	
વકી નંદલાલ તારાચંદ	૧
કડી	
દેસાઇ કેસવલાલ છોટાલાલ	૧
દલાલ મોહન હીમચંદ	૧
શા. બાપાલાલ ભાઇચંદ	૧
નાંડુપાડ	
ભટ. મોહાસુખરામ મનસુખ રામ	૧

અમદાવાદ સં૦ બા૦ પ્રે.

शुद्धि पत्रक

આ ગ્રંથમાં કાંમના પ્રસંગે મારાથી મૂફ બીજીવાર સુધરાઇ શકાયા નથી માટે આ શુદ્ધીપત્ર જોઇ લેવું.

પાનું.	ઓળ.	અશુદ્ધ.	શુદ્ધ.
૧	૭	કસ	કંસ
૫	૫	જાંહાંથિ	જાંહાંખિ
૧૧	૨	स्मणकं	स्मर्णकं
૧૧	૪	पुद्राहिन	पुंद्राहिनं
૧૧	૨	शयांमपी	शयामपी
૧૪	૧૧	પેટ	પેર
૨૩	૪	નાર્થા	નાર્થે
૨૭	૧૩	સૌ ખમરન	સૌના સુખ કરણ
૩૪	૫	પમશ્વર	પમેશ્વર
૩૫	૧૦	વિશ્વશર	વિશાધર
૪૦	૧૩	વાત	વાટ
૫૪	૧૬	વિદ્ધામાં	વિદ્યામાં
૫૮	૯	પોચ્ચે	પોપટે
૭૫	૧૬	ક્ષાર	ક્ષોર
૮૯	૫	વનમાં	ભુવનમાં
૮૮	૫	હાથ મભુ	હાથમાં
૧૧૨	૨૦	નહીનમં	નહી મંન
૧૨૭	૨૦	હાથી	હાથણી
૧૧૮	૧૨	कश्यनोचर्ळीतंभनः	कस्पनोचळीतंमनः

॥ अथ रति स्वयंवर ॥

મંગળાચરણ.

છપયછંદ.

[1]ગજાનન નામુ નિત્ય, [2]પંચાનન પુજુ પ્રિત્યે:
[3]ષડાનન કેરિ સેવ, [4]ચતુરાનન ધરવા ચિતે.
નારદાદિક જે મુન્ય, નેહથી નિત્યે નામું;
કંસ મર્દન કુળ કા'ન, ભકિત હું રૂડી પામું.
વર્ણવા સુંદિર કાંમને, ચિત ધરીને ચાહુંછૂં.
કવિ ગંગાશંકર સાચુ કહે, હેને રતિ ગુણગાઉછું. ૧

દોહરા.

ગુણનિધિ ગુરૂને નમું, પ્રિત્યે રહુ કરજોડ;
સૌ કવિને કરૂ વિનતી, કોય ન દેશો ખોડ. ૨

ભય વિનાશક ભકતના, યોગેશ્વર આધાર;
શકતી પુરણ પ્રેરજો, સાર માંહિ જે સાર. ૩

સર્વ સંકટ ટાળવા, પ્રગટ થયા સુર એજ;
શુદ્ધિ શુભ તુજથિ થશે, તદાકાર તુજ તેજ. ૪

---

૧ ગણપતી. ૨ મહાદેવ. ૩ કાર્ત્તિકસ્વામી. ૪ બ્રહ્મા.
૫ દેવ.

કરો કૃપા કિંકર પરે, જન્મ સફળ મુજ થાય;
શોભુભ રચના શબ્દની આપો અમ્રત ન્યાય. ૫
રાય રણછોડને નમું, કરજયો ગ્રંથ પ્રસાય;
જે તુજને નિત્યે નમે, (તેનાં) પાતિક દૂર પળાય. ૬
ઈંદ્રાદિક નિત્યે નમે, નિગમ નિતી ગુણગાય;
પોકાર પુરાણે સદા, લેસકો પાર ન પાય. ૭
મુક્તિ કિર્તિને કારણે, ગુણ તેના હું ગાઉં;
કરૂણા કરજો નાથજી, અગુણ છુટિ ગુણિ થાઉં. ૮
સર્વે મનુષ્ય માત્રને, ગમતો રચિયે ઘાટ;
કથા રતીને કામની, સુણતે મટે ઊચાટ. ૯
રતિસ્વયંવર વાંચજો, કરૂ કવિતા પેર;
જેમ વાંચે નર નારિઓ, પોતા કેરે ઘેર. ૧૦
સંસ્કૃતમાંથી શોધિયું, પ્રાકૃત રચિયે પંથ;
વાંચ્યે વિનોદ વપુ વધે. કાં કામ્યનિકે કંથ. ૧૧
વાંચે જે આ વારતા, રાખી પુસ્તક પાસ;
બુદ્ધિબળ સારૂ વધે, થયો મુને આભાસ. ૧૨
બ્રહ્માએ સતજુગમં, મનથી ધાર્યો મેળ;
પદાર્થ પુરણ મેં પ્રગટિયા, ખરા રચ્યા સૌ ખેલ. ૧૩
જંતુ ઝીણા તંતુ સમા, ઘડયા ગજ સમ ઘાટ;
મનુષ્ય કરચે મુજ મંનથી, અળગા થયા ઉચાટ. ૧૪

પ્રગટ કરૂં કો અવનવો, ઊજ્વળ નિરમળ અંશ;
રે' નિત્ય મારિ નામના, વારૂ શોભે વંશ. ૧૫

એવું ધારી આપથી, રચ્યું રઢીયાળું રૂપ;
બ્રહ્મા કેરા મન થકી, પ્રગટ્યો ભારે ભુપ. ૧૬

આપ્યું તેજ ત્રંગુલોકનું, કોટિ ચંદ્ર પ્રકાશ;
સુંદિર દેહ સોહામણો, શોભે પુષ્પ સુપાસ. ૧૭

ત્રિપુંડ્ર તિલક કપાળમાં, સાર સહિત સોહંત;
બ્રહ્મા તેને ભાળતાં, મન સાથે મોહંત; ૧૮

કાંમદેવ કરિ સ્થાપિયું, તે નર કેરૂં નામ;
જેને કો જીતે નહીં, જો જો ઠાંમો ઠાંમ. ૧૯

ચોપાઈ

ભણે વિદ્યાને ચાતુર થાય, ઉપમા કોનીં નવ અપાય,
એહ વાત અહિંઆંથી રહી, પછી પેર બીજી શી થઈ; ૨૦
વિશ્વામિત્ર રૂશિ તપ કરે; ભાંમ્યનિ ત્યાં એક નિરજ ભરે;
જાગ્યા રૂશિ તજીયું ધ્યાંન, ખણુ ખણુ શબ્દ સુણ્યો ત્યાં કાંન ૨૧
લાંછન દિધું તેહુનિ દેહ, રૂશિએ વિચાર્યું તેહ;
સૌ નારીમાં લાંછન હોય, નિર્મળ સ્ત્રી નવ દીસે કોય; ૨૨
સઉનિ બુદ્ધી પાંહાંનિ તળે, ચતુર હોય પણ ઠગથી ચળે;
એવિ વાત વિચ્યારી આપ, કરવા માંડ્યો ત્યાં સંતાપ; ૨૩
તે રૂશિના તપનું પુંન્ય, પ્રગટિ મેંમદ્દા નહિ કાંઈ ન્યુંન્ય;

બાળા બાર વરશનીજ થઇ, આવી સનમૂખ ઉભી રહી; ૨૪

છપયછંદ

જાંણે ચદ્ર પ્રકાશ, ચૈતર સુદ પુનમ દીને;
કલંક નાંમ નહિ કેંણ, ચતુર દીસંતી ચીંન્હે;
હસ્તૂ સુંદીર મુખ; દાંત દાહાડમનિ કળિઓ;
પેટ સહિત અગ ઠેઠ, સુંદિર પગનિ આંગળિઓ;
આભૂશણ અંગે ઓપતાં, શોભા સઘળી સાર છે;
રતી નામ અરપણ કર્યું, ઉપમા સાસ્ત્ર અપાર છે; ૨૫

ચોપાઈ

એનિ ઉપમા એને હોય, એ સરખી બિજી નહીં કોય;
વર્ણન કરતાં મુરછા થાય, કઠિણ હૈયા વિણ ના કેવાય:૨૬

છપય છંદ

ઈંદ્ર દેખે જો આંખ્ય, માંખ્ય થઇ મુખપર બેસે;
ચંદ્ર જુવે જો ચિન્હ, (તો) પોતે ચિંતામાં પેસે;
બ્રહ્મા (જો) જાંણે ભાળ્ય, દોડે પછવાડિ દાંડી;
દેખે દુર્યોધન દેહ, દાખે અંગ ઉઘાડી;
ક્યાંહાં વિક્રમ નૃપભુપતી, શિવ સરખા સમરથ છળે;
ગરવિષ્ટ જે રાવણ સમા, ચે ખડકી ન મળે બળે; ૨૭

ચોપઈ

એવું તે રંભાનું રૂપ, દેખી રૂશી થયા ત્યાં ચૂપ;

કલંક નાંગ ન દિઠું કેહેણુ, ભંગી ગયા જેમ દિવે મેગુ;૨૮
વિધ્યાત થવા માંડીયો, નાઠા મુનિ આશ્રમ છાંડિયો;
નાસે હરણુ દેખિને ભીલ, ત્યારે તેણે વિચાર્યું દીલ; ૨૯
શાંગા સઘળું એતો આપ, ચોટયો ક્યારે મુકયું માપ;
જાંહાંથિ થૈ બેઠિ જેટલે, કાશિ રાજા આવ્યો તેટલે; ૩૦
શિકાર રમવાને કારણે, છડે છડો નગ્રી બારણે;
માંહી કહિ નારીએ પેર, તેડિ લાવ્યો પોતાને ઘેર; ૩૧
બે'ન પોતાનિ મનમાં ગણી, જેહુનિ માએ કન્યા જણી
રાખી શુભ ઠેકાંણે તેહ, દેખે નહીં કો તેનો દેહ; ૩૨
એકાંત સ્થળ રચિ રાખિ માંહ્ય, પુરૂશ નામ ન આવે ત્યાંહ્ય;
જેમ દેહમાં સતાયો જીવ, ગુફિ જાંહાં ઠેકાંણું દીવ્ય, ૩૩

દોહરા.

રાએ મન વિચ્ચારિયું, આંણી અધિકું હેત;
કંન્યા દાંન કોડે કરૂં, બેશી સભા સમેત. ૩૪
લાયક વર એને મળે, કરૂં સ્વયંવર સાર;
ચમક લો'હુ અન્ય લોહને વળગે આંણી પ્યાર. ૩૫
રૂપે રંગે ડા'પણે, વનિતા વિદ્યાવંત;
એવો રૂડો કયાં હશે, કાંમ્યનિ સરખો કંથ. ૩૬
વિચ્ચાર કરી મનમાં ધરી, પુછી રતીને વાત;
સારો મંડપ શોભતો, રચું હવે સાક્ષાત. ૩૭

આજ થકી નવ માસમાં, પૂરૂં થાશે કાંમ;
મુકશુ મંચ સોના તણા, ખરચું ઝાઝા દાંમ; ૩૮
ઓળે ઓળે ખુરશિઓ,-મ્હોટા કરિને મે'લ;
ટોટો નથિ કાંઇ જાણશનો, શઘળું આપડે સે'લ. ૩૯
રત્ન જડીશું સ્થંભમાં, સ્ફાટિક મણિની ઓળ;
માંહ્ય મહિપતિ સુત બેસસે, (તું) માક્રમ તેનાં તોળ.૪૦
દાશ ન દઇશ કોઇને, ચાતુર જોજે ચિત્ત;
પછી પ્રીતથી પરણજે. રૂડી વિચ્ચારિ રીત. ૪૧
સારૂં શાંમાએ કહ્યું, વારૂ ગમ્યા સૌ વેણ;
પણ પોતાના દીલમાં, કડવાં લાગ્યાં કેણ. ૪૨
એકાંત ગઇ તે [1]અર્ભકી, મુકયો મુખ નિશ્વાસ;
તે પોપટ સઊ ચેતિયો. હુ તૂ પાંજરૂ પાશ. ૪૩
શુદ્ધ શુક સુળ પાંણનો, ચતુર શિરોમણ બે'ન;
લીલો લાલ પાંખો ઘણી. નૌતમ સુંદિર નેંન. ૪૪
બોલિ ઉઠયો તે બુધથી. કેમ છે બેનિ ક્રોધ;
સમજયોછુ હું સુંદરી, બાળા કરચ એ બોધ. ૪૫
શું સંકટ તુજને પડયું, નડયું કવણ વણ કાજ;
પરવત સરખું દુ:ખ ગણે, તનથિ કરે સુખતાજ. ૪૬

---

1 બાળકી.

ચોપાઈ.

ભાઈએ દુઃખ તુજથિ નહિ મટે, કહુ તુજનેં તેતો નવ ઘટે;
હશે કરમ તણા જે ભોગ, કુડા કંથનો થાય સંજોગ. ૪૭
સહુકો સુખ ભોગવવું ચા'ય, મુજને તે બહુ ચિંતા થાય;
જોડે જોડું જો નવ મળે, અધિક પણાથી હૈયું બળે. ૪૮

છપય છંદ.

આવે રાજ કુમાર. પાર તેનો હું પાંમું;
દખું સર્વ ગુમાર, ત્યારે સુખ સઘળું વાંમું;
કરૂ નિંદાનાં કે'ણ, વેણ જો વિસ્મિત બોલું;
જરૂર મને દ આળ, પડદો જો પેટનો ખોલું;
ક્હેશે એકે નવ ગમ્યો, ધિક્કારે ૧ધરણી સહુ;
માટે દુઃખ હું મનમાં ધરૂં, પોપટજી સાચું કહુ.૪૯

ચોપાઈ.

કે પોપટ એમાં શો ખેદ, ભણ્યો ઘણા હું ભારે ભેદ;
દશ પરદશ જોયાછે બહુ, લાવું કંથ હું સાચુ કહું. ૫૦
તા'રા સરખો સઘળી પેર, પરણાવું હું તેને ઘે'ર;
પક્ષીછું પણ ખળનો બાપ, ન કરિશ તું નારી સંતાપ. ૫૧
હું કોનો ઠગ્યો નહી જાઊ, જ્યાં રહું ત્યાં સુખીયો થાઉ;

---

૧ પ્રથ્વી, પણ આ ઠેકાંણે એમ લેવાનું છે કે પ્રથ્વીમાં રેનારા સર્વે મનુષ્યો.

નથિ માંરે, દંશત કોતાણી, આવે જો ઈંદ્રાસન ધાણી;પ૨
જો પરવતમાં જઇ છુપાય, આયુશ ખુટચે નહી ઊપાય;
મોત આવ્યે સૌ નીશ્ચે મરે, એનો શોક શુરા નવ કરે. પ૩
માટે મારો નકરીશ શોક, જોઉ દેસ બાધાના લેક;
લાવું રૂડો ચતુર સુજાંણ, તો વાંણિ મારિ પ્રમાણ. પ૪
મેળવું તુજ સરિખો તુને, તો પોપટછ કેંજે મુને;
થોડે દિવસે અહિં આવશું વધામણી રૂડી લાવશું; પપ
અસત્ય કહું તો ઇશ્વર આંણ, કરૂ કામ તો સાચો જાંણ;
માટે શિઘ્ર રજા દિજીએ, કામ પછી રૂડુ કીજીએ. પ૬

છપયછંદ.

આપ ઉડયો આકાશ, આશિશ દેઇ રતિ સતિને;
લાવું ભાગ્ય શુભ પેર, ઘેર જઇ ચતુર પતીને;
રૂડો જસ તુજથિ (હું) લેઊ, દેઉ જો સુંદિર સ્વાંમી;
પછિ કહેજે ધન ધન્ય, પતિ રૂડેરો પાંમી;
તુજ સરખો તુજ જેવડો, રૂપે રંગે ડાંપણે;
જો એવું હવે નીપજે, (તો) સ્નેહ ઘણો વધે આપણે.પ૭

દોહરા.

પુરવ દિશાએ પરવરચો, કર્યો પ્રિત(થી) પરવેશ;
નિત્ય નવી હવેલીઓ, નિરખે દેશ વિદેશ. પ૮
આવ્યો આપ ઉજેણમાં, નવ તો રીજ્યા સાર;

શાંય વિક્રમના વંશનો, પામવા રૂડો પાર. ૫૯
વિક્રમ કરતાં ઉતાલી, પેંઢિઓ છેક અનેક;
પણ તેતેના વંશનો, પ્રિય દરશન ભુપ એક. ૬૦
તેને સુંદર દિકરો, પ્રિયંવદ એવું નામ;
પોપટ ફરતો પ્રેમથી, આવ્યો તેને ઠામ. ૬૧
પ્રીયંવદ સુત (તે) રાયનો, બેઠો મોલા માંહ્ય;
હિંચે હિંચકે હેતથી, આવ્યો પોપટ ત્યાંય. ૬૨
આવું અચળું જોઇને, બેઠો બિંટિયે ખાંત્ય;
એને બિજો રાય સૂત. ત્રીજું નહી એકાંત. ૬૩
રૂપશાળિ શુભ રાજતી, ભારે મો'ટો ભુપ;
પોપટજીયે પ્રેમથી, જોયું તેનું રૂપ. ૬૪
દશ આંનિ આ દેશપતી, રૂપે રતિથી તુન્ય;
પણ બુદ્ધિ કેવી હશે, કેવું પ્રાક્રમ પુન્ય. ૬૫
એવું વિચારે જેટલે, તેટલે ટીંગ્યો તેહ;
ઝડપ અજાણ્યો ઝાલિયો, તે પક્ષિનો દેહ. ૬૬
મુક્ય મુક્ય મુખથી કહ્યું, પણ ન મુકે રાય;
ઘાલ્યો [1]પિંજર આંણિને, પછી રીત શિ થાય, ૬૭

ચોપાઈ.

કુંવર તેને કે'છે કોણ, અમ્રત સરખાં મીઠાં વેણ;

---

૧ પાંજરૂં.

ભાઈ તુજને દુખ નહી દઉં, પુછિ વાતને પારજ લેઉં.૬૮
રાજદ્વાર રેહેનારો તુંય, ચેહેન થકી ઓળખુછું હુંય
માટે સાચું મુજને કહે, પછિ ગમેતો અહિયાં રહે; ૬૯
કરિ પરિક્ષા જે કાંઇ અમો જુઠી કેસાચિ કોહો તમો;
કે' પોપટ એ સાચી વાત, નહિ જુઠિ કાંઇ માહારાભ્રાત ૭૦
સંક્ષય એક ઊપન્યો છે મુને, તે માટે પુછું હું તુને;
વિના નારી કેમ વશિયા વાસ, સુનો બહુ દીસે અવાસ;૭૧
પરણ્યા કે કુંવારા તમો, ઉત્તર દ્યો પુછુંછું અમો;
સાચુ બોલજો આપો આપ, નહિ તો બ્રહ્મ હત્યાનું પાપ;૭૨

यत्रनास्तिदधिमंथनघोशो । यत्रमित्ररमणंनाविनोदात् ॥
यत्रनास्तिगुणगौरवरामा । तान्यरण्यसदृशाणिगृहाणि ॥ १

છપયછંદ

નહિં (જ્યાં) વહલોણા ઘોશ, ન થાય જ્યાં રાતે ધુઝચો
નહિ જ્યાં ગુણિયલ નાર, બાવત શુભ રૂડી બુઝચો;
નહિ જ્યાં મિત્ર વિનોદ, પુરણ અંતરનિ પ્રીતી;
નહિ રજનિ શુભ રંગ, અંગ મરદનની રીતી;
નહિ સજ્યામાં સુંદરી, તે સમશાન સમાન છે;
અંગાશંકર કે ગ્રહસ્થ પણ, વીના સ્ત્રી દુસ્થાન છે;૭૩

દોહરો

પોપટ કે ભઇ સાંભળો, સાચુ કહુ દ્રષ્ટાંત;

શા'સ્ત્ર વિનામાંનો નહીં; માટે કહુ એકાંત; ૭૪

धिकतांबुलविहीनमाननविलं, धिकपांणेमस्मणाक ॥
धिकवेदाक्तिविवार्जतांचरसना, धिकराजशून्यांसभां ॥
धिकग्रामचतरांगीणीविराहृत, धिकपुंड्राहिनमूखं ॥
धिकभुक्तंघ्रतवार्जतचवानेता, हिनांतुशयांअपि; ॥१॥

(અર્થ] આર્યાછંદ અથવા ગાથા

તાંબુળ ચાવ્યા વિનાનું, મુખ જે હોય ધિક્કાર છે તેને;
ધિક હાથ મનુષ્યોના, [1]સુવર્ણ શોભતું નથિ જેને; ૭૫
ધિક્કારજ બ્રાંહ્મણને, વેદ ભણ્યો નહિ લગીરેકે;
ધિક્કાર શુન્ય [2]સભાને, પંડીત હોય નહિં એકે; ૭૬
ધિક્કાર છે *નગરને. [3]તરંગિણી કદી ન હોય પાસેં;
ધિક [4]વદન મનુષ્યોનું, [5]ભાલમાં ટિલક નહીં ભાસે, ૭૭
ધિક્કાર છે વળિ જેહને, ઘ્રત વીના ભોજન કરે તેને;
(પણ) મ્હોટો ધિક્કાર જેછે, સજ્યામાં નથિ સુંદરિ જેને; ૭૮

ચોપાઈ

અરે એ'ક્યાં તું બોલે બોલ, કરે નહિ કાંઇ મનમાં તોલ;
પિયર વનીતા જયારે જાય, ત્યારે શું કાંઇ બિજી થાય; ૭૯

---

૧ સોનાની વીંટી વિગેરે ૨ રાજા વીનાની સભા તેમ સભા વીનાનો રાજા* ગાંમ; શેહેર. ૩ નદી, ૪ મુખ ૫ કપાળ.

એક પત્ની વ્રત જેને હોય, તે તુજ વચન ન માને કોય;
રૂડી ૧રાંમા મારે ઘેર, પણ તેનિ શું કહીએ પેર; ૮૦
પીયર ગએ થયા બે માસ, અહીંથી થોડે છે આવાસ;
ઊગમણો દરવાજો જાંહય; પિયર પ્રેમદાનું છે તાંહ્ય; ૮૧
વણિક તણી પુત્રી છે એહ, પરણી પુરણ સ્નેહે તેહ;
સતીપણું વખાણાયું સહી, ત્યારે હા પરણ્યાની કહી; ૮૨
આત્મ હત્યા કરતિતી આપ. મુજ મુસ્તક ધરતીતી પાપ;
દેખી મુને રહી નહિ ધીર, જેમ માંછલું દેખે નીર; ૮૩
છાંના કાગળ લખિયા મુને, તે પોપટ હું શું કહુ તુને;
જોઇ.ચ્યાતુરી પરણ્યા અમો, પક્ષિ જાત શું જાણો તમો; ૮૪
એક પતિવ્રત પાળું પ્રીત, શાંમા પતીવ્રતા છે નિત્ય;
તેડી તાત એનાને ઘેર, દ્રવ્ય આપવા કીધી પેર; ૮૫
પણ દમડી નવ લીધી એક, એવો શેઠ તણો વિવેક;
કંકુ કન્યા દીધી મુને, સંક્ષેપે સંભળાવું તુને, ૮૬
મારે એને સાચો સ્નેહ, જેમ ઇચ્છે બપૈયો મેહ;
એક દિવસ મે માગ્યું નીર, ત્યારે વડાં કરતિતી ચીર; ૮૭
વાર લાગિ પાંણી આપતાં, મુરખાઇથિ મોટાઇ માંપતાં;
ચ્યાર માસ તજી મેં એહ, ન જોવો કહ્યું તારો દેહ, ૮૮
ત્યારે તે પસ્તાવો કરી, બેઠિ સોક હૈયામાં ધરી; (પણ)

---

૧ સ્ત્રી

બોલ્યો હું મિથ્યા નવ થાય, માટે ફરી કાંઇનવ કેવાય;૮૯
ધણીક મુજને આવી દયા, પણ બોલ કહ્યા તે કહ્યા;
જા પિયર વેહેલિ આવજે, માસ ચ્યાર પછિ કહાવજે; ૯૦
તેડવા હું આવું જાહરે, નિખિશ દેહ તારો ત્યારે;
તે દીવશની ગઇ છે ત્યાંય, મલુકચંદશા રેછે જ્યાંય; ૯૧
એવું કહિ રંગ [1]કિરનાગણ્યા, ઉધાડતાં [2]અગિઆરા ભણ્યા
પોપટ પોતે ચાલ્યો જાય, પોતાના મન રાજી થાય. ૯૨
આવ્યો પિયર નારીને પ્રીત, બેઠો પક્ષિની જેમ રીત;
સમી સાંજ પડી તે સમે, હવે જુવો શું હરિને ગમે. ૯૩

દોહરા.

શુક ગયો શાંમા કને, જોતો નિશાંની જાંહ્ય;
પછિ તે પાછળ બારિ હતી, બેઠો ગોખે તાંહ્ય. ૯૪
ગોખે બેઠિતિ ગોરડી, સમિ સાંજ વેળાય;
તે ઠાંમે એક વિમજન, રાજમારગ પળાય[3] ૯૫
આતુર થઇ તે અંગના, સાંભર્યું સ્વામિ સુખ;
સુદ્ધી બુદ્ધી ઊડી ગઇ. દીઠું છેલનું મુખ. ૯૬
પોપટે તે પ્રેમદા, ઓળખિ આપો આપ;
આ કન્યા રાજા તણી, મનમાં આણ્યું માપ. ૯૭

---

૧ પોપટ. ૨ નાશી ગયો. ૩ જાય.

છપ્પયછંદ.

રહો ઉભા દ્વિજ રાજ, કાજ કહુ તે કીજે;
થાય મુને જેમ સુખ, આશિશ એ રિતે દીજે;
ઘેર નહી મુજ માત, તાત પરદેશ ગયાછે;
તજ્યો સ્વામિયે સ્નેહ, માસ બે આજ થયાછે.
હો જોશી તો ગ્રહ જુવો, (ને) વૈદ હો તો આવો અહીં;
પોળમાં પેસતાં સન્મુખે, કોય થકી ડરશો નહીં. ૯૮

ચોપાઈ.

કુંશી બ્રાંહ્મણ શોભિત છેલ, ગોરવરણનો દિઠો મહેલ;
વળી એકલી જાણી તેહ, ગયો કરવા નારિશું નેહ. ૯૯
પોપટ મન વિચ્યારી પેટ, (આ) પરણીછે રાજાને ઘેર;
પ્રીયંવદ તણી પ્રેમદા, એમાં સંક્ષય નહોય કદા. ૧૦૦
વિખાણ કરયાં તે ઉઠિવાટય, ગયો ઘરમાં જોવા માટય;
જણાઇ ચાતુરી રાજા તણી, મુરખ સૈનો સીરોમણી.૧૦૧
બેઠો બેઠો પોપટ જુવે, સંશય પોતા કેરો ખુવે.
ચાવી પાંન પોશાકે સજી, આવે બ્રાંહ્મણ શંકા તજી; ૧૦૨
નથિ ઘેર ભાઇ ભાંન્ડુ કોય; પોપટ સઘળું દ્રષ્ટે જોય
દીપક મુકયો દીવી જાંહ્ય, શોભા વ્યાપી રૂડી ત્યાંહ્ય, ૧૦૩

દોહરા.

આસન આપ્યું વિપ્રને, બેસારયો દઇ માન;

સઘળી વાત પોપટ શુણી, ધરિને એડું કાંન. ૧૦૪
૧ભુદેવ શુણો કે ભામ્યની, હશિને બોલિ આપ;
૨ત્રણેરે હત્યા તુજને, (જો)મુજથી રાખે પાપ. ૧૦૫
કોણ ગોત્ર છે તમ તણુ, કેવી છોજી નાત;
દિસંતાતો ઊંચ જન, જુદંતિ કે તમ જાત; ૧૦૭
બ્રાંહ્મણ કેરે ભાંમ્યની, અત્રિ ગોત્ર અમ હોય,
આકુ અગળ જોચરે, (તો)આવશે ઘરમાં કોય.૧૦૮
નારી કહે સ્વામિ સુણો, ગોત્ર તણીછે રીત;
અત્રીસુત જે ચંદ્રમા, કરિ ગૌતમ ઘેર પ્રીત. ૧૦૯
તેના વંશના છો તમો, ન ઘટે બીહિવું નેક;
એની સ્ત્રિ હતી મુરખી, હુંતો ચતુરા એક. ૧૧૦
ડરૂ નહી દિલ માહ્યરે, શુણજે સ્વામી સાર;
કોઇ દીન્યે કીધું નથી, જન્મ ધરીને જાર. ૧૧૧
હતો સ્નેહ બહુ નાથશું, આજ ચહડિ છે રીસ;
બે માશ અહીં વહિ ગયા, નથિ તેડયાનુ મિશ.
ડાહ્યા વાહ્યા જાયછે, ચતુરાનો એ ચાલ;
મુસ્તક મારૂં જૂતિયો, હળવા કરૂં હવાલ. ૧૧૩
વિના સ્વારથ વનિતા તજી, મોહોકમ થઇને મુઢ;
ઘણો પ્રાક્રમી જાણતી, તે થઇ બેઠો ગુઢ. ૧૧૪

---

૧ બ્રાહ્મણ, ૨ બ્રહ્મહત્યા બાળહત્યા, ગૌહત્યા.

પતિ વિના પાણી નવ પીઊં, ચાંપું નિત્યે ચર્ણ;
જે કાંઇ વાત એ ઊચરે, કોડે સાંભળુ કર્ણ. ૧૧૫
હવે સમજિ હું આજથી નબદૂ એને નામ;
પજવું ઝાઝા પ્રેમથી, કરૂં કૂડનું કામ. ૧૧૬
બ્રાહ્મણ કે'રે ભાંમ્યની, સાંભળ સાચી વાત;
રૂડો ભુંડો જાંણજે, એતો તારો નાથ. ૧૧૭

ભુજંગીછંદ.

તમે સ્વામિ મારા સુણો વાત સાચી,
ખરે જાણજો હું નથી કાંય કાચી;
નથી માહરે એહનું કાંમ ઝાઝું,
હવેછે તમારૂં ખરે કામ સાચુ. ૧૧૮
ઘણો ગર્થ છે માહ્યરે ઘેર ઝાઝો,
થશે આપણે પ્રેમતો તાજતાજો;
નક્કી જાણજો એ બધું આપનૂંછે,
તમારા થકી શું? વધું કાગનુંછે ૧૧૯
જરૂરે તમે જાણજો સ્વામિ મારા,
તમોતો ખરે માહયરા પ્રાણ પ્યારા;
કરી તેમને પાંન લાવીજ સાતે,
પછી બીડિયો વાળ આપેજ હાથે. ૧૨૦

મનહરછંદ

તેજાંના તમામ મુકી, પ્રેમે કરી પાંન બીડી;
હસી હસી જાર (ના) મુખ, માંહિ આપે ધરે છે:
મુખ ઝટ પાછું ખિંચી; બ્રાંહ્મણ તે આઘો ખશી.
હાથવતી બિડી લઈ, કાલા વાલા કરેછે;
જ્વાદ જવાદે હવે, મુને રજા આપો માટે;
બીડિ આપી રજા થઇ, રજ નિતી જાણજે;
નારી તો વિસ્મય થઇ, શુદ્ધ સાન ઉડી ગઇ,
નહીં જવા દઉ તુને, સાંગી સાચ્ચુ માનજે. ૧૨૧

ચોપાઈ

કહે બ્રાહ્મણ સુણ ભોળિ વાત, ઝાઝુ ન બકય માઝમરાત;
તા'રા કર્મ તણો એ વાંક, જાવા દે હુંતો છું રાંક. ૧૨૨
મુને જાર કરવું નવ ઘટે, મેં હેણાં ખાતાં સુખ સાંમટે.
ન રહે છાનું કીધું પાપ, તે તું સમજે આપો આપ. ૧૨૩
એ રાજા જો શુણી દેય; તો ના એને કો નવ કેય;
ગ્રન્થ ઘણા ભણ્યોછું આપ, જાર કરયે બહુ લાગે પાપ.

દોહરા

"જારી જિવ જોખમ કરે, જાર થકી જર જાય;
જારીથી જશ નવ રહે, અધિક થાય અન્યાય. ૧૨૫
પગલે પગલે પાપછે, ડગલે ડગલે દુઃખ;

જાર કરમ જેણે કર્યું, સ્વપ્નામાં નહિ સુખ. ૧૨૬
સારૂં લાગે સ્વલ્પ પણ, જાયછે જરા જર જોર;
માટે મુજને નવ ઘટે જાર કર્મ જે ઘોર. ૧૨૭
ઝાડ ઝેરનું જારી છે, માઠાં તેનાં મુળ;
મૂરખ મન મોટમ ગણે, મારે મન તે ધુળ. ૧૨૮
જાર ગણે કરિ જારિયો, લાભ લિધો મેં લાખ,
પણ ઝાકળ જળ ઝાંઝુવાં, મારે મન તે રાખ". ૧૨૯
નારી કે'સુણો નાથજી, કરોને મારિ પ્રીત;
કોય તેને જાણે નહિ, કરીયે તેવિ રીત. ૧૩૦
બ્રાંહ્મણ કે'રે ભાંમની સાચી કહૂંછું વાત;
પરભવ પડવું નરકમાં તે કહુછું સાક્ષાત. ૧૩૧
"[1]વિજારિ કીધે શું થશે, જુવાંની કેરૂં જોર;
કાં પુરૂષ કાં પ્રેમદા, [2]ચતુર્ભુજ કે રા ચોર, ૧૩૨
ઝાકળ કેરાં ઝાંઝુવાં, ઘડી એકનું સુખ;
ગરક થવું જૈ નરકમાં, દાઆદળ ત્યાં દુઃખ." ૧૩૩

ચોપાઈ

તાહારામાં શુ દિઠું નૂર; જોબનતો પાંણીનું પૂર;
આવેજો અહીં સાગુણાસતિ,તો વિષય નવ ઇછું રતી.૧૩૪
ઊત્પન્ન થઇ ઉત્તરમાં જેહ, વસંત રતુની નારી તેહ;

---

૧ વ્યભીચાર ઢાંકવો, ૨ ઇશ્વર

એવું કહિ અગિયારા ગણ્યા, પછી બોલબીજા નવમાણ્યા.

દોહરા

પોપટ મન વિચ્યારિયું, ધંન ધંન બ્રાહ્મણ ઘિર,
પરદારા ઇચ્છિ નહીં, વડો તુ મો'ટો વીર ૧૩૬
બોચાતો શુક બોલિયો, સાંભળ વનિતા વાંણ,
જો જાણે તુજ ઘર ધાણી,(તો)થાય હસારત હાંણ,૧૩૭
(પણ) છે બિચારો ભોળીયો, રૂડો રાજ કુમાર;
વણીક સુતા ક્ષત્રી થઇ, વર્યો અકુળનિ નાર. ૧૩૮
પાક્રમ વંત હોય પ્રેમદા, તો તો એનું પુન્ય;
તું તો નિચમાં નિચછે. નુન્ય થકી પણ નુન્ય, ૧૩૯
મોહયો હશે શું મહિપતી, પ્રિય દરસન સુત પ્રેમ;
જેણે લક્ષધા દામનું, ઘડી પે'રાવ્યું હેમ. ૧૪૦
ફટય ફટય કે'છે કામ્યની, કાળા મ્હોના કીર;
સતી તાણી નિંદા કરે, ખોવું હશે શરીર. ૧૪૧
જે આવ્યો હઇશ નાથ ઘે'ર, એમાં નહિ સંદેહ;
સઘળિ વાત જાણુ અમો, સાચો ધણિશું નેહ. ૧૪૨
પ્રાક્રમ જોવા પુરૂષનાં, તેડયોતો મેં આજ;
નરગાં *નિર કેવું હશે, કરવા સંદેહ તાજ્ય ૧૪૩
સોમાં એક સાચો પડયો, પૂજન લાયક પાત્ર;

---

* પાંણી

એનં મારો ઘર ધ્યાણી, બીજા તે કુંગ્ માત્ર. ૧૪૪
થોડા દિવસપર પુછિયું, સ્વાંમીયે એકાંત;
જીતેંદ્ર પુરૂશ જો હોયતો, ભાગું મનની ભ્રાંત. ૧૪૫
તે શું ભાઇબંધિ કરૂં, મિત્રાઇના તે મેગ;
વીસામો સૌ વાતનો, ખરી રીતના ખેલ. ૧૪૬
સાહ્ય થૈએ એક એકને, કરિએ રૂડાં કાંમ;
કિરતી વધે સૌ દેશમાં; પ્રથવી ઠાંમો ઠાંમ; ૧૪૭
બે મહિના પછિ નાથને, કહિશું નિપન્યું સર્વ,
મિત્રાઇ કરશે બે જણા, મુકી મનનો ગર્વ; ૧૪૮
સો જોયા મેં સામટા, રૂડા રાજ કુમાર;
ચતુર ખરા પણ ચોરટા, જુવંતીયોના જાર; ૧૪૯
બ્રાહ્મણ આ સારો મલ્યો, વાહ્યો કદિ નવ જાય,
જોજે તું દિન સાઠમાં, મિત્ર અમારો થાય; ૧૫૦
વિના જોયે મિત્રાઇ કરી, એક માંણસે એમ;
જીવ ખોયો તે ભુપતી, સમજ પક્ષિ તું તેમ; ૧૫૧

ચોપાઈ

પોપટ મન વિચ્યારજ કરે, સાચી થઇ મૂને છેતરે;
મારિ નંખાવે મુજને મેળ, કે પીલી કહડાવે તેલ; ૧૫૨
નિશ્ચે પતિ તો પાયે નમે, જો શિખવે તો મુજને દમે,
એ વાતે કાંઇ નહિ સંદેહ, નિશ્ચે વિજારી કિધી એહ૧૫૩

રતિ એહનતો રૂડાં હશે, આગળ જાતાં સંદેહ જસે;
ભર્યા મગમાં દાંણો એક; ચાંપિ જોયે જડે વિવેક, ૧૫૪
રતી સતી બિજી નહીં કોય, દશ વોદશો સઘળે જોય;
હશે હવે અહિઆં શું કાંમ, ચાલો જઈએ ઉત્તરડાંમ; ૧૫૫
સગુણા શબ્દ બ્રાહ્મણે કહ્યો, તે પોપટે મનમાં લહ્યો;
વસંત રતુ તે કોગુજ હસે, પ્રાક્રમ જોતાં કારજ થશે; ૧૫૬

છપયછંદ.

કહે પોપટ શુણ નાર, બિહિશ નહીં મનમાં મુજથી;
પણ મુજને શું લાંણ, પાંણનું આવે તુજથી;
જાંણે જો પતિ ભુપ, દેહ દમે તુજ દાવે;
(પણ) પતિ રાખે વિશ્વાસ, તેથિ બહુ તુજને ફાવે;
અમો અમારા માર્ગે જઇ, જરૂર ત્યાં સુખીઆ થશું
પણ કાંઈ ગરવ આંણીશ નહીં, જાંણી મુને પક્ષીપશુ; ૧૫૭
સુંદરિ કહે શુણ શુક, ચુકિશ નહિ ચતુરાઇ ચિત્તે;
કે'જે વજાડિ ઢોલ, તોલ મુજ પુગણ પ્રિતે;
કલ્પે સૌ અનુમાંન; માંને પછિ હોય જો સાચું;
કેહેનારાને હાંણ્ય, જો વાકય વિચારે કાચું;
માટે મૂઃ હલવો પડીશ, નહિમ (તું) તેણે નહિ ડરૂ;
કો કેશો સિહ [1] દાદુર ચરે; (તે) લોકો કેમ માંને ખરૂ;

---

[1] દેડકું

દોહરા.

પોપટ વિચ્યારે પ્રેમદા, વિજાર કરે વિવેક;
કરશે કુડ તે ભોગવે, તનથિ તજીને ટેક; ૧૫૯
એમ વિચ્યાર્યું અંગમાં, ઉત્તર ચાલ્યો આપ,
માસ વહિ ગયો વાટમાં, ન ગણે તડકો તાપ; ૧૬૦
સુંદર નગ્ર સોહામણું, આવ્યું વાટે એક;
ઈંદ્ર પ્રસ્થ નાંમે કરી, જયાં છે વડો વિવેક, ૧૬૧
શુક પેઠો તે સે'રમાં, શોભિત સુંદિર રૂપ;
દરવાજો બહુ દિપતો, સાંમદ અતિ અનુપ. ૧૬૨
શાળી કેરાં છોતરાં, ઢગલા મારયા ધાન;
આતો ભાડભુંજા વસે, આપે કરયું અનુમાન.૧૬૩
પોહોળિ ચુલ્ટયો ચોખંડની, લોહ તાવડિયો લક્ષ;
છાંદી લિધો માટી વતે,શેકે કરવા (અન્ન)ભક્ષ. ૧૬૪
પોપટ વોણી ખાઇને, આપ આઘેરો જાય;
ઘાંચિ મોચિ રસ્તે રહે, કુણ રીત ઉદ્યમ થાય. ૧૬૫
ઘણિ ફરેછે ઘાંણીયો, તિલ પીલણ જે યંત્ર;
બાંધી નેત્રજ બળદનાં, ત્રાવિધ્ય ચલવે તંત્ર. ૧૩૬

ચોપાઈ.

આંણાં ગાય ઘાંણિ ફરવે, ખોળ ઘણો માંહી ગેરવે;
ત્યાંથો આગળ ચાલ્યો જાય, અનેક તમાસા વાટે થાય.

છપયછંદ.

ગુણકાયોના વાસ, ઉલ્લાસ વિલાસિ જનને;
કર્યું પારખ્યું પ્રીત, રીતથી માણ્યું મનને;
બિલ્લિયો બહુ બહાર; નાર્યો શોભતી સારી;
પાંજરે શુક સોહંત, મોહંત જન જેકો જારી;
પલંગ હરનીશ પાથરયા, ચોખંડા ચીતૂ ચહાયછે;
ઘડીએ ઘડીએ નવ નવા, મરદ મુછાળા જાયછે. ૧૬૮

ચોપાઈ.

એવું જોતો જોતો તેહ, ચાલ્યો થઇને નીઃસંદેહ;
બજાર સૌ જોયો અપાર, (ત્યાં) આગળ થઇ ચાલ્યો
નિર્ધાર. ૧૬૯

ગલી કુંચીઓ ઠાંમો ઠામ, જુવે શૂક અંતર બહુ હાંમ
કોનો બિંવરાવ્યો નવ બિહે, સગુણા સ્થળ દિન મળશે કીયે
એવું કહિને આગળ જાય, આકુળ વ્યાકુળ અંગે થાય;
તે પક્ષીને સહુકો જોય, અંતર વાત કળે નહી કોય.
બ્રાહ્મણબહું વસતાતા જાંહય, હળવે હળવે આવ્યો ત્યાંહ્ય;
આવીને પછે જુવે તેહ, પોતે થઇને નીઃસંદેહ. ૧૭૧

દોહરા.

મોહોલ દીઠો એક શોભતો, સુર્યના સામું દ્વાર;
શોભા સઘળી શોભતી, અપરમપાર અપાર. ૧૭૨

છુટક બહુ સોહાંમણી, આગળ પાછળ (ઘર) હોય;
રમણિક સ્થળ રળિયામણું, જુગતેથી તે જોય. ૧૭૪
કનક પીંજર સોહાંમણુ, બાંધ્યું મ્હોટે મે'લ;
ચીત્રેલું ચોપાશછે, સઘળિ શોભા સ્હેલ. ૧૭૫
પોપટ પીંજરમાં વશે, જાત ભાઈ એક જંન;
દ્રષ્ટે દ્રષ્ટ બેહુની મળી, ત્રફડાવ્યું ત્યાં તંન. ૧૭૫
પંથી પોપટ (જે) આવીયો, બેઠો બિંટિ બહાર;
એટલે પીંજરનો પતી, બોલિ ઊડયો તે ઠાર; ૧૭૬

બહિર લાપીક, છપ્પછંદ.

ઇંદ્રવર્ણાં ફળ જેહ, તેહ દેખી ગંચું હરિયે;
વશિએ તેને વૃક્ષ, લક્ષ ખાવાને ખશિયે;
મારિએ, ચિતથિ ચાંચ, આંચ અતિશે આવે,
ભાવે નહીં તે ભોગ, રોગ કડવું ઘણું કા'વે;
દેખાયછે અતી દીપતું, તરત ગુણ કેમ તોળિયે;
કોરતારે કર્યું પેખવા, ભાર જાંણી બહુ ભિગીયે. ૧૭૭

ચોપાઈ

પંથી પોપટ ચેત્યો ચીત્ત, આતો કહી ને મ્હારિરીત;
હું દેખાતો સારો ઘણો. તોય ઇંદ્રવર્ણાને ગણ્યો. ૧૭૮
ગહીલો ગુણ ન જાંણે એહ, તેમાં તેહવું બોલે તેહ;
તેનો ઉત્તરતો દીજીયે, સવાયો સાંમો કિજીયે, ૧૭૯

છપય છંદ

પંથિ પોપટ કહે મિત, શુણુ ભાઇ પીંજર સ્વાંમી;
રીસ ન કરશો લેશ. કહુછું પુસ્તક નાંમી;
બોલ્યે ખાધું વીશ્વ, કરેંજ પરિક્ષા કોડે;
વણ બોલ્યે વર્ત્તે જે, સહવાસ થાતામાં થોડે;
જેમ વૈદ વિના બોલ્યે લહે, પિછાંને પંડ રોગને;
ગંગાશંકર કે શુક વદે, શાંણા ઇચ્છે સંજોગને. ૧૮૦

દોહરા.

વણ બોલ્યે વરતું સદા, નિશ્ચે કહુ નીરવાંણુ;
દશ રટણ કરિએ ઘણું, (તો)કેમ થાઉ અજાંણ;૧૮૧
ગુંણ તમારા મેં ગ્રહ્યા, અક્કલવંતછો આપ;
રૂડુ રાત રાજા સમું, મ્હોટું છે તમ માપ. ૧૮૨
સારા અતિ સદ્ગ્રંસ્થછો; સોના પાંજરે વાસ;
અક્કલના ઉમરાવ જંન, રહ્યા સુ માંણસ પાસ ૧૮૩
રાણી ત્યાં સૂતી હતી, માંન્યનિ ઘરનિ માંહય;
સ્વાલ સુણી તે શુકના, આવી બ્હારી જાંહય ૧૮૪
પિટયા પશુ પરખે નહીં, પંથી શુકનો પાર;
સ્તુતીમાં (તુજ) નિંદા કરી, અતિશે આંણે ડાર. ૧૮૫
રાત રાજા કહે ઘુડને, સમજ કહુ તે સર્વ
ત્હારો મ્હારો બેયનો, એણે ઉતાર્યો ગર્વ. ૧૮૬

માન્ય કહ્યું તું મુરખા, ટોકિ મરૂ નિશ દીશ;
એવી તે વાણી વદી, રામા આણી રીસ, ૧૮૭
અન્ન ખાય છે અતિ ઘણું, મુજ સરખો સહવાસ;
તોય અક્કલ આવે નહીં, રહીને મ્હારી પાસ. ૧૮૮

ચોપાઈ.

કહે પંથી પોપટ સુણ બ્હેન, સગુણા સરખાં દીસે વ્હેન;
નિશ્ચે સગુણા તાહારૂ નામ, મુને હતી મળવાની હામ.
તે ઇશ્વરે મેળવ્યો જોગ, ગયો દેહ માહારાનો રોગ;
એવું ઉટંગ બાંધિને કહ્યું; તે સઘળું શાંમાયે લહ્યું.૧૯૦
અચરત પાંમી અબળા તેહ, ઉપન્યો મન ઝાઝો સંદેહ;
આ પોપટ તે કોનો હશે, ક્યાંથી આવ્યોને ક્યાં જસે.૧૯૧
જોઇ લેઉ હું એનો પાર, ધરી હૈયે બુદ્ધી અપાર;
પછી પોપટને પુછે વાત, સાંભળ્ય પંક્ષિ તું સાક્ષાત, ૧૯

દોહરો

શાંમા બોલી સુકશું, ક્યાંથી આવ્યા(આ)ઠાંમ;
કોણે તમને મોકલ્યા, શું છે અહીઆં કાંમ. ૧૯૩
કેમ મુજને તમે ઓળખી, આવી અચાનક આજ
સકે વસોછો સાસરે, લક્ષધા પામુ લાજ. ૧૯૪
અનુંમાને મેં ઓળખ્યા, કંદ્રપ પુર તમ વાસ;
મોકલ્યા દિયર માહ્યરે, મળવાને મુજ પાસ. ૧૯૫

પણ એક સંદેહ મુજને, હું રહેતીતિ ત્યાંય;
મેં તમને દીઠા નથી, સાસરૂ માહારૂં જ્યાંહ્ય. ૧૯૬
સાચું કહો સહલક્ષણા, ઘણા ડાહ્ય છો દેહ;
જુઠું જરા નવ બોલશો, મુજશું ક્યાંથો સ્નેહ; ૧૯૭
મા'રાસમ સાચું કહો, *લહ્યું કેમ મ્હારૂં નામ;
ક્યાંથો આવ્યા (ને) ક્યાં જશો, કહો મુજ સરખું કાંમ૧૯૮
પોપટ તે વળતો વદે, રૂદે અતિશે રીઝ;
અમૃત વચન ઓપાવવું, બૂધ તણું એ બીજ; ૧૯૯
કાશી ગાંમ કોડામણું, ઘણું સુંદિર જળ ગંગ;
મક્તિ પુરિ મહિમા અતી, વિશ્વેશ્વર સુરસંગ, ૨૦૦
રાજ્યાધિશ રાજા વડો, કાશી રાજનર નાંમ;
આંણય ફરે અવનિ વીશે, જેમ રઘુકુળમાં રાંમ; ૨૦૧
પ્રજા સૌ ખસ રનોણ, દુખ ભંજાણ દાતાર.
રહીત જશ ગાયે ઘણો, સાર વસ્તુમાં સાર; ૨૦૨
તેને છે એક દિકરી, રતિ સતી નીજ નાંમ;
રૂપે રંગે ડા'પણે, નહી કો બિજે ઠાંમ; ૨૦૩
તરૂણિ વરશાજ તેરની, ખાધે પીધે ખુબ રૂપ:
શશિ હોય જેમ શરદનો, ભાંમ્યનિયોમાં ભૂપ; ૨૦૪
ભલિ રીતે વિદ્યાભાણી, મણિ માંન્યનિયો માંહ્ય;

---

* કહ્યું

લક્ષણ વંતી લાડકી, ત્રીવિધ શોભે ત્યાંહય; ૨૦૫
પીતાએ કાંઇ પુછીયું, પૂત્રીને શુભ પેર;
સારો મંડપ શોભતો, રચું આપણે ઘેર; ૨૦૬
આજ થકી નવ માસમાં, કરશું એવું કામ;
નવે ખંડનાનરપતી, તેડોશું આ ઠામ; ૨૦૭
સારૂં કહી શાંમા રહી, એકાંતે ગઇ આપ;
પ્રસ્ટાવો કરતી હતી, મુકી મનનું માપ; ૨૦૮
હતુ પીંજર ત્યાં માહયરૂ, [1]કનક [2]રજતામય સાર;
શુણી શોક શાંમા તણો, પુછયું મેં તે ઠાર; ૨૦૯
ત્યારે તે વાણી વદી, તાતે કીધુ જેહ;
સ્વયંવર કરશે શોભતો. માંડિ સંભળાવું તેહ; ૨૧૦
આવશે સઘળા નરપતી, મુજ સરખા નહિ હોય;
ત્યારે હું પરણું નહીં, (તો) કેશે ન ગમ્યો કોય; ૨૧૧
શોક સમુદ્રમાં સાંમટી; પડિછું ઝંપા પાત;
અંન મુને ભાવે નહીં, તાને કિધો ઉતપાત; ૨૧૨
એવું શુણીં હું ઉચરયો, હરયો સહુ સંદેહ;
ખોળી લાવું (હું) ખાંતથી; સાચો આંણી સ્નેહ; ૨૧૩
તુજ સરખો તુજ જોડો, સઘળી વાતે તુલ્ય;
નરને જો લાવું નહીં, (તો) ફોકટ કે'જે ફુલ્ય, ૨૧૪
સો સમ ખાધા (મેં) સામટા, સાચા દીલથિ સીધ;

વળતો પંથે પરવરચો, મૂકી રૂડી રીધ; ૨૧૫
સાતે દ્વીપ સૌ નિરખ્યા, આવ્યો ફરી ઊજેણ;
ત્યાં નાંમ (મેં) ત્હારૂં લહ્યું, વિપ્ર મુખથી વેણ; ૨૧૬
વળતો મન નિશ્ચે કરચો, મળવા કારણ તુજ;
ઊટંગ બાંધી મેં ઓળખી, સર્વે આંણી સૂઝ; ૨૧૭
હકીકત મ્હારી એટલી, કહી શુણાવી કર્ણ;
હું પુછું તમે ઉચરો, શાંન્ત પમાડો શર્ણ. ૨૧૮
પિયરમાં રો'છો પ્રેમદા, અક્કલથિ જાણ્યું આપ;
સાસરૂ તમ કયાં સુંદરી, કહો મન આણી માપ. ૨૧૯
છે તમ સરખો કે નહી, કે અદકો કે નુન્ય;
છે કો મિત્ર કે એકલો, સમજુ છે કે સુન્ય, ૨૨૦

ચોપાઈ.

એવું શુણતે બોલી નારય, કહે શાંમા પોતાનો સાર;
પોપટ તે હુંકારો દેય, સતી સગુણા વાંણી કેય. ૨૨૧

છપયછંદ.

શુક સુણો શુભ પેરય, ઘેર પીતાને રહીછું:
આવી (છું) ઉલટ ભેરય, મેહેર પણ માંહિ થઇછું;
ગમે નહીં ઘડીએક, અનેક ભવ પળમાં થાએ;
વપુ આંણું વિવેક, પણ ટેક સહુ ત્રુટી જાએ;
ક્યારે મળું જઇ કંથને, પંથ વેગળો (કેમ) પરવરૂ,

મદન સહીત મળસે મૂને, ત્યારે સોળ સુખે ધરૂ.૨૨૨
કેતાં પાંમુ લાજ, કાજ શું નામનું ત્હારે;
ઓપાવું સમશ્યા આજ, મ્હારા જસ ગાવા મ્હારે;
ઉભરાંણુંછે પેટ, બેટ જેમ ગંગાપૂરે;
માટે કહુછું સર્વ, ગર્વ સઉ મુકી દુરે;
મુજ જેવું સુખ શર્વને, હજયો હજયોરે શ્રીહરી.
રૂદ માંહાંય શુભ વસંત, ખશંત નહિ મળજો ફરી.

દોહરા.

નામ નહીં દેઉ તુજને, પતી તણું હું પ્રીત;
સમજાયતો સમજો ભલે, નહિં કે'વાનિ રીત.૨૨૪
સમજયોછું હું સુંદરી, પોપટ કે'છે પાર;
નાંમ જડયાં બે મીત્રનાં. સાર વસ્તુમાં સાર, ૨૨૫
સઘળું સુખ ન વર્ણવો, (તો) બ્રહ્મ હત્યાદિ શીશ;
આત્મ ૧સ્તુતીનો દોષ જે, નહિ બેસે તુજ મીશ.૨૨૬
ગુણવંતીછે (તું)ગોરડી, સંભળાવો વિસ્તાર;
સંક્ષેપે સંદેહ રહે, શોધવો માહારે સાર. ૨૨૭
જાણ્યું નામ (તુજ)સ્વાંમી તણું, મિત્રસહિ તે મેળ;
અથ ઇતિ કહો આદરી, ખરો અચત રસ ખેલ.

---

૧ પોતાનું સુખ, પોતાના ગુણ; પોતાનીઉત્કૃષ્ટતા, પ્રોતેજ પ્રકાશ કરે.

એકાંત છૈએ આપણે, વનિતા કહે સુણ વીર;
વિસ્તારી તુજને કહું, સાંભળ રહિને સ્થીર. ૨૨૯
ઊત્તર હિમાળય પંથમાં બ્રંહ્મ દેશ ભરપૂર;
નગ્ર એક ત્યાં નંદ ઘડ, જ્યાં નારાયણ નૂર. ૨૩૦
લક્ષપતિ અતી ત્યાં વસે, કોટિ પતિ સેંસાત;
શાહસ્ત્ર પતિતો સરવકો, શતપતી (ની) નહી વાત.
જાંણે વૈકુંઠ અવ નવું, ૧ અવની આવ્યું હોય;
કે કૈલાસ કોડામણું, જુગતે જાંણી જોય; ૨૩૨
વે'પાર કરે સૌ વાંણિયા, ગ્રહસ્થ કરે નહીં ગર્વ;
શોધ કરે અતિ અવ નવા, સુખીયા માંણિ સર્વ; ૨૩૩
દૃજાઓ બહુ ધરમની, સદા વ્રતની સાખ;
દેરાં શિવનાં દ્વાદશે, બ્રંહ્મ ભણે બહુ ભાખ; ૨૩૪
સસરા માહારા સૂર્ય ભટ, પરણી તેને ઘેર;
કંથ મલ્યો કોડાંમણો, મુજ ઊપર બહુ મે'ર; ૨૩૫
શોળ વરસ શોભે સદા, નવું નવ જોબન રૂપ;
પોશાગ પાંચથિ પરવરે, (તો) તુચ્છ ઈંદ્રાશન ભુપ; ૨૩
મોટા મોટા મોહિને, આવે પેઊની પાસ;
મુજ શાથે માયા ઘણી, મ્હારે પ્રિત્યમનિ આશ; ૨૩૭
પણ બુદ્ધી મુજ પાંહાંનીએ, આવી તજીને આંહ્ય;
દેહુ મારો અહીંયાં વશ્યો, પ્રાંણ તજ્ઞાંસે ત્યાંહ્યઃ ૨૩૮

કાંમદેવ કોડામણા, મિત્ર અમારા પ્રાણ;
સમ પ્રીતી બે જણ વીશે, જુવંતી કે તુ જાણ;૨૩૯

ચોપાઈ.

પોપટ પ્રશ્ન કરે તે ઘડી, સુણતાં રીસ અગ્નેખે ચડી;
સમ પ્રીતી કેમ શાંમા કહો, બેને એક લેખે કેમ લહો;
પરણી કર સ્વાંમીનો ગ્રહ્યો, તેતો સહુ સંશારે લહ્યો;
પણ પ્રીતી બીજાથી કેમ, કહો વાત બની હોય જેમ;૨૪૧

દોહરા.

સાંભળ શુક સોહાંમણા. કહુ વિસ્તારી વાત;
સમજુ થઇ સમજે નહીં, એતો કાંઇ ઉત્પાત. ૨૪૨
અંતર પ્રીતી અમ તણી, જેમ બે સ્વાંમિ હોય;
એમ નિત્યે હું આચરૂં, ડાહયા ન નિંદે કોય. ૨૪૩
બાળ સ્નેહી મુજ નાથના, દેહ જુદા એક પ્રાણ:
અંતઃકરણ મલ્યાં અતી, નાથે કર્યું નીરમાંણ.૨૪૪
સંકલ્પ કર્યો મુજ સ્વામિયે, કહેવિ પોતાનિ વાત;
જુદા ન પડવું એકે ઘડી; દીવસ બાધો કે રાત.૨૪૫
જેમ શુગંધ છે પુષ્પનો. રેછે પુષ્પજ માંહ્ય;
મિત્ર સહીત મુજ કંથ એ, તેમ વરોછે ત્યાંહ્ય; ૨૪૬
રૂપે રંગે ડાહાપણે, સરખા બે સમતુલ્ય;
ખાવું પીવું એકઠું, મનથી મોંઘે મુલ્ય; ૨૪૭

તન મન ધન એક એકને, અરપણ કીધું આપ;
શોભે એમ પરસ્પરે, જેમ પરિને ખાપ; ૨૪૮
રજે ખપે રાજી રહે, કુકુ કરે નહિ કર્મ,
કાંતા કનખ પર પેખતાં, ચુકે નહી કુળ ધર્મ ૨૪૯
સ્નાંન સંધ્યા સુખે કરે, ધરે હરીનુ ધ્યાંન;
શાસ્ત્ર કથા સોહાંમણી, સુણે કોડેથી કાંન; ૨૫૦
પર નિંદા નવ આચરે, ન કરે કોશું દ્વેશ;
સ્વજનને સુખ ઉપજે, એમ કરે ઊપદેશ; ૨૫૧
એહ પતિએ પીછવ્યું, આંણી મુજ પરભાત;
મુજને કહેરે માન્યની, જળ ભરી લોટો લાવ; ૨૫૨
મેં લાવી હાજર કરયો, માંજી સુંદર મેર;
ગંગોદક સીતળ ભરયું, માયું સવા શેર; ૨૫૩
લજ્જા કરી ઉભી રહી, મિત્ર બેઠાતા ત્યાંહ;
જેમ નેત્રનું વૃક્ષ રહે,, જુવો જઇ જળ માંહ્ય, ૨૫૪
શરમાઇ હું તો સાંમટી, વદને વદુ શાં વેંણ;
એટલે મ્હારા નાથજી, કાંઇક બોલ્યા કેણ; ૨૫૫
ભેદ રાખે મુજ મિત્રથી, તે શત્રૂ મુજ હોય;
તેપાતે સંદે નહીં, તરૂણી ખારૂ તોય; ૨૫૬
જો પ્રીતી મુજશું કરે, (તો) ચાંપ્ય ભાઇના ચર્ણ;
માંનો મુજ સરીખડો, કે' તે સાંભળ કર્ણ; ૨૫૭

વળતી ઉત્તર હું વદી, હૈડે રાખી ધીર;
સ્વાંમી જે તમે કહ્યું, તેહ ધરૂચ્છું શીર: ૨૫૮
તમને વાહાલા (તે) મુજને, તમ શત્રૂ તે મુજ;
તમથિ અધીક મ્હારે નથી, શા'સ્ત્ર સકળનો સુજ, ૨૫૯
મ્હારા પમશ્વર તમો, હુ દાશી તમ હેત;
જનમો જનમ જુવતી અમો, વપુ તણા એવેત; ૨૬૦
પ્રશ્ન કરૂછુ પ્રેમથી, હૈડે રાખી હામ;
રીસ ન કરશો રાયજી, અધિપતી આણે ઠામ; ૨૬૧

છપય છંદ

સ્વારથ તણા સંબંધ; ધંધ એમ સહુકો ધારે;
પડે નિત્રને દુ:ખ; સરસો ન જાએ ત્યારે;
ગર્થ તણા હોય અર્થ, કે સમર્થ જોઇ સાધે;
વગતુ પડે તે વ્યર્થ, પરથમ ભાઇ બંધી બાંધે,
શત્રુ આવે જ્યાં સાંમટા, મિત્રો જાારે મારવા;
ઉઘાડો (કોઇ) ઉઠે નહીં, આવે લગીરેક વારવા; ૨૬૨
અતર પ્રીતી હોય, મિત્રાઇતો તેનિ સાચી;
કુબુધ્યથી કરે કોય, તે તો કાચામાં કાચો;
શતરૂ ભયથી શર્ણ; મર્ણ માંથે લેઇ ઘુમે;
એવા લક્ષે એક, વીવેક ઝાજે જે ઝુમે;
પ્રમાંણ દોલને વીચારતે. ગુણે ગુગુ જ્યારે મક્ક;

મંગાસંકર કે સ્ત્રી ભણ્યે, દુધ સાકર ભેગાં ભળે; ૨૬

દોહરો

પતી કહે શુણ પ્રેમદા, હજી (તુજ) મન સંદેહ;
માહારે પ્રીતી લક્ષ વસા, તેં કહી તેવિ તેહ; ૨૬૪
જીવ એક દેહ જુજવા, તે મીથ્યા નવ થાય,
જેમ પાંણી કણકમાં, પડ્યું કદી નવ જાય; ૨૬૫
હવે એને કેમ હું તજુ, ભજુ નિત્ય ભાગી ભેદ;
જેમ ચંદન સુગંધછે, એવાં અંગ ઊંમેદ; ૨૬૬

છપય છંદ

વિષધર અતિ વિકરાળ; ડાળ વળગેછે જેને;
મારંગ ભયાંનક કાળ, થઇ ફેણ પડાવે તેને
ભમર પંખાળા-ભાત; પાંખડીએ ગણગણ ગરજે;
કાળા ડંમર ભરપુર, સુરયે નુરબહુ સરજે;
પણ ચંદનનો છોડવો, સુગંધને અળગો નવ કરે;
કંથ કહેછે સુણ કામ્યની, ભાંમ્યની ભરથાર(તુજ)કેમડરે
ભયાંનક શત્રૂ હોય; તો પણ તજુ નહી તનથી;
કામદેવની સેવ; મનોહર ઇચ્છુ મનથી;
મન દેણુ દ્રઢ; કઠ મુજ સર્વ કપાએ,
કરીએ એ (ભેગાં) ભોજન; ત્યારે સુખ શાતા થાએ
મન્નુની મીત્રાઇ માંનજે, જીવ ગએ જુદા જણુ;

સ્તુતી કરી ત્રીકમ તણી, સ્વર્ગમાં બે ભેગા થયું ૨૬૮

ચોપાઈ.

એવું મુજને કંથે કહ્યું, તેથી જ્ઞાન અધીકુ થયું
કાંમ દેવ ગુણી જન ઘણા, એકે વાતે નરાખે મણા;૨૬૯
ભણ્યા ગણ્યા ભારે ભરપુર, એ નરમાં નરહરીનું નુર;
નથી પરણ્યા એ બાળ કુંવાર; જાણે શાસ્ત્ર સકળનો સાર૨૭૦
સરખે સરખી કંન્યા મળે, તો સંબંધ ત્યાં સફળો ફળે;
કરી વીહવાને પરણે તેહ, રાખે તેથી ઝાઝો સ્નેહ; ૨૭૧
પ્રથમ નિશ્ચય કરશે ઘણો, લેશે પાર તે કંન્યા તણો;
કરે પછી પરણ્યાની પેર; કરી ઘરૃણી રાખે ઘેર; ૨૭૨

દોહરા.

પોપટ કે સગુણા શુણો, મારે એટલું કાંમ;
જો ગુણ એમાં દેખશુ; તોરતી દીજે (તે) ઠાંમ; ૨૭૩
વીખાંણુ કરોછો જેહનાં, તે દેખાડો દ્રષ્ટ,
પત્ર લખી આપો પ્રેમદા, તો તો કાપ્યાં કષ્ટ; ૨૭૪
હેત ઘણે હશી પડી, શુણ તે એહ વચંન;
હા લખી આપુછું કહી, વિચ્યાર કરેછે મંન, ૨૭૫

છપય છંદ

લખુ પેઊને પત્ર, એકત્રપણે જો આપે,
જાયજો સસરા હાથ, થાપે કદીજ ઉથાપે,

અન્ય કરજો જાય, (તો) થાય ફજેતી ફાંસુ;
ઉલટ સુલટ કદી હોય, પાછળથી વધુ વમાંસુ,
સખુજ ખરી પણ જુગતીએ, અતરકો જાંણે નહીં;
ગંગાશંકર કે હેતે સતી, હા હા હા હોડે કહી, ૨૭૬
દૃષ્ટેપણ (ના)ચાય, ક્રિયા જાંણ્યા વીણ કોથી,
લખે એ રીતે લેખ; પત્ર છોડીને પોથી;
છે બે જણ એકાંત; પ્રેમદા પોપટ પ્રીત્યે;
માત તાતને ભ્રાત; ઘરમાં પણ જુદી રીતે;
ગ્રહસ્થ તણી જે હવેલીઓ, ગુઝય થાય (ત્યાં)અતી ઘણી
તોય તરત કો જાંણે નહીં, ઘર તેવું હતું તેતણું, ૨૭૭

દોહરા

પાસે એક દાસી હતી; લીંપતી આપ અવાસ,
સગુણાએ તેડી તહાં, પોતા કેરી પાસ; ૨૭૮
કાંમ એક તેને સોંપીયું, લાવ્ય ખરસાંડી દુધ;
મંગાવી ભરી વાટકી, બહુ ચલાવી બુદ્ધ; ૨૭૯
પત્ર એક પોહોળો જોઇને, લેખણ સુધાં લીધ;
વળતી અક્ષર વીધ વીધે, કોડયે તેપર કીધ; ૨૮૦
પ્રેમદા કહે પોપટ સુણો, કહું તે સાંભળ કર્ણ;
લખી આપુ કાગળ અમો; મુકજે મુંજપતી સર્ણ,૨૮૧
કુમ કુમ ઝીણું વેરજયો, પત્ર ઉપર પરમાણુ,

સઘળે અક્ષર ચોટશે, કરજો કંથને જાંણ; ૨૮૨

છપય છંદ

તે વીણ નહી વંચાય; અક્ષર જે આંકયા મારા
લખ્યા (તે) નહીં લેવાય. પોપટ શુણ કહુ તે પ્યારા
અન્ય કરમાં જો જાય, તેથી પણ ના વંચાએ;
કોરૂ કંકુ દ માંહય; ત્યારે તે શોભીત થાઓ; ૨૮૪
એવુ કહી અક્ષર લખે, અક્કલ અપાર અતી આપવે
ગંગાશંકર કે ગુણ ઘણો, પછી લજ્જા શીલોપવે; ૨૮૫

રાગ ધોળ

સ્વસ્તશ્રી નંદઘડ સોહાંમણું, ઘણું રમણિક શોભેશ્રાંમ;
ત્યાં પરમ વીરાંમ, પતી પત્ર વાંચજો. ૨૮૬
પુજયારાધન ધ્યાંનછે તમ તણું, ક્ષણુ વિસરો નહિ
કોય ઠામ; મળવા અતી હાંમ, પતી પત્ર વાંચજો. ૨૮૭
સુખ ભોગવ્યું તે સ્વપ્ન થાય છે,
પ્રીછો પરમ પવીત્ર, ગતીછે વીચીત્ર. પતી પ. ૨૮૮
કાંમદેવ મળવા ચોતૂ ચાહ્ય છે;
જેહ આપણા અંતર મિત્રછે, પરમ પવિત્ર; પતી. ૨૮૯
ચરણાંનશ્રી ઇંદ્ર પ્રસ્થથી આચરૂં,
ખરૂં ધરૂં અંતર મહીં ધ્યાંન, પરૂ અભીમાંન;
પતી પત્ર ૨૯૦

અસી સગુણા (હું) કોહો તે કોડયે કરૂં;
દંડવત વાંચો આંણો વાંન,
કહુ તે ધરો કાંન. પતી પત્ર વાંચજો. ૨૯૧
લખવા કારણ માહારે છે એટલું;
તેતો તેટલુ કરજ્યો કબુલ,
મારૂં મોઘે મુલ. પતી પત્ર ૨૯૨
આપણ ઇચ્છતાંતાં જન જેટલું;
કહુ કેટલું નવ જાંણો ફુલ,
થશે નથી ભુલ, પતી પત્ર ૨૯૩
કાશી ગામનો વાશી આ કીરછે;
પોપટ પ્રેમદાની લાવ્યો ભાળ,
નામે રતી બાળ. પતી પત્ર ૨૯૪
કાંમદેવના કાંમની એ કાંમ્યની;
અતી મતી વીશાળ,
સતી વપુ વાહાલ; પતી પત્ર વાંચજો. ૨૯૫
સાચો મિત્ર છે શુક એ માહારો,
તેણે કહી મુને જે વાત,
કહું તે સાક્ષાત; પતી પત્ર. ૨૯૬
એની આસના વાસના હેતથી;
રાખી પરૂંણો એક બે રાત,

વળાવો પ્રભાત; પતી પત્ર. ૨૯૦

વોહીવા કરવા વિવેકીએ આવીયા,
ગુણ જોઇને કેશે ત્યાંહ્ય,
રતી બાઇ જાય; પતી પત્ર. ૨૯૮

પછી ગમતું કરજયો એહુ બુધ્યથી;
નિશ્ચય માંનો મન માંહ્ય,
હું સુખીછું જી આંહય. પતી પત્ર ૨૯૯

દોહરા.

પત્ર બિડયો તે પ્રેમદા, બાંધ્યો પોપટ(ની)કોટ,
શોભ્ય લીધી શાંમા તણી, વળતી દીધી દોટ. ૩૦૦

ઉડયે આપ આકાશમાં, ચતુર શુક ચોપાસ;
જેની બુદ્ધી જાગતી, તે ન પામે નાશ, ૩૦૧

પુરાણ પુન્યે પાંમીયો, વાંમી સઘળી વાત
નંદઘડ નીરખ્યું નેહથી, ચતુરપણે ચોપાટ, ૩૦૨

જેવું જુવતીએ કહ્યું, લહ્યુ તેવું તે કાર;
દીવસ દશ રસ્તે થયા, પછી પાંમ્યે તે પાર ૩૦૩

હાટ દુકાંન્યો દાદશા; જોતો જોતો જાય;
એહ લખ્યું લેલાટમાં; નિશ્ચે તેનો થાય. ૩૦૪

આવ્યો બ્રાહ્મણ જયાં વશે, ધમમસતો તે ધીર;
એકે શ્વાસે ઉડતો, શ્રમ કરતો શરીર; ૩૦૫

નગર સર્વે ત્યાં નિરખી, અન જળ પાંમ્યો આહાર;
ઓલખ્યું ઘર અક્કલ થકી, પીછયો નિશાંનિ પાર.
બે જણને ત્યાં નીરખ્યા, સરખે સરખા સૂર,
શુદ્ધ બુધ્ય સઘળિ ભુલીયો, જોતાં તે નર(નું)નૂર; ૩૦૦
ગુણે ગુણ મળી રહ્યા, તે કહયા નવ જાય;
પોપટ પોતે હરખીયો, આનંદ અદકો થાય. ૩૦૮
જોઇ છબી બે વીરની, નીરખિ નિશાંની નેક;
એવા કોઇ દીઠા નથી; સુંદીર શોભા છેક, ૩૦૯

માલિની છંદ.

ઝબક ઝબક કાંતી, કાંમની ત્યાંય ભાસે;
વળિ વદન દિસેછે, ચંદ્ર જાંણે પ્રકાશે;
સરસ સરસ પોતે, આપ રૂડાજ થાયે,
કલંક નવ દિસે ત્યાં, કાંમના દેહ માંએ. ૩૧૦
અતિશયે વળિ તેનો, મિત્ર સારોજ શોભે;
જરૂર જુવતિ જુવે, ચિત્ત તેનાંજ લોભે;
વશિકરણ કરાવે. નારિયો તેય દેખી;
ઘણિ ઘણિજ ફરેછે, પાળવા તેજ પેખી;. ૩૧૧

દોહરો

વસંત કાંમના જોડવાં, દેહ જુદા એક પ્રાંણ;
સ્રિયો નીરખે તેહને, (તો) વાગે મોહનાં બાણ, ૩૧૨

ભલે ભલે ભાખી મુખે, શુક એહો સનમૂખ;
દુખો એના દહને; વાંચ્યો સઘળું દૂખ. ૩૧૩
શોક નહીં શરીરમાં, ચિંતા ન કરે ચિત્ત;
હરનીશા આનંદમાં, નિર્ગમેછે નિત્ય. ૩૧૪
રળે ખપે રાજી રહે, ખાય પિએ બહુ પેર;
દુર વ્યસન નવ આચરે; મોટી પ્રભુની મેર; ૩૧૫
દશાત કોનિ નવ ધરે, કરે ન કુડાં કાજ;
જેને મ્હારો થાપિયો; તેને ન કરે તાજ્ય; ૩૧૬
ગુણ જોયા ઘણી વરાં, ભાગ્યો છે સંદેહ,
કાલુ કાલુ બોલીયો, તનથી પોપટ તેહ, ૩૧૭
આજ કૃપા પરમેશ્વરે, કરિ મુજપર કે' કીર,
સફળ થયું મળીયા તમો કાંમ વસંત એ વીર; ૩૧૮
સુર્ય શોભે સોના સમા, વાયુ રૂડા વાય;
આ અવસર ભલે આવિયો, ગઈ મ્હારી ચિંતાય;૩૧૯
પત્ર વાંચો આ પ્રેમથી, બાંધ્યો જે મુજ કોટ્ય;
જુગદીશે જશ આપીયો, ખરે રહી નહી ખોટ્ય;૩૨૦

છપયછંદ.

કહે વસંત શુણ વીર, કીર કાગળ એ કેનો,
રમણીક શોભે શબ્દ, શુક સારો તુજ મ્હોનો;
ક્યાંથી આવ્યો અત્ર, પત્ર જે રૂડો લાવ્યો;

તુને પાલ્યો જે જંન, મંન મ્હારે તે ભાવ્યો;
ધન્યધન્ય એની સુજને, તુજને ભાશા શીખવી;
બોલે બોલ રળીઆંમાણા, નૌતમ જે વાતો નવી. ૩૨૧

દોહરા

એવું કહી કાગળ ગ્રહ્યો, વાંચે ઊકેલી જેમ;
અક્ષરતો દીઠા નહીં, તનમાં સમજયો તેમ. ૩૨૨

શોરઠો

કર્યું કુમ કુમનુ કૃત્ય; પોપટે તે શીખવ્યું;
સ્નેહ સંબંધી સત્ય, વંચાંણું બે વીરથી, ૩૨૩

દોહરા

હર્ષ તણાં આંસું પડયાં, નથી ગમતું ત્યાં નારય;
તેડાવીશું ત્યાં થકે, અબળા આંણે ઠાર. ૩૫૪
છાતી સરશો દાબીયો, પત્ર આંણીને પ્રીત;
એવું ત્યાંતો નિપન્યું સ્નેહ શંબંધી રીત, ૩૨૫
પોપટ કે સત્યવંત સુણો, સ્ત્રી વશ છોકે શુંય;
કેમ આંસું પડયાં આંખ્યથી, તે પુછુંછું હુંય;
ના ભાઇ એમ ન ધારશો, પ્રીતી તણો નહીં પાર;
પુરણ પુન્ય કરયાં હશે, તે ઘેર એવી નારય. ૩૨૭
કહ્યું કરે કોટી વરાં, *અન્ય ન ઇચ્છે આપ;

---

* બીજો પુરૂશ,

ગુણે ભરી છે ગોરડી, તેથી તજ્યો સહુ તાપ ૩૨૮
સામું કદી બોલે નહીં, રાંક થકી પણ રાંક;
નમ્ર થઇ નમી પડે, જો કાંઇ હોયે વાંક, ૩૨૯
અવળો ઊત્તર આપે નહીં, થાપે અમારા બોલ:
કો દીન રહે નહીં શોકમાં; તેવું તરૂણી(નું)તોલ.૩૩૦
છળ ભેદ કરે નહિ અમપરે, કેઇ પ્રકારે કે'ણ;
પર સાથે પ્રીતી નહીં, વદ વિચ્યારી વેણ. ૩૩૧
જુઠ જરી નવ ઉચરે, જીવ ગમેતો જાય;
દખિ અમને બે મિત્રને, રાંમા રાજી થાય, ૩૦૨
દુઃખ દખી મનમાં બળે, કળે અમારાં મંન;
જાંણી પ્રભુ મુજ બેયને, સોપ્યું તન મન ધન.૩૩૩
કાંમ સકળ ઘરનું કરે, સરવ કહે સાબાશ;
માટે પ્રીતી અમ તણી, પ્રેમદા કેરી પાસ. ૩૩૪
રૂપે રગે ડાહ્યાપણે, સહુ વાતે સમર્થ;
જે કાંઇ આજ્ઞા કીજીએ, તે નવ જાયે વ્યર્થ. ૩૩૫
શુક કહે સાબાશછે, સગુણા તારૂ નાંમ!
અર્થ સાર્યો તેં માહરો, કોડચે દખાડયો કાંમ.૩૩૬

ચોપાઈ

વસંત કહે પોપટ સુણ વાત, મુખે તને કહુંછુ સાક્ષાત;
કાકો ગામથી આવ્યા તમો, વાંચી પત્રને જાણ્યું અમો.

રતી તણા વી'વા કારણે, પક્ષી રાજ આવ્યા બારણે;
કો'એ તનયાછે કુણ તણી, છે મુરખ કે વિદ્યા ભણી.
રૂપવંતી કે છે કુરૂપ, છે બ્રાહ્મણ જાતી કે ભુપ;
એના ઊત્તર મુજને કરો, પછી શુણી પ્રીત્યે પરવરો.
જો જુઠું જીભ્યાએ જપો, ખરે મુઢ જાતીમાં ખપો;
બ્રહ્મહત્યા સ્ત્રીહત્યા તુને, જો તું છેતરી જાએ મુને ૩૪૦

દોહરા.

પોપટ કહે પંડિત શુણો, પુછોછો જે પેર;
જો જુઠી જપીએ અમો, (તો) ઊપજે ઝાઝું ઝેર.
બ્રહ્મહત્યા ભેદ ઘણી, સ્ત્રીહત્યા શીર હોય;
ચંદ્ર સુરજ બે સાખિયા, ઇશ્વર સઘળું જોય. ૩૪૨
માટે મન ધીરજ ધરો, સુણો નીરાંતે સુત્ર;
કાશી રાજાને નથી, પેટ પ્રતાપીક પુત્ર. ૩૪૩
એક દિન મૃગયા કારણે, ગયા ગ્રહિકર બાંણ;
ત્યાંથી રતી ઘેર લાવિયા, પુરાણ કહૂ પરમાંણ. ૩૪૪
વિશ્વામિત્રના તપ થકી, ઊપની છે એ નારય;
રૂપ કહ્યું જાયે નહી, જાણે સહુ સંસાર. ૨૪૫
કરતા તો નાશી ગયા દેખીં રંભાનુ રૂપ;
જાર ચોળી છાંની રહી, વળતો દીઠો ભૂપ. ૩૪૬
પછી તેહો ઘેર લાવીયો, ધરમની પુત્રિ કીધ;

સો સૂત સરખિ મન ગણી, ભણી ગણું વિધવીધ.
અકલવંતિછે અભેકી, સગુણથી શુભ પેર;
ભાગ્ય લખિ હોય ભામ્યની, પરણે તેને ઘે'ર. ૩૪૮
થેડામાં ઘણું કહુ, દખે દ્રષ્ટે કોય;
ઘાવ પડે ઘટમાં વડો, ઓસડ તેનું ન હોય.
એક સમે એ અધીપતી, તેડી પોતાની પાસ;
પ્રિત્યે તેને પૌછ્યું, અદકી આપીં આશ. ૩૪૯
સ્વયંવર રચશું શોભતો, આજ થકી નવ માસ;
આવશે મ્હોટા મહિપતી, આપણને અવાસ. ૩૫૧
પછી તું સારો પરખજે, ડા'પણ ગુણને રૂપ;
વરમાળા આરોપજે, ભારે જાંણી ભૂપ. ૩૫૨
હાહા કહીને અરભકી, આવીપોતાને ઠાંમ;
પ્રસ્તાવો કરતી હતી, મનમાં સમત્તિ રાંમ. ૩૫૩
અરે પરભુ કેવો મળે, મુજને ભવ ભરથાર;
ચતુર શિરોમણ જો હશે, તોતો સફળ અવતાર.૩૫૪
મુઢ હશે જો સરવ જન, પછી થાશે શીં પેર;
સુખે દુઃખે જવું પડે, ગુણહિંણને ઘે'ર. ૩૫૫
કપટ કે' તે મેં શુણ્યું, છાંની રાખો બાળ;
સાધું સ્વાંમી હું સુદરો, ફાંસુ ધરે શિદ ફાળ.૩૫૬
તુજ સરખો તુજ જેવડો, વર એક વિધા વંત

કોડયે કામ્યની તુજને, તેહુ પમાડું કંથ. ૩૫૭
ગુગુ ઓશિકગ લક્ષ વસા, થોડા દીનમાં થાઉ;
પરવાસ કરૂં હું પ્રેમથી, દેશ પરદેશો જાઉ. ૩૫૮
એવું કહીને નીકળ્યો, ફરતો આવ્યો યાંહ્ય;
કાંમ દેવ કૃપા કરો, વધામાણી દેઉ ત્યાંહ્ય. ૩૫૯
સ્વયંવરમાં જિ આવજો. જરૂર જરૂર મા'રાજ;
વિડિવા કરૂં છું પિમ હું, અતી હર્ષિત થઇ આજ ૩૬૦
કોઇ થકી ડરશો નહીં, કરજયોજી શુભ કાંમ;
પત્ર પહોચ્યાથિ આવજો, જયાં છે કાશી ગાંમ. ૩૬૧
એવું શુણી હરખ્યા સહુ, વચન પરસ્પર લીધ;
કોડયે કુમ કુમ વેરિયાં, કણસાર ઘરમાં કીધ, ૩૬૨
વસંત કહે વીરા શુણો, કરજયો જાતનું જત્ન,
કહેજો સુણરે કામ્યની, રાંમા પામી રત્ન- ૩૬૩
પોપટજી હવે પરવરો, કરો કાંમ્યનીને જાંણ;
દખો એવું (જો)ન૦ય કહો, તો ઇશ્વરની આંણ.૩૬૪
વળી કહેજો એક મુખથી. સંદેસો કહુ કે'ણ;
મનમાં જો હોય ઓરતો, તો વદજે કાંઇ વેણ. ૩૬૫
પત્ર લખજે તું પ્રેમથી, નેક ન રાખીશ નુન્ય
અતુરા ચીંતા કાં કરે, પુર્વે કર્યું તેં પુન્ય. ૩૬૬
એકાદ પ્રશ્ન લખું અમો, વાંચી સુણજે વર્ણ

ઉત્તર તેનો આપજે, જો હોય તુજ સર્ત. ૩૬૬
ફીસ રાખ્યા કરીરામાં, જો મન નાવે મર્મ
બળ ઓછું બુધ્ધિ તણું; તો શિદ ધરવી શર્મ. ૩૬૭
એમ દીલમાં ના આણશો, જેથિ થાય અપજશ.
નાહાંના મ્હોટા નર સહુ, વનીતા બુધ્ધી વશ ૩૬૮
કામદેવે લેખણ ગ્રહી, કાગળ લખવા કાજ;
ગર્વ ગર્વિ બીજા તણા, તનથી થાયે તાજ. ૩૬૯
અક્ષર પંક્તિ ઓપવે, મોતી સરખા મેળ;
જુઓ હવે જીભ્યા થકી, ખરો રચેછે ખેલ. ૩૭૦

છપય છંદ

સ્વર્ગ સમું શું સૂખ, નીરાંતે કોણ સુવેછે;
જાગતો જન તે કોણ, અહુરનીશ કોણ રૂવેછે;
દરિદ્ર પુરૂષ તે કોણ, સૂખી નર કોને કે'વો;
જીવન મૃત જન જેહ, તે લક્ષે કેમ લેહવો;
વસ્તુ એકની એકછે, જીત્યાવિણ શત્રૂ શમી;
શંગારશંકર કે કામ નર, લખ્યું નારય લખજે નમી ૩૭૧
મ્હોટા રોગ તે કોણ, ઔશધ તેને શું કરવું;
આભુશણ શું અંગ, ધોરજથી દેહે ધરવું;
મ્હોટું તિર્થ તે કોણ, જવરથી જવર કહીને;
જશ્વ ચતુરનર કોણ, સુરાથી સુર (કોણ) લહિજે;

(વળી)ઢોર સરખો કાગુ ધારિએ, નારી કહે નિશ્ચે કરી
જો અક્કલ નવ ઊકલે, તો એ મેં તુજને વરી; ૩૭૨

ચોપાઈ.

પોપટને બંધાવ્યો પત્ર; જાવ તમે તે ઠાંમે તત્ર;
શીખ દઈ વળાવ્યો વીર, કોડચે પંથ પળાયો કીર; ૩૭૩
હર્ષ ભેરય ગુણવંતો ગયો. તે શાંમાને શર્ણે થયો;
રીઝીનારી રૂડો પેર, મનમાં અદકિ આંણી મ્હેર, ૩૭૪
કે' કાંમ્યની કુશળ છો કીર, ભલે પધારયા મ્હારા વીર:
થયો દુબળો લાગી વાટ્ય, કીધી મહેનત મ્હારે માટ્ય,૩૭૫
કેમ કાજ થાયું કે નહીં, એવી તેણે વાંણી કહી;
શાંમા કે સાંભળને કીર, સાચુ બોલજે રાખિ ધીર; ૩૭૬

દોહરા.

શુક બોલ્યો સનમુખ થઈ, ફેનેનાં નીશાંન;
જસવંતી જુવંતી તુને; મળીયુ રૂડુ સ્થાંન; ૩૭૭
જેવું નિપજ્યું તે કહયું, વીસતારિ સહુ વાત,
તેહ સમે શાંમા તણું; તન બદલાયુ તત્ર; ૩૭૮
રૂપે થઇ રૂડી રતી, સુણ્યું કાંમનુ નાંમ;
જયાં કાગળ કરમાં ગયો, વાંચ્યો તેણે ઠાંમ; ૩૭૯
કાગળ વાંચ્યો કાંમ્યની. વિહ્વળ થઇ તે વાર.
પરભુ મુને પરણાવજો, આ ભવ એ ભરથાર; ૩૮૦

આહ! અક્ષર શા લખ્યા, વાગે રૂદેમાં બાંણ,
જો નર એવો ના મળે, તો જાએ મુજ પ્રાંણ. ૩૮૧
પોપટ કહે શુણ પ્રેમદા ઘહેલાં કહાડે ઘાર;
પરણાવું તુને (એ) પતી, આજુ મુજમાં જોર; ૩૮૨
એવું સુણતે અતિઘણી, રાંમા રીઝી મંન,
બહુ સુખ પાંમી બાળકી; વાધ્યું તેનું તંન, ૩૮૩

છપય છંદ

માંન્યતિ થઇ મદવંત, અનંત અતીશે હરખી,
પત્ર તણી અતી પ્રીત, અક્ષર તે નરના નરખી;
સરખી મળો જે જોડય, ખોડય નહી એકે તેમાં;
હે હરીતું સહાય, દુખ ન રહે કાંઇ [1]દ'માં;
ભોગવજો મુજને મન ગમ્યો, આ ભવ એ મુજને પતી,
ગંગાશંકર કહે તે સતી, વદી એ રીતે રૂડી રતી, ૩૮૪

ચોપાઈ

હર્ષ થકી દીન ઝાઝા ગયા, માસ ત્રણ લગનના રહયા,
પુર પતીએ વિચ્યારી પેર, તેડી કુંવરી પોતાને ઘેર; ૩૮૫
પરધાન સગાં સહોદર સહુ; મેળવ્યા બીજા માનવ બહુ;
રાજ કુંવરોને લખીયે પત્ર, તેથી સર્વે આવે અત્ર, ૩૮૬
મંડપ મહેલ સહુ શોભીત થયું, હવે બાકી લેશ નવ રહ્યું

---

૧ હૃદમાં

કૃગવંતા રવિવંશી ભુપ. તેડો કુંવરજે શુભ સ્વરૂપ, ૩૮૭
બીજા કોઈને કહેવું નહીં, આજ્ઞા એવિ રાજાની થઈ;
અધમ જાતનું અહીં નહીં કાંમ. લખી પત્રીકા ઠામો ઠામં

દોહરો

રતી આવી પાછી ફરી જ્યાં પોતાનો વાસ;
પોપટને કહે પ્રેમદા, હવે ન પાંમવો ત્રાસ; ૩૮૯
અક્ષર લખુ મુજ હાથથી, પુરૂ પ્રભન પરમાંણ;
કરૂજ કાંમ વસંતને, જુગતે સઘળું જાંણ. ૩૯૦
બિહુવુ તે તો નવ બને, શિથિળ, થયે શો સાર;
મારે મંન મેં માંનીયો, કાંમ, તે, રાજ્ય કુમાર;૩૯૧

છપયછંદ.

બીજા નિંચ એ ઊંચ, ચુકુ કેમ અવસર આ ચો;
ચંદ્રબિંબાનું ચીત, ચકોર જે પક્ષી કાચો;
ચમક પકડે જેમ [1]લોહ, મોહ મુજને તેમ લાગ્યો;
લખ્યો ઠાંપાણનો લખ, મેખપરખો વપુ વાગ્યો;
ઘાવ ઘટતો પેટે પડયો. રૂઝાશે તે તાહનરે;
કાંમનો કર ફરશે [2]વપુ, ઝાઝા હેતથી જાહુપરે; ૩૯૨
એ ત્યાંને હું આંય, અત્યારે અળગાં છૈયે;
આંણુજો ઇશ્વર યોગ, ભરતારના ભેગાં થૈયે;

૧, લોહોકુ; ૨ સરીરે

ભોગવીએ શુભ ભોગ, રોગ સજોગથી રૂઝે;
કરવું કઠીણુ છે કાજ, રણમાં જેમ સુરા ઝુજે,
માટે હીંમત તું રાખજે, પોપટ શુણ કે' પ્રેમદા,
બેશી રહયાથી બળી ઘટે, મટે નહીં કુકુ કદા; ૩૯૩
ઉધ્યમથી સઊ હોય; લક્ષમિ લીલા ઘરવાડી;
વિના ઊધ્યમ નહી કોય, ન આપે જસ અનાડી;
પુત્ર પુત્રાદિક સર્વ, ઉધ્યમથી સૂખ તે થાયે;
બેશી રહે નિશદીન; ટુંકારા સહુના ખાયે;
બાપનો પૈશો બહુ હવો, તોય (પણ) તેણ શું થયું;
બેઠા બેઠા જે ભોગવે, તેમાં શું દૌત રહ્યું ૩૯૪
કોઇ કહેશે એમ, જેણે મુખ દાંત આપ્યાછે;
આપે ચાવણું તેહ, પરભુ [1]કાણ કર્મ થાપ્યા છે'
તે ઓછા નહી થાય, લેલાટેજેહ લખાણું;
પણ તે સઘળું શુન્ય, શવાંન સુખ સમુ વખાંણુ;
ગંગાશંકર કહે અશ્રીવદી, કદી પોપટ ભુલેમાં;
પત્ર પોચાડો માહયરો, તમે વિ'વા કરેલમાં, ૩૯૫

દોહરો

પોપટ કહે સુણ પ્રેમદા, એમાં શો સંદેહ;
મુજને ભાર પડે નહી, તારે મ્હારે નેહ; ૩૯૬

---

1 દાંણા

આપુ પત્ર એકાંત જઇ, તેડી લાવું તર્ત.
રસ્તો સહુ મેં નીરખ્યો, રહ્યોછે મ્હારીશતં; ૩૯૭
સ્વસ્તશ્રી નંદઘડનગર, પુરાણ પર્મ પવીત્ર;
મારાં સહીત એક મંદીરે, વસો વાલણે મિત્ર; ૩૯૮
સુંદર શોભા તમ તણી, તે વરણી નવ જાય;
ગુણ તમારા શા ગ્રહું, મુખથી ના કે વાય; ૩૯૯
કાગળ કાશી પુરથી, લખીતંગ પત્ર પ્રમાણ.
આશિર્વાદ રતિ તણા, હજ્યો કોડ કલ્યાણ, ૪૦૦
તમે લખી જે મોકલ્યો, પોપટ જોડે પત્ર;
તે પહોચ્યોછે મુજને. એકાંત સ્થળમાં અત્ર. ૪૦૧
સમાચાર સહુ જાંણીઆ સગરાના જે સાર;
પ્રતી ઊત્તર તે મોકલો વધુ ખાંણો વીચાર ૪૦૨
ડાંપણ નથી મુજ દહમાં. ઘેહેલા બોલું બોલ.
તનગો હસજો ત્રાવીધે. કરજ્યો મારૂ તોલ. ૪૦૩
માંથે છત્ર સ્વાંમિ તમો, કૃપા કરીને આવ.
સગરણ કરો શ્રી હરી, એવું ચિતમાં ચાવ, ૪૦૪
વળી આપના મિત્રજે. રૂડું નાંગ વસંત,
તે હમારા મંન થકી. કદી નહીં ખસંત; ૪૦૫
વળી લખુછું એટલું. ખુશી રેજયો ત્યાંય
ચૈત્ર સુદની પુનમે. વે'લા આવો આંય; ૪૦૬

છપય છં દ

ત્રશ્ના કરે જે ત્યાગ. સ્વર્ગ પદ પાંમ્યો જાંણુ
ચિંતા નહી તન જેહ, પ્રીતે પો'ડયો પરમાંણુ,
જાગતો જન તે એહ, વીવેક ખોટુ ખરૂ વર્ણ.
ભુખ્યો રૂવે નીશદીન જાય દાતાને શર્ણે;
ત્રશ્ના વીશેશ દરિદ્રને, સુખી સંપ સહુ લોકમાં
જીવન મૃત તે જાંણવો, નીરૂદ્યગી નિત્ય શોકમાં ૪૦૭
વસ્તુ એકની એક. ઇંદ્રીઓ શત્રુ ઓપે
જીતે તો નહીં જોર લાજ કો દી નવ લોપે
મો'ટુ દુઃખ તે ભુખ. ઓષડ અન્ન તેને કરવું,
આભુશણ રૂડુ અંગ, સ્વભાવ રૂપી સૌ ધરવું;
મો'ટુ તેથી શુદ્ધ મંન, જવરથી જવર ચિંત્તા ચડે,
મન જીત્યે જીત્યું કે' જગત, એમાં ફેર કાંઇ નવ પડે;
શુરાતે કે'વાય, ઇંદ્રીઓ જીતે આપે; ૪૦૮
ઢોર સરીખો તેહ, વિદ્યામાં કાંઇ નવ વ્યાપે;
અક્કલ એટલી અંગ, સ્વાંમી સાચી કે ખોટી;
થાશે તમ સંજોગ, થૈસ મો'ટામાં મો'ટી
પ્રેમ સહીત પાલવ ગ્રહયો, મન શાથે મેંતમ તણે;
વાંચી પત્ર વિવેકનો, ઘટમાં સ્નેહ ગણજો ઘણો; ૪૦૯

દોહરો

આ ઉતર તમ પત્રનો, વાંચી આણજો વ્હાલ;
નામ શુણ્યુંછે તમ તણુ, થઇછુ ત્યારની ન્યાળ; ૪૧૦
લખવાકારણ એટલું, તેટલુ કરજો કામ;
જણવુંછું જુગતે કરી, અધિક લખિ આ ઠામ.૪૧૧
પીતા સ્વયંવર માંડ્યો, રચવા મહુરત લીધ;
ચૈતર સુદી પુનમે, પ્રમાણ કોડે કીધ. ૪૧૨
તેડયા સહુ વસુધા પતી, લખીઆ પોળા પત્ર;
ચૈતરિ પુનમે આવશે, સકળ અધીપતિ અત્ર. ૪૧૩
તમો પણ આપે આવજો, જરૂર પણે એ મિત્ર;
તમ વીણ સુનું સર્વથા. છોજી પરમ પવીત્ર. ૪૧૪
અધિપતિ મ્હારે મન તમો, બીજુ સઘળું વ્યર્થ,
તમ આવ્યે અતી માહ્યરા, સરસે અધીકા અર્થ ૪૧૫
રાત દીવસ ઝંખુ ઘણી, મનમાં મળવા મેળ;
ચરણ કમળ ચિત ચોટિયું, ખરે હલ એ ખેલ; ૪૧૬
આયુધ ધરીને આવજો, સુરા તણા શણગાર,
કાથી મન બિહિશો નહીં, લેશ તમે લગાર. ૪૧૭

છપય છંદ

કાયર થયે કેમ થાય, ધાર્યું તે ધુળ મળેછે;
ઉદ્યમ કરયે સહુ હોય, મનોરથ સફળ ફળેછે;

માટે ન ધરશો બીક, સુરાપાણ સર્વે સજજો;
લાવજયો સાથ વસંત, ભાવે કાશિપુર ભજજો,
તમે આવ્યે તન માયરૂં, સાચે અંગ શોભિત થશે;
અબીક પ્રફુલીત હરખથી, દુઃખ સરવ દુરે જશે ૪૧૮
તમે મ્હારા છો પ્રાંણ, બીજું નથિ મુને વ્હાલું;
ઘણા રચીને ઘાટ, હાંમ મળવાની ઘાલું
પાંમી અસ્ત્રિ અવતાર, રૂપ જોબન મદમાતો;
જાણે સહુ સંસાર, તોલ મ્હારો જે તાતો;
મળવા તમને હું ચાહુછું, ન મળે જીવ જોખમ થશે;
હું અહીંને તમે ત્યાં વસ્યા, દીલમાં શું ધારયું હશે.૪૧૯

દોહરો

માટે મન વિચ્યારિને, કરજયો અત્ર પ્રવેશ;
દહેશત દલ ન ધારશો લક્ષાગુવંતા લેશ. ૪૨૦
મનમાં એમ ન આંણશો, જે ત્યાં કેમ જવાય;
ભુપતીની સભા વિશે, ભુપત કેમ થવાય. ૪૨૧
બ્રાહ્મણથિ ભુપત ઘટે, તોલ કરતાં તંત્ર;
આયુધ જે અગ્નિપતિ તણાં, તેથી મ્હોટા મંત્ર. ૪૨૨
થોડું લખ્યું ઘણું કરી, વાંચી જોજો પ્રત;
શુણતાં સજજો બે જણા, ત્રાવીધ તનથિ તત્ર; ૪૨૩
અબળાને તમ આશરો, એકજછે આધાર;

આશા સ્વાંમિ તમ તણી, કહુ શું વારંવાર. ૪૨૪
મુજ સરખી તો લક્ષધા. મારે મન તમ એક;
પ્રેમ કરી હૈયે ધરી, રાખો મ્હારો ટેક. ૪૨૫
કુમ કુમ છાંટી છાંટણું, બિડિ કંકોતરિ તેહ;
બાંધી કોટે કીરને, જેનો સાચો સ્નેહ. ૪૨૬
જા ભાઈ તું ઉતાવળો કરકરચ મારૂં કાજ;
મુને ભરૂંસો તાહ્યરો, જો રાખે મુજ લાજ. ૪૨૭
રક્ષા કરજ્યો તાહ્યરી, શ્રી શીતા પતિ રાંમ;
વેગે જા ઊતાવળો હઇડે રાખી હાંમ. ૪૨૮
મુખથી ભાશણ માહ્યરૂં, કરજે ત્યાં જૈ કેંણ;
કહુ તે કેજે ત્યાં જઇ, વદજે વદને વેણ. ૪૨૯

છપયછંદ.

દ્રુપદ રાજાને ઘેર, અરજુને પ્રાક્રમ કીધાં;
કર્યો જળ (માં) મછ વેધ, દ્રુપદી પરણીને લીધાં;
જનક ઘેર શ્રીરામ, ધનુશ ચડાવ્યું ભારી;
થયું જગ્તમાં જાંણ, પરણ્યા શિતા સતિ નારી;
તેમ કહેજે જૈ કાંમને, રતી રામાનો કર ગ્રહો;
જુવો જઇને શું થાયછે, લક્ષાણવંત લેખે લહો. ૪૩૦

ચોપાઈ.

એવું કહી વળાવ્યો વીર, કોડે પંથ પળાયો કીર;

દીઠે મારગ ચાલ્યો જાય; ત્યાંતો એક તમાસો થાય. ૪૩૧
શીચાણોઆકાશે ભમે, પોપટ જાતને અદકુ દમે;
અલ્પ સરખી મારી ચોટ, ઝડપ કીરની ઝાલી કોટ. ૪૩૨
પેલો પત્ર પડયો વાટયમાં, પોહોલી પથરનિ છાટમાં;
ફુલી વાડી ત્યાં માલણ તણી, તે ઠાંમે શોભા છે ઘણી;
આવ્ય જાવ્ય લે કોની નહીં, તે માટે કંકોતરી રહી;
તે રાજાની વાડી હતી, માલણ ત્યાં આગળ થઇ છતી. ૪૩૪

દોહરો

લાગ ફાવ્યો લક્ષણ થકે, મારી પોપટ્યે ચાંચ;
શીચાણાથી છુટીયો, અધીક કરીને આંચ. ૪૩૫
વાગ્યું દેહમાં દુષ્ટને, માટે મૂકી દીધ;
પોપટ ઊડયો ત્યાં થકી, મુકાંમ છાંનુ કીધ. ૪૩૬
વૃક્ષ હતુ એક વડ તણું. ગુફા સરખું ઘોર;
લપાયો લક્ષણ થકે, જેમ ઘાયેલો ચોર. ૪૩૭
વગર લેવા દેવા વપુ, અતી સંકટ શરીર;
પાંમ્યો તે પોપટ ઘણું, કોડબુદ્ધિ પતિકીર. ૪૩૮
એહ વાત રહી એટલે, (પણ) કાગળનુ શું થાય.
ફુલ લેવા માલણ ગઇ, તેના કરમાં જાય. ૪૩૯
વાંચ્યો એહ વિવેકથી, જોયા અક્ષર જેમ;
નામ શુણ્યુ રતી તણું, ચમકી તનેમાં તેમ. ૪૪૦

વાંચી સમજી વારતા, વિચાર કરે તેવાર;
જોએ બાઇ આવે અહીં પાંમુ દ્રવ્ય અપાર. ૪૪૧
નગ્રી એ કાંમાવતી, કામસેન ત્યાં ભૂપ;
નીચ ને નહી હોય નોતરૂં, કુડો અતી કુરૂપ. ૪૪૨
નરપતીમાં એ નીચ છે, ઊંચી એ કંન્યાય;
પૈસો અતીશે પાંમીયે, જો કરૂં અન્યાય. ૪૪૩
પંથી થકે પડી ગયો, તે આવ્યો મુજ હાથ;
જઇને આપું એહુને, કોણ લડે મુજ સાથ. ૪૪૪
કામસેન જો પરણશે, રતી રંભાને રાય;
વળતી ધાર્યું આપણું, સ્થીરપણેથિ થાય. ૪૪૫
કરૂં દલાલી તેહુની, ભોગવાવુ બહુ ભુપ;
એવું ચાહાયતે ચોરટી, માલણ સ્વેત સ્વરૂપ. ૪૪૬

ચોપાઈ

સ્વેત સ્વરૂપ માલણનુ નામ, આવી કાંમા વતિને ઠામ;
કામ દેવતો રણમાં રહ્યા. સમાચાર રોહોલ્લાને ગયા.૪૪૭

સોરઠો

ઠસ્સો કરતી ઠેઠ; બણી ઠણી તે માલણી;
પોહોચિ મ્હોલા હેઠ, રમઝમ રાજા મંદિરે. ૪૪૮

દોહરા.

ઓળ મટોળ ગાલે કર્યું. ટપકું જે જંગાલ,

જાણે છુંદલું છુંદણું, કર્યું કંકુ કપાળ. ૪૪૯
દીસંતી દેવાંગના, છાબ ધરિ કર માંહ્ય;
હરખ ભેર આવી મળી, રાજા બેઠા ત્યાંય. ૪૫૦
હળવે રહી વાંણી વદી; ઘુંઘટ તાંણિ ઘોર;
પત્ર સમર્પ્યો પાપણી, ચંડાલણ ચિત ચોર. ૪૫૧
કાંમસેન્ય રાજા કહે, કાંમ્યની તું છે કોણ;
કાગળ લાવી કો તણો, આવી ક્યાંથિ ઓણ. ૪૫૨
કે' માલણ સુણો મહિપતી, અતિ મતિ છે આપ;
હું તો તમારી માલણી, મોહોટુ મુજ ઘર બાપ, ૪૫૩
સ્વાંમી પુષ્પ તમ મંદિરે, લાવેછે નીશ દીશ;
હું અહીઆં આવું નહીં, ઘણુ કાંમ મુજ શીશ. ૪૫૪
માટે તમે નજ્ય ઓળખો, સારી પેઠે સુત્ર;
કોઇ દીસ ફુલ આપવા, આવે માહારો પુત્ર ૪૫૫
આ કાગળ મુનેં વાટથી, જડયો અચાંનક જેહ;
જો બળ હોયતો ત્યાં જજો, રતી લાવજો તેહ. ૪૫૬
નીકર ઘે'ર બેશી રહો, કરો તમારૂં કાંજ;
રીસ ન કરશો રાયજી, મહિપતિ માહારાજ. ૪૫૭
સુણતાં વાત હરિ પડયો, શાંમા કહુ શુણ સાચ;
પરણી લાવું મેમદા, નિત્ય કરાવું નાચ. ૪૫૮
દેખાડું હું તુજને, એ રંભાનું રૂપ;

ભાળ દિધિ ભળે ભાંમ્યની, એમ વધ્યાતે ભૂ. ૪૫૯
મ્હોર પાંમી તે માલણી, ગઇ પોતાને ઘે'ર
રાજી થઇ રાંમા ઘણું, પછી થાય શી પેર. ૪૬૦
રાએ પ્રધાન(ને) તેડિયો, પુછિ પંટતર વાત,
કેહે વજીર જાંણુ અમો, કાંને શુણ્યુ ગઇ રાત. ૪૬૧
ઊડતી મેં અડધી શુણી. ભાગ્યો હવે સહુ ભેદ;
એવાતે કાંઇ ન ધરશો, રખે હૈયામાં ખેદ. ૪૬૨
ન જોઇએ ત્યાં નોતરૂં, એ વાતે શી લાજ;
નથી ભીખ ત્યાં માગવી; મન ધરો મ્હારાજ; ૪૬૩
જો ગૂગુ કાંઇ દખશે, તો વરશે એ નાર;
ખુંચિ લેવિ નથી આપણે, તો શી કરવી વાર. ૪૬૪
મહિપતિ કે મુને માલણે, આપ્યો કાગળ આજ;
વગર તેડે કરશું નહીં. સુધરશે સહુ કાજ. ૪૬૫
નામ ફેરવીએ આપણાં, તો કારજ સહુ હોય;
તમ સરખા પરધાંન જ્યાં, શું કરશે ત્યાં કોય;૪૬૬
પત્ર પ્રધાંને વાંચિયો, નિરખી હરખ્યો આપ;
મુશ્કલ નથિ કાંઇ મહિપતી, [1]તનું ન ધરશો તાપ.૪૬૭
કાંમ કરવું મનમાં ધર્યું, તોતો સઘળું સે'લ;
પત્રવાળો પુઠે રહ્યો, આપણ ચાલો પે'લ ૪૬૮

---

1 શરીર.

કાંમ માધવ એ કોઇ દીન, જાંણ્યા વિણ નહિ જાય;
ચાલો નાંમ તેનાં ધરી, જુવો હવે શું થાય, ૪૬૯

છપય છંદ

કાંમ સેન્યનું નાંમ, કાંમ દેવ પછી કરીયું:
પ્રધાન તણું જે નામ, માધવ એ રીતે ધરિયું;
રૂડા પેરયા શણગાર, આભુષણ અંગે સજીઆં;
મુખ ચાવ્યાં તંબોળ, તનથિ દુઃખ સઘળાં તજીયાં;
ત્યાં બ્રાહ્મણ બે ભાવે થયા, શ્રીફળ વેહેચ્યાં સાથમાં;
જેમ કાગ કોયલ બને; તેમ તાળી લે હાથમાં. ૪૭૦

મનહર છંદ

શણગાર સજી આપ, વજીરને કહી વાત;
સાથમાંથી નિસરીને, ચાલ્યો ઘેર એકલો;
પછી નારી પાસે જઇ, રાજી થઇ કે'છે વાત;
શંખણી તું સાંભળજે, શોભુશ હું કેટલો,
તારો ભાવ પુછું નહીં, રતી સતી લાવું અહીં;
આજ દીન દશ પછી, કાઢી મુકુ તુજને;
રમુ જમુ રાજી રહુ, કંકોતરી થકી જઉં,
હરણાક્ષી લાવુ અહીં, તુજપર(ગળે)મુજને. ૪૭૧

ચોપાયા છંદ

આપ તણી શી શોભા કે'વી, ઉજવળ દીસે દેવા

[૧]કાચ ક'લેડા સર્ષા હોએ,વળી [૨]અડદના જેવા; ૪૭૨
માટે આપે વેલા જાવો, સ્વયંવરે જઇ બેસો;
તમને દેખી તુરત પરણે, [૩]સિધ્ધિ નહી સંદેહો; ૪૭૩
વળી કાજળ વીના [૪]ચાલે. આપનિ પાસેં ભરિયાં:
વસ્ત્રા લંકાર[૫] બગડશેને, [૬]લજ્જાશે આધરિયાં; ૪૭૪
[૭]ક્રશ્ન સર્પના સર્પ્પા ભુજછે; તુરત ઝબકેં ઝાલે;
(જેમ) મણિ લોભને માટે વાદી, સ્થીર ચિત્તેથી ન્યાલે.૪૭૫

---

૧ કાચ, કલેડાની જોડે મુકયો હોય, ને જેવો ચળકે તેમ તમારૂં રૂપ ચળકે છે (મતલબ કે કલેડા જેવો ૨ અડદ (ને તેલ ચોપડયાથી) કેવા ચળકેછે; તેમ તમારૂ રૂપ ભભકો મારે છે; (મતલબ કે અડદના જેવો) ૩ પાંશારી (રહીને તમને કંન્યા પરાણશે, કાંઇ સંદેહ ન ધારશો) "કેહેવાનું જે તાહારા કાળા સીંધી જેવા રૂપ સાંમુ પણ નહીં જુવે તેમાં સંદેહ નહીં" ૪ આપ કાજળ રૂપછો; ૫ સાચવજો વસ્ત્ર અલંકાર બગડે નહીં [મતલબ કે તાહારા શરિરથીજ બગડશે;] ૬ તમારૂ આવું રૂપ છે અને વળી આવા શણગાર ધર્યા છે માટે તમને મુકી બીજાને પરણશે તો કંન્યા લજવાશે; (મતલબ કે આ બધા વસ્ત્રાલંકાર લજવાશે) ૭ વળી ક્રષ્ન (કાળો) સર્પની ફણા જેવો તમારો હાથ છે માટે ઝબક લેતી ઝાલસે (હસ્ત મેળાપ) મતલબ કે કાળા નાગના જેવો તા'રો હાથ ઝાલતાંજ ઝબકશે (ભય પાંમશે)

એમ કહીને હાસ્યજ કીધું, કાંમ સેન ખુશિ થાયે,
વારૂં કહિને ચાલ્યો જાયે, પછી પંથે પળાયે. ૪૭૬

છપય છંદ

હળતી ચાલે ચાલ્ય, ડાઠ ડગાઈના કીધો;
ચાલ્યા છડા જણ બેય, ડંકો પુર મધ્યે દીધો;
કોઈ ન જાંણે વાત, પ્રભાત સમે નિસરીયા;
લાગ્યું રતિમાં મંન, બીજા જંન સૌ વિસરીયા;
રહ્યા જઈને તે બાગમાં, વિચ્ચાર કરે* વરવા તણા;
ચાલા ચોપ ચતુરાઈથી, ઘાટ રચે મનમાં ઘણા ૪૭૭

દોહરો.

પોપટ પોતે સુખી થયે, મટયું દેહને દુખ;
કાગળ પડ્યો છે કોટથી, માટે કરમાયું મુખ; ૪૭૮
હળવે હળવે પરવરયો, મનમાં રાખી હાંમ;
પામ્યો નંદચડ નગ્રને; કાંમ વસે જે ઠાંમ; ૪૭૯
દીઠી સગુણા સુંદરી, વસંત તણે આવાસ;
જુહાર ત્યાં જઈને કરયો. બેઠો પોતે પાસ; ૪૮૦
કો' આવ્યાં છે ક્યારનાં. શાંમા સાસરિ માંહ્ય;
કુટુંબ કુશળ છે તમ તણું, એ સંભળાવાં આંહ્ય, ૪૮૧
હા ભાઈ કહી હશિ પડી, કુશળ છે સૌ સાથ;

---

* પરણવા

આ૦યે દિન થોડા થયા, સંદેશો [1]કું નાથ; ૪૮૨
લજયા કાહાડિ લક્ષમ્યા, હળવા બોલી બોલ;
કુશળ પુછ્યું તે કીરને જેમ તરૂણી(નું) તોલ; ૪૮૩
શોભે સાસરે સુંદરી, હાથી રાજ દ્વાર;
પરણિ રહે જે પિયરમાં, તેને છે ધિક્કાર; ૪૮૪

છપય છંદ

જમવું સ્વાંમિને સાથ, નમવું નિત્ય કંથ (ને) કોડે;
રમવું રૂડા રંગ ભોગ, સુવું [2]સજ્જનની સોડે;
હાવ ભાવ આનંદ, પ્રિત્યેથી નિત્યે પાંમે;
કરે કુળ રિતે કાજ, દૂખ વીકટ સૌ વાંમે;
મઠ બાજરીની ખાખરી, મળે તે અમ્રત માંનીએ;
બુદ્ધીને સ્થીર રાખીએ, જેહ વશીછે પહાંનીએ; ૪૮૫

દોહરા

સુખ સઘળાં સંસારમાં; વીના સ્વામી એ વ્યર્થ;
જેમ સ્ત્રિને તેમ પુરૂશને, એવો લેવો અર્થ. ૪૮૬
શુકે વચન એ સાંભળ્યાં, મન થયું પ્રસંન;
આઇ તું પતીવ્રતા વડી, દુર્લભ તુજ દર્સન; ૪૮૭
પોપટે સહુ પીછવી, વાટય તણી જે વાતઃ
કાગળ ગયો મુજ કોટથો, થાતાં રહીછે ઘાત; ૪૮૮

---

૧ કાહાં૦યો. ૨ પોતાનો પતી.

એકાંત બેઠાં જ્યારે જણાં, કામ વસંતને કીર;
ચોથી સગુણા સુંદરી, જેમાં નૌતમ નીર, ૪૮૯
શુક કહે સાચું કહું, શ્રી સુરજનો સાખ્ય;
બ્રંહ્મહત્યા શિરપર હજયો, જો જુઠી કહુ ભાખ્ય; ૪૯૦
પ્રીતી તમ ઉપર ઘણી, રતી તણી બહુ રીત;
પત્ર જો દીઠો હોતતો, પ્રીછત સર્વે પ્રીત; ૪૯૧
પુનમ દીન પધારજો, માધવ સહિત મ્હારાજ;
કાંમદેવ કહુછું ઘણું, રાખજો મારી લાજ; ૪૯૨
જળ વીના રહે માંછલી, તો તમ વીણ તે નારય;
ઝાઝું હું કેતો નથી, આવી આંણે ઠાર; ૪૯૩
રજા આપો તો ત્યાં જઉ, દીન થયા ભરપૂર;
વાટ વીનતા જોતી હશે, જાવું મ્હારે દૂર; ૪૯૪
જા ભાઈ તું કે તે ખરૂ, સત્ય ચડાવું શીર;
આવીશું અમો હેતથી, દેજે ધારણ ધીર; ૪૯૫
જ જે જાળવી જુગતથી, વસમી છે એ વાટ;
આવીશું નીશ્ચે અમો, તું કેછે તે માટ. ૪૯૬
પાછો પોપટ પરવરયો, કીધું કુચ મુકાંમ;
હવે વિચ્યાર ત્રઈણે કરે, જાવા તણો તે ઠાંમ, ૪૯૭
કાંમ કહે માધવ શુણો, મનમાં ધાર્યો મેળ;
પત્ર આપણ નવ પાંમિયા; ખરો ગયો સૌ ખેલ, ૪૯૮

હવે જવુ કે નવ જવું, કરીએ કો'તે કાજ;
વસંત વિચારી વીનવે, ઉત્તર આપો આજ; ૪૯૯
સાંભળ સાચુ કહુ તુને, હૈડે રાખો હાંમ;
હીંમત મુકે નવ સરે, વીકટછે એ કાંમ; ૫૦૦

છપય છંદ

હીંમત મર્દથી મર્દ, હિંમતથિ હોડયો છાજે;
હીંમત (તે) બળનું બળ, વીકટ સૌ વસમાં વીતે;
હીંમત ચડેછે વાં'ણ, લાંહાંણ લાખેણુ લાવે;
હીંમત ધીરે દાંમ, વ્યાજ અલેખે આવે;
હીંમત મરદાંમી મુછછે, તુચ્છ સકળ હીંમત વીના;
હીંમત હોય(ત્યાં) સુખ શોભતું, દુઃખ પાંમે હીંમતહીણ
હીંમત કરેછે રાજ્ય, અનાજ હીંમતથી પાકે;
હીંમત કરે સૌ કાજ, હીંમતથી સર્વ થાકે;
હીંમતે વનિતા વશ, થાય તે નિશ્ચે જાણો;
હીંમતથી વિદ્યા હોય, હીંમત મરદાંમિ માંણો;
હીંમત જે અળગી કરી, ઘેર બેસી રહે બાપડો;
દુખ પાંમે દેહે ઘણું, એહુ ઉત્તરછે આપણો. ૫૦૨

સવઈઓ બત્તરીસો

કાંમ દેવ કે કાયર નહી અમો,
માહ્યર મિત્ર તમો જ્યાં મ્હોટા;

જાહ્યર થઇ જુવતીને થૈએ,
મનમાં વેહેમ ન ધરવા ખોટા;
સાહ્યર સર્વે શત્રુ જન થાશે;
બુદ્ધી રૂપી કરજો ત્યાં શોટા,
અવિચળ પ્રાક્રમ ચાલો કરીએ,
જિવવું તો જેમ જળ પરપોટા, ૫૦૩

દોહરા

માધવ કહે મન માહરૂં, હરખ્યું હવે અપાર;
મરવા તો માએ જાણ્યા; સાંચે સહુ સંસાર, ૫૦૪
એ વાતે બિહવું નહીં, કરતાં કો દીન કાંમ;
થનાર હશે તે તો થશે, હૈડે રાખો હાંમ. ૫૦૫

છપય છંદ

રળવું હોય જ્યાં દ્રવ્ય, મરવાની બિક નવ ધરિએ;
ભણવિ હોય વિદ્યાય, કોઇ દીન શંકા નવ કરીએ;
પરણિયે નાતમ નારય, મરવું મનમાં નવ લેવું;
જવું [1]જુવતી(ને) પાસ, કુકર્મ છે એમ ન કે'વું;
અમર છૈયે એમ માંનવું, ત્યારે અર્થ સફળે ફળે;
ગંગાશંકર કહે માધને, કહ્યું મેળ તેથી મળે. ૫૦૬

---

1 પોતાની સ્ત્રી

દોહરા

એમ વિચારી બે જણા, પુછી સગુણા (ને) પેર;
જાતી જઇએછે અમો, ઘરાણી રહેજો ઘેર;
પરણી લવીયે પ્રેમદા, એ ઉમાકો આજ;
વારૂ કરીએ જયાતરા, એક પંથ દોકાજ; ૫૦૭
કુંમ કુંમ કરયું કપાળમાં, અક્ષત ફોફળ લીધ;
ચાકર જોડે રાખીયો, કરવા કારજ સાધ; ૫૦૮
દ્રવ્ય થોડું શેક રાખીયું, પોતા કેરી પાસ;
શુકન જોઇને સાંચરે, રાખી પ્રભુ ની આશ; ૫૦૯

છપય છંદ

જેમ અર્જુનને કૃષ્ણ; લક્ષ્મણને રામ (જેમ) જોડે;
તેમ વસંતને કાંમ, શોભે છે કુશળ કોડે;
હસતાં સુંદર મુખ, સુખ સહુ કોને કરતાં;
રઢિઆળાં રૂડાં રૂપ; પુષ્પ જેમ મુખથિ ખરતાં;
તેવી રાતે ત્રેહોતીથે, વચન વદે વદને થકી;
નગ્ર બાહાર તે નીસરયા, નાંમીચા નિશ્ચે નકી, ૫૧૦

દોહરો

એવી રીતે અતિ ઘણા, ભુપત જઇ ભરાય;
જેના સાંચા પાંસરો, કારજ તેનું થાય; ૫૧૧

છપ્પય છંદ

કેટલા (એક) ગજ અસ્વાર, કેટલા એક અશ્વે બેઠા;
કેટલા એક હીંડે પાય, કેટલા એક પડદે પેઠા;
કેટલા એક મેના માંહ્ય, કેટલા તાવદાને બાઝયા;
પોત પોતાનિ પ્રીત, મન ગમતી રાખે માઝા;
મુછે હાથ કોઇ ફેરવે, વિચ્યાર કરે મનથી ઘણા;
ગંગાશંકર કે ઘડી ઘડી, તોસ કહુ શા તે તણા; ૫૧૨

દોહરા

કાશીમાં કુસળ સહુ, મંડપ થયો તઇઆર;
ખરચી લક્ષમી લક્ષધા, અપરમપાર અપાર; ૫૧૩

છપ્પય છંદ

સ્ફાટીકમાણીની ઓળ, જડીત્ર હીરાછે ઝાઝા;
પરવાળાં પુખ રાજ, હીમ જેની ઘણી માઝા;
ચંદન કાષ્ટનું કાંમ, ઘણું ઘાટીલુ ઘડિયુ;
સોના પત્રે સર્વ, મોંઘા માંણેકે મઢીયું;
સીંહાસન સોહાંમણાં, મંચ સોનાના મુકિયા;
તકતા બાંધ્યા ત્રોવિધે, ચતુરાઇમાં નવચુકયા, ૫૧૪
મુખમલ ગાદી માંહય, મોંઘા તકીયામાં મઢીયો;
ચંદરવો ચોપાટ, ઊંચો અંતરિક્ષે જડીઓ.
શોભા જાણે સ્વર્ગ, આવ્યું હોય હેઠળ જેવું,

જાંણે ઈંદ્રાસંન, આંણ્યું હોય ત્યાંથિ તેવું
લક્ષ લોક ત્યાં જુવે જઇ, આવે દોદશથી દાખવા;
એવી શોભા કીધી અતી, નાંમ જગતમાં રાખવા; ૫૧૫
પંખા બાંધ્યા પ્રીત, ફુંવારા ફર ફર થાયે;
રાજવિયાનિ રીત, કાયરથી કેમ ખમાયે;
શોમ કહે સર્વત્ર, મિથ્યા દ્રવ્ય એમાં ખરચ્યું;
પાંમેદાર સંતોષ, કે'શે ઠીક ચોવીશ ચરચ્યું;
લક્ષમીને શુ નવગમે, જમે રમે રાજી રહે;
એવી શોભા ત્યાં હવી, કવી ગંગાશંકર કહે, ૫૧૬

માલની છંદ

સરસ સરસ જુવો, બાગની રીત કેવી;
જરૂર જગત જુવે, ઈંદ્રના બાગ જેવી;
ફુલ ફળ અતિ વાવ્યાં, બાગમાં રીઝિ રાજે;
રતિ સતિ જન લેશે, તેહના કાંમ કાજે; ૫૧૭

સારંગી છંદ

જૂવો જૂવો જઇને લોકો, હાકો ઘે'રે મારે છે
ચાલો ચાલો આપે જઇએ, શાં શાં કાંમો ભારેયછે
રસ્તે રસ્તે પેરા મુક્યા, ચર્ચા ત્યાંની ચાલે છે;
કંના સાથે સાહેલો તો, રૂડી રીતે મા'લે છે; ૫૧૮

ઝૂલણા છંદ

સર્વ જોવા તહીં, આવેછે માંનવી,
ઘર તણા કાંમને, દુર મુકી:
લોકને આવશે, લાંણશું તેહમાં,
પાંહાંણનું ધંધ પોતેય ચુકી.
(પણ) જાણજો વાત એ, સાચિછે આંણજો,
લાભ જિ૦યા થકી (નવુ) કાંઇ જોયું;
એમ જાંણી અતિ લોકતો ઉલટયા,
સુલટયા મંન સર્વેનુ, મોહ્યું. ૫૧૯
ઝાડતો રાજનાં, રોપિયાં ઓપિયાં,
કેવિ રિતે કરી જુગ્તિ ઝાઝી;
ઘર થકી પુરતો, બાંધિયો ઝાડને,
રોપિયાં વેલતો ઠેઠ બાઝી;
એક તો *દ્વારછે ભાગોળે પુલની,
આગળે રાખિયું વાત સાચી;
કુંવરો આવિયા, તેહુનિ આગળે,
ચારણો જાયછે. ત્યાંય જાચિ. ૫૨૦
એવિ રીતે અતિ, મુખમલોલાલને.
લિલિતો પાથરિ, ઠેઠ સુધી;

---

*દરવાજો.

ચંદ્રવો બાંધિયો, ઉપરે સાંધિયો,
હાંડિયો ઘેરથી આગ કીધી;
લાલ લિલા બહુ, ગોળા ત્યાં બાંધિના,
ચંદ્રવે લક્ષધા, લોક જુવે;
પાંણિતો પિવાને, પર્વતો માંડિછે,
જોઇને લોક, સંદેહ ખુવે. ૫૨૧
રાયના પૂરમાં સૂરમાં લોકતો,
ચાલતા મા'લતા ત્યાંય જાયે;
ઢોલને ભુંગળો, મિઠથી વાગેછે,
શંખને ઘંટના નાદ થાયે;
રંગિયો મે'લને, કેળના કાંમથી,
છોઇને ધોઇને કાજ કીધું;
એવિ રીતે બહૂ રાયનું કાંમતો,
મંત્રિયે કરિને [1]ગામ લીધું. ૫૨૨
રાયની શોભના (ના) પારતો આવેના,
માન્ય તો સર્વનું ત્યાંય મ્હોટૂં;
માર્ગતો રોકિયો, ચોકિયો મુકીને,
આવે ના મંડપે હોય (જે) *ખોટૂં.
આસનો ગોઠવ્યાં ઓઢવ્યાં રાયનાં,

---

૧ ઇનામમાં. *નીચ.

સુઝથિ મંત્રિયે ત્યાંય આપે;
આવશે રાજાના કુંવરો પરણિવા,
તેહનો બેશિને, સૂખ માપે. ૫૨૩
ચીતરી પટ અને, મંડપે બાંધીયું
દૈત્યને દેવનાં ચિત્ર કિધાં;
ઝાડને પાંડને, પતાકા પર્વતો,
રંગથી રંગિને ત્યાંય દિધાં;
ભૂમિતો કાચથી પાથરી મંડપે.
રાયના કામનો (ના) પાર આવે:
દખિને પેખિને હરખિયું રાયનું,
મંન તે જોઇને ઘેર જાવે. ૫૨૪

દોહરા.

ઝુરે મન ઝાઝું રતી, પોપટ નાવ્યો માટ;
અરે પ્રભુ ત્યાં શું હશે, કરતી એમ ઉચાટ ૫૨૫
બંધન પામ્યો બુધ્ધિનથી, રસ્તે કોઇક ઠાંમ;
સારો દખી છેતરયો, રાખ્યો કોને ધાંમ.' ૫૨૬

ચોપાઈ.

એતો વાત અહિયાંથી રહી, વળતી બીજી ત્યાં' શિ થઇ.
ચૈતર સુદ ચૌદશને દીન, ભરાયા ભૂપત નહી ભીન;
રહ્યા પુર બ્હારે સઊ મળી, એક એકને મન અદકિરળી;

જુદી જુદી વાડીની માંહ્ય, નોતમ રંગ કરે સૌ ત્યાંહ્ય
સાચે સવે સુધારે અંગ, નાહ્ય જ્યાં વહેછે ગંગ;
સઉના મનમાં સરખી હાંમ, પરણીને સૈ જઈએ ધાંમ.
કેટલા ધારે શિ ચિંતાય, નિશ્ચે નારય આપણનિ થાય;
કેટલા કહે કુળ મ્હારૂં અતી, કરશે મુને પરણ્યાનિ.મતી.

દોહરા

એમ વિચ્યારે નૃપતી, સહુ સહુને મન શેર;
તેમાં ધુતારો એકછે, તે જાંણે હું મેર. ૫૩૧
પાખંડી પોતે ઘણો, નાંમજ ફેરવનાર;
તેતો જાંણે હું વડો, સૌનો છું શિરદાર. ૫૩૨
દગલબાજીમાં છેતરૂં, સૌને નહિ સંદેહ;
વનિતા એ મુજને વરે, કરૂં ઉપાયો તેહ. ૫૩૩
ઉરમાં સુર આંણે ઘણું, ઉલટથી તે આપ;
ચાળીવાળી ઘણી ચાળવે, મન વધારે માપ. ૫૩૪
બને ઠણે બહુ રિતથી, હુતો નાપીક પાસ.
ક્ષાર કરાવા માંડિયું, આંગિને અવકાશ. ૫૩૫
કરય હજામત માહ્યરી, નાપીક રૂડી રિત;
આજની વાતો અવનવી, ન જાણીશ તું નિત્ય.૫૩૬
અધિક વારે તે ઉઠિયો, છોલાવિને શીશ;
નીશા થઇ પછી તે સમે, ગયો દીનકર જે દીશ.૫૩૭

ક્યારે સુરજ તે ઉગશે, એવો થાય સંતાપ,
જુવતીમાં જીવ સર્વના, કરે જીભ્યે બહુ જાપ. ૫૩૮

છપયછંદ.

કોઇ કહે આ રાત્ય, બ્રહ્માએ શાંને સરજી;
કોઇ કે મગવા ચીત, અત્યારે થાયે મરજી;
કોઇ કહે લાવે નારય, તેને હું માગ્યું આપૂ;
કોઇ કે મેળવે જોગ, તેને પોતાનો થાપૂ;
વિચ્યાર ઉઠે સૌને વડા, ઘડા જેમ કોરા ઝમે;
તેમ તેનાં વિર્યજ ખજે, દૈતાતે અંચીકું દમે. ૫૩૯
કેટલાને નહીં ભાંન, નીશાએ નાગા સુતા:
કેટલા (થયા) ચીત ભ્રમ, કરમાં જઇ ઝાલે જુતા;
કેટલા (નાં) મન ઘુંટાય, કેટલા નિદ્રાને પાંમ્યા;
કેટલા સ્વપ્ને સત્ય, દેખિ દુઃખ સર્વે વાંમ્યા;
કેટલાક ત્યાં રંગે રમ્યા, તે સાથે સ્વપ્ને સહીઃ
વળી ઉઠો વીમાંસતા, હજી રાત વીતી નહીં. ૫૪૦
કેટલા કરેછે વાત, હુંયે લવરીમાં આવ્યા;
બેઠા સ્વયંવર માંહ્ય, કહીંકે જસ ઘેરે કાવ્યા;
કેટલા કહે(માનાની)તું માન, અતી સુખ મુજને મળવે.
કેટલા (એક) મરડે મુછ, જ્યાં ત્યાં શાંમાને છગવે
એમ નિદ્રામાં નરપતી, લક્ષોપતો લેખે લહે;

ગાંડા પામવા ગોરડી, થયા ગંગાશંકર કહે. ૫૪૧
કેટલા કેછે એમ, "કન્યા તો શોભે સારી;
બેશી સ્વયંવર માંહ્ય, કેટલા જે નિંર્ખે નારી;
શીછે એની આંખ્ય, આપેછે હુર્ણિ સરખી;
કેટલાકે શુભ ઉર, નુર બહુ છાતી નરખી;
એમ વિચ્યાર કરે અનેકધા, કરતાં વાંહાંણુ વહિ ગયું;
કેટલા નિરાંતે પોઢીયા, જાંણ્ય કેટલાએકને થયું. ૫૪૨

ચોપાઈ

ઝડપો ઝડપ ઉઠયા સૌ જંન, ચૈતર સુદ પુનમને દંન;
ઝાડે ઝપટે સૌ કો ગયા, નાહિ ધોઇને સુખીયા થયા.૫૪૩
જમિ પરવર્યા સૌ રાજંન, પેંહેરિ ઓઢી સુધારે તંન;
દરપણ કરમાં દાદશ ધરે, ટોલે શું, કંન્યા વશ, કરે. ૫૪૪
જેમ થાવાનું તેતો થાય, જનાને અધિક અકળાય;
કેટલાતો વિચ્યારે મંન, ક્યારે જોઇએ તેનું તંન; ૫૪૫

દોહરા

ઘરના જે ઘરડા સહુ, બેઠા મંડપ માંહ્ય;
એકાંત વીગતે જાંખવા, સુંદીર રચના જાંહ્ય. ૫૪૬
લોકો આવી લક્ષવા, ઊભા રે બહુ બાહાર.
ચોકી પેરા ચોવિધે, મુકયા તેણે ઠાર. ૫૪૭
ભલે ભલે સહુકો કહે, રાજવિધાની રીત;

મેવા ફળ મહિં મુકીયાં. અદકી આંણી પ્રીત. ૫૪૮
દુધ સાકરો ઊકળે, તેજાંના તૈયાર;
લવીંગ સોપારિ એલચી, મેવાના બો ભાર. ૫૪૯
મધ્યે બેઠા મહીપતી, કાશિરાજ સુજાંણ;
સૌને આદર આપવા, નમવાને નિર્માંણ. ૫૫૦
શોભ સજેછે સુંદરી, શોભિત સખિયો સાથ;
હરખ અતિસે ઉરમાં, નિશ્ચે મળવા નાથ. ૫૫૧
પ્રથમ આભુષણ ચાંદલો, જગહુળ જયોત પ્રકાશ;
દાદશ મોતી દાંમણી, બમણીં ઓળ બે પાશ. ૫૫૨
નાગ ફણાવત અવનવા, કાળા ભંમરશા કેશ;
ઊજવળ અંગ અતિ ઓપતું; જુવંતી યૌવન વેશ.૫૫૩
ગોળ મુખી ઘણું ગોરડી, હરણિ નેંનવત આંખ્ય,
દાંતે સુવર્ણ રેખો જડી, દુર્લભ બેસે થે માંખ્ય. ૫૫૪
સુકોમળ શંમારતી, સજયા શોભ શણગાર;
ગોખે બેઠી તે ગોરડી, ભાગ્ય તણિ ભંડાર. ૫૫૫
સુર્ય પુજન સુખે કર્યું, પાંમવા ભવ ભરથાર;
શોભા બહુ નૌતમ હવી, અપરંપાર અપાર. ૫૫૬
તેડાં ગયાં ત્યાં સર્વને; જયાં સૌ રાજય કુમાર;
એકે એકે આવિયા; શોભા જેની સાર. ૫૫૭
આદર કરે અતિ અધિપતી, બેઠાં જયાં સહુ બાળ,

મેવા ફળ બહુ મુકીયા, ભરી ભરીને થાળ. ૫૫૮
અગર ધુપ સુગંધશું, બેહેકિ રહયોછે બ્રાસ;
એટલે ધુતારો આવિયો, આપે એહ અવાસ. ૫૫૯
નાંમ અત્તર ધારણ કરી, વજીર સહિત તે વીર;
આવ્યો ઓપાવિ અંગને, શોભાવી શરીર. ૫૭૦
છડિદાર પોકાર તો, સુણ્યો સતિએ સ્વાસ,
એટલે જાળિએ ઝાંખિયું; આંણિ દિસે વા'લ. ૫૬૧
પાસે નારય ઉભિ હતી, તે કહે કામ વસંત;
બાઇ તમારે આવિયા, એમ કહિ હસંત. ૫૬૨
એવું શુણી અવની પડી, આકૃતિ જોતાં આપ,
ગુણ નહિ કે'તે ગોરડી, તનમાં પ્રગટયો તાપ, ૫૬૩
હીરા જડીત્ર જે વીંટિયો, હતી અબળાને હાથ;
શોક થયે સર્વે પડી, મળી પ્રથિવને સાથ. ૫૬૪
પોપટ પિટયો છેતરી, ગયોછે તે કયાંય;
હજી મુવો આવ્યો નહીં, રહ્યો ત્યાંનો ત્યાંય ૫૬૫
જેમ દીવસે ચંદ્રમા, શોકે થૈ ગઈ શુન્ય;
બાળા થૈ બ્હે બાકળી, લેશ રહિ નહિ નુન્ય. ૫૬૬
વિચ્યાર મંન વનિતા કરે, તેમ તેમ(મન)ઘુંટાય;
સુખ જતુ રહ્યું શેજમાં, ચિતમાં ચિંતા થાય.૫૬૭

લલિત છંદ

અરર ઓ પ્રભૂ, શું કરૂં હવે;
પ્રિય [1]ફિરે ખુશી, દુઃખિ હું થવે;
અરર ઓ હરી, પાળજે મુને;
અરજ એ કરૂં, ઇશ્વરા તુને. ૫૬૮
કપટ શું કરિ, કીર ક્યાં ગયો;
જરૂર ક્યાં જઇ, સુઃખિ તું થયો;
અરર પોપટા, શત્રુ તું થયો,
અરર આજથી, લાભ સૌ ગયો. ૫૬૯
અરર મુજને, શું કહ્યું હતુ;
અરર પોપટા, તેય ક્યાં જતું;
રૂપ કળા અને, ગૂણનો ભર્યો;
જરૂર કાંમ્યની, કંથમેં કર્યો. ૫૭૦
અરર એ બધૂ, ક્યાં ગયું બળી;
અરર બુદ્ધિ ક્યાં, તા'રિ ગૈ ટળી;
સુખજ સારતો, સર્વ જાય છે;
પુરણ દુઃખતો, આજ થાય છે. ૫૭૧
અરર સામટાં, અંગમાં ખરે;
વજર બાંણતો, લાગિયાં અરે,

---

1 પોપટે,

જરૂર અંગતો, જાય છે બળી;
સરવ બુદ્ધિતો, માહ્યરી ટળી. ૫૭૨
અરર પક્ષિની, પ્રીતિ મેં કરી;
અરર પક્ષિયે, દુઃખમાં ધરી;
નવ લગાડુ હું, વારતો ક્ષણું;
*કુપ વિશે પડી, જીવને હણૂં. ૫૭૩
અરર [1]ધાંમમાં, જાણીતો ખરી;
અરર [2]કોયના, દેખિ જૌ મરી;
સુખજ સામટાં, આજ સૌ ગયાં,
દુખજ દેહમાં આવિને રહ્યાં. ૫૭૪
અરર જીવવું ધીકતો ગણું;
અરર કાંમને; જોઇને ભણૂં,
ગમત આ સમે, ભાગિ સૌ પડી;
રમત રંગની, નાશિ ગૈ વડી. ૫૭૫
નયન[3]નીરતો પૂર જાય છે;
જરૂર ખેલતો, ભંગ થાય છે;
અરર આ સમે, કયાં ગયો હરી;
અરર મૂંજનેં, મો'ટિશો કરી. ૫૭૬
અરર માહરો. જીવ ખેંચિલે;

* કુવો, ૧ સ્વયંવર; ૨ રૂપવાન, ૩ પાંણી (આંસુ),

નિકર મૂજને, પ્રીય કીર દે;
અરર એહુને; પૂછુતો ખરી,
અરર ક્યાં જઇ, મેળવ્યો ૫અરી, ૫૭૭

દોહરો

પ્રીય સખી પાસેં હતી, બોલી આપો આપ;
અરે કાંમ બીજો હશે, શીદ કરે સંતાપ; ૫૭૯

ભુજંગી છંદ

અરેરે તમેતો જુવોને જઇને,
વસંતે ખરે આવિયો ત્યાં લ*ઇને
હશે કેટલાં કાંમનાં નાંમ તેમાં;
વસંતે હશે મિત્રનાં નાંમ કેવાં ૫૭૮
અરે ઘેલુ બોલે સખી પ્રીય મારી,
નથી દુઃખતો આખના તુંજ ભારી,
છડીદાર જે બોલ તો બોલતો તો;
અરેરે મુને તો ચિતે બાળતો ગ્યો; ૫૮૧

શીખરણી છંદ

અરે પેખી એને; વદન પછિ મારૂ તન જશે;
અરે પેખી એને, સરવ દુઃખ મૂને તહિ થશે;

---

૫ શત્રુ. * દીર્ઘ

અરે પેખી એને; તરત ચિત મારૂં બળિ જશે;
અરે પેખી એને, ફિર મહિ અગ્ની બહુ થશે ૫૮૧

માલીનીછંદ

ચતુર ચિત હશે તો, [1]ખન્ન ચિંતાગ્નિ થાયે,
જરૂર સુખજ તેનું, સર્વ ચિંતાથી જાયે;
રતિ અતિ બહુ રૂપે, શોભતું અંગ તેનું;
શુભ પતિ મળવાને, હર્ખયું મન જેનું, ૫૮૨
હરખ અતિ પતીનો, હાથ [2]સાંબાજ તેને,
જરૂર શશિ મુખ જોવા; મનમાં હોંસ જેને:
*ગ્રહણ કરૂં છું આજે, કાંમનો દેહ કેવો;
અતિ સુખ પછિ પામું, લાભ સંસાર(નો) એવો;૫૮૩
સુખ પતિ મળવાનું, જાણિને દેહ [3]વાધ્યો;
અતિશય સુખ લેવા, કલેશ દૂર બાંધ્યો;
ઠગ પતિ થઈ આવ્યો, નાંમ બીજાંય ધારી;
ગુણ રૂપ નહિ જેમાં, કલેશનો છેજ યારી; ૫૮૪
તુરત નિરખિ તેને, દેહમાં બાંણ વાગ્યાં;
અતિશય ચિત ચિંતા, અંગમાં હાડ લાગ્યાં;
વદન શશિ સમુ તે; †ગ્લાનિ ચિંતાથિ થાયું;

---

૧ ખે ભાંન થએલુ(ઉદાશી); ૨ ઝાલવા;
* લઊછું. ૩ વધ્યો. (પ્રફુલિત થયુ) † કરમાઈ ગયેલુ,

[1]સુર શરીર તણૂંજે, સર્વ અંગેથિ જાયું, ૫૮૫
ગદ ગદ (કંઠે) વળિ બોલે, વાત બીજી ન સુજે;
સરવ શરિર કંપે; હાથને પાય ધ્રુજે;
સરવ સુખજ હોયે, ચીન ચિંતાજ થાયે.
તરત દુર ખશીને, સર્વ નાશીય જાયે; ૫૮૬

છપય છંદ

ચિંતા સમુ નહિ દુઃખ, સુખ સંતને ટાળે;
ગાળે નિત્યે હાડ, બહુ તે દેહને બાળે,
થાય શરિરે રોગ, ભોગ એકે નવ સુજે,
ઘણાં ઔષધ જો ખાય, તોય ઘા'એ નવ રૂઝે;
ચિતાથી ચતુરાઇ ઘટે, ચિતા સખિ ચિંતા લહો;
ગંગાશંકર કે કોઇ ઘડી, વીતે તે સાચુ કહો; ૫૮૭

દોહરા

એટલે પોપટ આવિયો, દિઠો રતીએ દ્રષ્ટ;
કાયાથી ઓછું થયું; કાંઇક લગીરેક કષ્ટ; ૫૮૮
વનિતા મુજને વાટમાં, સંકટ પડ્યું શરીર;
માટે વાર મુને થઇ, રાખજે રામા ધીર, ૫૮૯
આવેછે બેજણ હવે, માધવ સહિત મા'રાજ,
આજનો કીધો વાયદો, થાશે કાંમ્યનિ કાજ; ૫૯૦

---

૧ સુરાપણું. (બળબુદ્ધિ)

નારી હળવે શક વદી, આવ્યા છે મહિં એહ;
જોઇ આવિ મુજને કહો, ભાગે સૌ સંદેહ. ૫૯૧
કીર કહે નથી આવિયા, હજી લગિરેક વાર;
એટલે અબળાને થયો, અંગ થોડો આધાર. ૫૯૨
ભેગા થયા સૌ ભુપતી, રૂપવંતા અતિ રાય;
જુવતિને ઝંખે ઘણું, જોવાને અકળાય. ૫૯૩
ક્યારે દેખિશું કાંમની, બાળા બહુ ગુણ રૂપ.
જન્મ સફળ જો જાંખિયે, અબળા અંગ અનૂપ. ૫૯૪
તુરંગ ઉઠેછે તંનમાં, સૌકોની ગઇ સાંન;
જીવ ગયા જુવતિ વીશો. ધરે નારીનું ધ્યાન. ૫૯૬
એટલે બે જણુ આવિયા, કાંમદેવ વસંત;
હરખભેર આનંદમાં, મુખડાં હેત હસંત, ૫૯૭
પોપટ કે'રે પ્રેમદા, જાગિએ રહીને ઝાંખ્ય;
એટલે રતિ ઉઠિ જુવે; મળિ ત્યાં આંખે આંખ્ય ૫૯૮
મોહ પાંમિતે માન્યની, આવી અંગે *અયઃ
જેમ બીજનો ચંદ્રમા, (વળી) પુનમને દિન થાય.૫૯૯
તેજ વધ્યું તરૂણિ તણું. વળતી શો વિચ્યાર;
પરવશ થઇ તે પ્રેમદા, નૈતમ રૂડી નાર્ય. ૬૦૦
મન વિચ્યારે માન્યની; ક્યારે મળશે કંથ;

---

* જોર, બળ.

ઝટપટ જઈ વરૂ, એહને, વળું પતીને પંથ. ૬૦૧
વળી ધીરજ મનમાં ધરે, ઉતાવળ શિ આજ;
જ્યારે ત્યારે મારૂં, હવે થયું છે કાજ. ૬૦૨
આવ્યા મંડપ (માં)એ જાણું, જેમ સીંહકુમાર;
મંચ ઉપર બેઠા જઈ, લેશ ન લાગિ વાર. ૬૦૩
સહુકો વિશમે પામિયા, આ તે જાણુ તે કોણ;
દ્રષ્ટે કદિ નવ દેખીયા, પ્રગટ થયા છે એણ ૬૦૪
તેજ વંશી મોહ્યા માણસો, સર્વે ચિન્હ સમસ્ત,.
તારા જેમ રવિ ઉગતાં, એમ થયા સહુ અસ્ત. ૬૦૫
આશા મુકી સરવકો, મુકિયો નિશ્વાસ;
એને તજી બીજો ભજે, એહ ન ધરવી આશ. ૬૦૬
રતી મનમાં રીઝી ઘણું, દેખી કામ સ્વરૂપ;
દુઃખ ગયાં સૌ દેહનાં, ચિતમાં આવિ ચૂપ. ૬૦૭
દરપણ લીધું હાથમાં, જ્યાં સખિયો સૌ સાથ;
ફરી આભુશણ ઓપશે, પામવા નૌતમ નાથ. ૬૦૮
વીંટીઓ જે*ાડી થઈ, તેને કરમાં લીધ;
પેહેરવા માંડિ પ્રેમદા, કરવા કારજ શીધ્ર. ૬૦૯
હર્ષે અંગ વધી ગયું, જ્યોતિ કેમ પે રાય;

*પડી ગઈ

બહુ મેહેનને મુદ્રિકા, જુવતિને *કર જાય, ૬૧૦
સાળુ સુંદિર પેહેરિયા, ઘાણા ઘરેણાં ઘાટ;
રંગી પગની પાંનિયો, પ્રીતમ મળવા માટ. ૬૧૧
ચાલો જઈએ મંડપે, સજિ લો સખિયો સર્વ;
હા બે'ન કહિ તે ઉઠિયો, સર્વ તજીને ગર્વ. ૬૧૨
ઘેરથી સૌકો નિસર્યા, મંડપ મધ્યે જાય;
થોડું છેટું ત્યાં થકી, પ્રિતે પગ પળાય. ૬૧૩
જાણે ચાલી હસ્તણી, ચમક ચમક ચાલંત;
ઘમ ઘમ વાગે ઘુઘરા, માન્યની મદ માલંત. ૬૧૪
ચળકે ઓહોડયો ચાંદલો, શોભા નોતમ હોય;
રસ્તે સહુ ઊભા રહ્યો, જુવંતી સામું જોય. ૬૧૫
ધન ભાયેગ પ્રાણી તણાં, પરણે આ કન્યાય;
આપણ સરખા (શું) પાંનિએ, કેટલા કહેતા જાય; ૬૧૬
કોકે' શોજે દેખતાં, આપણને આ થાય;
મંડપમાં જે બેસશે, તેથી કેમ ખમાય. ૬૧૭
રસ્તે રાંભાયો જુવે, તેહ વખાણે રૂપ;
ધિક્કાર આપણના દેહને, પડીએ મોં'ટે કુપ. ૬૧૮
ટોળાં જાય ત્રિયા તણાં, તેહ વખાણે વાત;
નાં'ના મોહોટા નર સહુ, ચિતમાં તેને ચાં'ત; ૬૧૯

---

*હાથ (ની આંગળીઓમાં)

શાર્દુલ વીક્રીડીત છંદ

પોંચી મંડપમાં સ્વયંવર હતો' (તે) ઠામે ગઇ સુંદરી
બેઠા જ્યાં નૃપતી સહુ ચિતધરી, આવી[1] સુ[2] શાળે ધરી
પોતેતો પડદો કરી પરવરી, સર્વે સખી સાથમાં;
ઘડી જયાંઘરના હતા[3] વનમાં (જઇ) થાળી લિધીહાથમણુ

ચોપાઇ

માત પીતા સગાં સૌ હતાં, તે ઠામે થયાં જઇ છતાં;
એહ વાત અહીંયાંથી રહી; વળતી ત્યાં બીજી શિ થઇ. ૬૧૨
જે નરે ન્યાહાળીતી વાટ, અધીક તેને થયો ઉચાટ;
અરે દૈવ ન પોહોચ્યે હાંમ, મળિ હોયતો થાતું કાંમ. ૬૨૨
ઘર વાળી તો છે શંખાણી; એતો માંન્યનિ ચોમાં મણી;
એવો લોક પ્રસ્ટાવો કરે; કેટલા તે વાટે વિચરે. ૬૨૩
નારી જોઇ ગઇયો જે ઘેર, કેહે પરણ્યા આગળ સૌ પેર;
જો નાથ એ પાંમો નારય; તો પાયે લાગો અપાર. ૬૨૪
એનું કહ્યું નિત્યે જઇ કરો, ભાંમ્યનિ કહેતો પાણી ભરે
મુજમાં રૂપ મળે નહીં માટ; રાતેઅધિક જો રાંવો વાટ. ૬૨૫
જોરાવરીએ પાસે જાવ, ઘરમાં હાયતો વિદ્રાણ થાવ;
એમ કરી હુમે બહુ પેર; શેરો પોતને ઘેરે ઘેર. ૬૨૬

---

૧ સારા, ૨ શોભ સણગાર ૩ સ્વયંવરના મંડપમાં ઘરના માણસોને વાતચીત કરવા પડદા નાંખી ઘરજેવુ

દોહરા

શોભે ત્યાં રળિયામણું, સવરા મંડપ સાર;
મહી બીરાજ્યા મહિપતી, ત્રવિધ તેને ઠાર. ૬૨૭
કોઇ મુછે કર ફેરવે, હસતા રાખે હોઠ;
જાણું જો મુજને વરે, (તો) ગમતી થાયે ગોઠ. ૬૨૮

છપયછંદ

એક એકને કરે વાત, કેટલા કર મુછે ઘાલે;
કેટલા સંભાળે પાઘ; કેટલા નર નિચાં ન્હાલે;
કેટલા વાંચે પત્ર, કેટલા એક વિંટી જોતાં.
રાખે એક એક(ની) સર્ત, મનમાં (ના) સંદેહ ખોતાં;
સહુના જીવ જુવતી વીશે, જાણું જે મુજને જુવે;
અંગઉ ધાકુંકો દાખવે; પરશેવો મુખથી લુવે; ૬૨૯

દોહરા

મેનાં પોપટ પાંજરે, કરે ઘણા પોકાર;
ચકોર ચંચળ બે શોભતા. જે પીંજર તે ઠાર, ૬૩૦
માળાયો મોતી તણી. મણી લિક્ષા બહુ માંય;
કેટલાએક શોભા ધરી, બેઠા ભુપત ત્યાંય. ૬૩૧
કેટલા સમશા માં કહે, *અનશા તે કન શોન,
આજ સુધી દીઠા નથી, પ્રગટ થયા છે. આંણ. ૬૩૨

---

* આતે કોણ.

સમજયા તે શાણા સહુ, વસંત કાંમ એ મિત્ર
હુંકારો સહુ ઉચરે, વાંણિ ચિત્રવિચીત્ર ૬૩૩
સુનંદા એક ભાટડી, રતી રામાનિ પાસ;
કુળ સહુ રાજા તણાં, કરવા સર્વ પ્રકાશ. ૬૩૪
તેડાવી તે તારૂણી, છાંનિ શિખામણ દીધ;
મેંતા મ્હારા મન વિશે, કંથ કાંમને કીધ. ૬૩૫
સુનંદા (જો) તુજને ગમે, (તો) વખાંણજે કુળ કર્મ;
કાંમ માધવ મેંતા વર્યા શી એ વાતે શર્મ ૬૩૬

ચોપાઈ

કહે સુનંદા સાંભળ સતી; બાઇ રૂડાં તમે છો રતીઃ
હું તો ઓળખું નહીં એહને, તમે બતલાવ્યા તેહને. ૬૩૭
માટે નીશાંની મુજને કહો, રૂપકાંમ વસંતનાં લહો;
આપણ અહીં છૈયે એકાંત, ભાગો મ્હારા મનની ભ્રાંત

દોહરો

જેમ પાંડવ પાંચે વરયા, પંચાળીએ પ્રીત,
તેમ કંથ મુજ કાંમછે, માધવ બીજાઇ રીત; ૬૩૮

છપય છંદ

સૌથી રૂડો (છે) દેહ, ઉજવળ તેજસ્વી આપે;
જોતાં ઉપને સ્નેહ; કષ્ટ કાંમ્યનીનાં કાપે;
પુષ્પ ગ્રહ્યું છે હાથ, વદન હસ્તુછે જેનુ;

બેઠા માધવની સાથ, કાજ મ્હારેછે તેંનુઃ
વખાંણુ જે જાતિ વિપ્રછે, ગ્રહસ્થ સુખિ ઘરના ઘણા
જેમ તેમ જુવતી જાંણજે, સ્વામી એછે એમ તણા ૬૪૦

દોહરા

જાણ્યુ કહી જુવંતિ ગઈ, રાજા કેરી પાસ,
તૈંતારી કરીએ હવે; એમ કહયુ તે દાસ; ૬૪૧
રાજા કે, રંભા સુણો, સમય સાંધો સત્ય;
મહુરત ૧ટે વનોતા હવે, કયાં ગઈ તાં'રિ મત્ય; ૬૪૨
કરો ઉતાવળ કોટિધા; સાજન ત્યાં અકળાય;
પરવારો એક પલકમાં, તોતો રૂડુ થાય, ૬૪૩

સાખી

સુનંદા કહેછે સુંદરી; વહેલાશર પરવાર;
લક્ષ ગુવંતો ગનમાં લહી. કંઠ સમર્પીને હાર, ૬૪૪

દોહરા

રતી ઉઠી એવુ' સુણી, એ વાતે શી ઢીલ;
આજ્ઞા લિધી મહ્દની. ઠાઢી વીચારી દીલ. ૬૪૫
ભર્યો થાળ જે કનકનો, માંહય કમળનો હાર;
મુકિ કુંમકુમનિ વાટકી, શોભા રૂડી સાર. ૬૪૬
ગંગાજળ ઝારી ભરી, મુકયાં બીડાં તણિ;
સાથે પ્રિય લીધી સખી, ચતુરા ચાલી સર્ણ ૬૪૭

તોટકછંદ

બહુ મોતિ થકી શુભ થાળ દિસે, વરમાળધરી નિજ હાથ વિષે;
સખિયો સઘળી નિજ સાથ લિધી, પછિંયાળ સખી પ્રિય હાથ દિધી
ચપળા ચપળાવત ચાલ ધરી, શુભ મંડપમાં ઝટ આવિ ફરીં
સઘળા સઘળા નિરખે નરજે, સ્તુતિ ઇશ્વરની કરિકે'(મુને)મળજે

દોહરા

રાજાઓ સહુ રીઝિયા, મુકયો સોર બકોર;
એક દ્રષ્ટ જુવે સહી, જેમ ચંદ્ર ચકોર. ૬૫૦
અયોદ્ધાનો અધિપતી, તેનો કુળ કુમાર;
પરથમ (તે) ઠામે આવિયાં, શોભા જોતાં સાર, ૬૫૧
આગળ સુનંદા ભાટડી, પાછળ કુંવરી હોય;
ભાવે બોલી ભાટડી, ચે'ન ચિકીછા જોય; ૬૫૨

છપય છંદ

આ અયોદ્ધાનો રાય, લક્ષ્મી વે'વારે પુરો;
શરિર લગારેક શાંમ, પણ છે સુરામાં સુરો;
કુળ એનામાં ચાલ; અસ્ત્રીયોને વશ (ઘણું) રાખે;
માસ એકે એકવાર, મુખ માન્યનિનું દાખે;
શીળવંતો એ છે સુખી, દુઃખી નહીંકો દેશમાં;
ઇચ્છો તો એને વરો, છે તો યૌવન વેશમાં, ૬૫૩

દોહરો

શાંમા કે' સાચુ કહ્યું, ભલે એ મો'ટા ભુપ;
ઘણું જીવો જસ ભોગવો, શોભિત શુભ સ્વરૂપ; ૬૫૪

માલિની છંદ

સરરરરરર ચાલી, વીજળી પેર આપે;
ચરરર પડયો તે; ચાટકો *દેહ માપે;
[વળી] ઠમક ઠમક ચાલે, આપથી લેશ ઝાંખી;
ચપળ ચપળ જોતી; નેત્રને સ્થીર રાખી; ૬૫૫
[1]મુહિત [2]મંદ હસીને, કાંમને તે સતાવે;
મધુર વચન તેના, જોગને તો ભગાવે;
નરમ પુરૂશ થાયે, કેશને લંબ ભાળી;
ભમર પંખ દિસે છે, નાગણી જેમ કાળી: ૬૫૬
સકળ અધિપતીનું, જ્ઞાંન ને ભાંન જેછે;
જરૂર જુવતિમાં જે, ચોટિયું (જાંણે) પ્રાણ એછે;
કરમપર ચિઠી છે, કેટલા એમ ભાખે; (પણ)
મનન કવિ કરે છે, રૂપને (ગુણને) જોઇ દાખે; ૬૫૭

---

* એ અયોદ્ધાના કુંવર પાસે થઇ આગળ ચાલી તેથી તેના અંગમાં તો ચરરર ચરેરો પડયો (કંપવા લાગ્યો.]

1 સારૂ ધારીને, 2 થોડું,

દોહરો

આગળ આવ્યાં તાંથકી, જ્યાં મથુરાંનો રાય;
વર્ણન તે વનિતા કરે; ત્યાં શી શોભા થાય; ૬૬૮

કુંડળીઆ છંદ

જુમનાં ત્રડ સોહાંમણું, ગરવું મથુરાં ગાંમ,
રાજ્ય કરે આ રાયજી, બહુ સુખ તેને ઠાંમ;
બહુ સુખ તેને ઠાંમ, બળવંતો બહુ બુધ નિધી;
નથી માંથે કે' નાર, પરણ્યુ પાંચ કંન્યા લિધી,
[વળી] કુળવંતો છે રાય, પગલાં થાય કુમકુમનાં;
સુંદિર શોભા છેક' જ્યાં જળવે'છે જુમનાં. ૬૬૯

દોહરો.

(હાલ] સારિ પરણ્યો છે પ્રેમદા, કુળવંતી કંન્યાય;
બહેનિ તેને પાંમતાં, ન કહે કો અંન્યાય; ૬૭૦
ડોક હલાવી દીકરી આગળ ચાલિ જેગ;
હસ્તીના પુરનો અધિપતી, ગઇ બેઠો નો તેમ; ૬૭૧
ભાવે બોલી ભાટડી, સાંભળ ફડ્ર તે વાત;
આ રાજા તો અવનવો, અવનીમાં વિખ્યાત, ૬૭૨
દાંન પુન્ય નિત્યે કરે; ક્ષત્રીમાં એ સુર;
આજ્ઞા કો લોપે નહી, લક્ષ્મી છે ભરપુર; ૬[illegible]
એ રાજાના રાજ્યમાં, સુખિઆ સર્વે લોક;

રાજનિતી રાજા તણી, સ્વપ્ને નાવે શોક; ૬૭૪
તેહ ગમ્યુ નહી તારૂણી, આગળ ચાલી જાય,
જેની પાસે થઇ [1]વિચરે, તેને પ્રસ્તાવો થાય, ૬૭૫
કોઇ કહે એ સુંદરી, હંસગતી વત ચાલ;
નિશ્ચે એ મુજને વરે, એમ થતુતું કાલ: ૬૭૬
પણ ગઇ તેતો હાથથી, હવે આશા શી હોય;
એમ વિચારે સર્વ જંન, કોશો ન રહે કોય ૬૭૭
વખાણ કરે જે ભાટડી, તે સૌ જાયે વ્યર્થ;
પંચાવન એમ પરખિયા, તોય સર્યો નહી અર્થ; ૬૭૮
કોંકણધીશ આશા તજી; મગવે મુક્યું માંન;
નીરાશ થયા સૌ નરપતી, રાજાના સંતાંન; ૬૭૯
કાહીંગો બેઠો જહાં; નાંમનો ફેરવનાર;
ત્યાં આવિ તે તારૂણિ, બોળવા ભવ ભરથાર; ૬૮૦

ચોપાઈ

રીઝે બહુ સુનંદા રૂદે; મધુરી મધુરિ વાંણિ વદે;
પેલા ભાઇ તો ખુશી થાય, હવે ગુણ એ મ્હારા ગાય;૬૮૧
નિશ્ચે પરણું નહી સંદેહ; એવું મન વિચયારે તેહ;
પેલા બેતો કંઇએ હશે, આવ્યો પત્ર તો કારજ થશે;૬૮૨
એવી મન વિચ્યારે પેર, કાહાડયો કાગળ ઊલટ ભેર;

---

[1] જાય.

ઝડપ લઇને આપ્યો હાથ, ભાટડી જે કંન્યાનીસાથ; ૬૮૩

દોહરા.

કાગળ આપ્યો નારિને, સુનંદાને હાથ;
પાસે રતી ઊભી હતી, સુનંદાની સાથ. ૬૮૪
આતો અક્ષર માહરા, એમ વિચયારૂં મંન:
કપટે કાગળ લાવિયો, તરૂણી સમજી તન. ૬૮૫
કાગળ ઘાલ્યો [1]કંચુકી, તરૂણીએ ત્યાં તર્ત;
બીજાનેં એ વાતની, સાચે રહી નહિ સર્ત ૬૮૬
વસંત તણિ સર્તે પડયો, આંખ્ય કરી તે તેણ;
કાંમદેવ સહુ સમજીયા કહ્યું સાંનમાં કે'ણ ૬૮૭
રતિરામા ત્યાં ઊચરી, રૂદ કરી બહુ રીસ;
શાંને મારે સતપતાં, પથ્થર ફુટે શીશ; ૬૮૮
ધુતારાયે ધારિયું, કહ્યું આપણનેં એહ;
નીરમાલ્ય થઇ ન બોલિયો, રહયો મન સમજી તેહ
વળતી સુનંદા ઉચરી, તરૂણી તેને ઠાર,
એ રાજાપર મુકીયાં, લાંછન અપરંપાર, ૬૯૦

છપય છંદ

જાર તણી જે જાત, શીંઘડું નહીં ટપાળે,
કુળવંતાને દેહ, પદમ નહોયે ગાલે

---

1 કાચળી.

જેમ જેમ બોલે વાંણુ, તેમ તેમ જાત જણાયે;
જેવી રીતે ઝાડ, પત્રથી ગુણ ગણાયે,
તેમ આ રાજા તારૂણી, કાગળ મુજ કર આપિયો,
મેં તો મારા મન વીશે, સ્થીર કરીને થાપિઓ. ૬૯૧

દુહા

ધુતારો ધીરજ ધરી, બોલ્યો જુગતે બોલ;
ચાતુરી ઘણી ચાળવી, નાય જણાયુ તોલ. ૬૯૨
સમજી તનમાં તારૂણી; ફંદ રચ્યો આ રાય;
નારી દ્રષ્ટી ફેરવી, ત્યાંથી આગળ જાય. ૬૯૩
માળવ દેશનો મહિપતી, સુંદિર શોભેદેહ;
રતિ સુનદા બે જણાં, આવિ નીર્ખ્યો તેહ. ૬૯૪
સાથે બીજી સાહેલિયો, તે પણ રૂપ વિશાળ,
નજરો ફાટે નિરખતાં, ભુંડા થયા હવાલ; ૬૯૫
સુનંદા કહે સુંદરી, આઊજેણી ધીશ;
ભુપત સૌ એને મળે, પ્રસન ઉમયા પત ઇશ. ૬૯૬
વિદ્યાવાંન ડાહયો ઘણો, લક્ષમીનો નહીપાર;
ક્ષીપ્રાત્રઠ સોહામણું, સકળ તિરથમાં સાર ૬૯૭
જો ઇચ્છો એ રાયને, તો બહુ પામો સૂખ;
એ પણ કાંઇ ગમ્યું નહી, માન્યનિ મચકોડયું મુખ.
આગળ ચાલ્યાં એ થકી, જયાં છે કામ વસંત;

દ્રષ્ટે દ્રષ્ટ બેની મળી, હેતે મુખ હસંત. ૬૯૯
મોહ પામિ તે માન્યની, દેખંતાં દેદાર;
જાત્રાઓ પુરણ થઈ, કાશીને કેદાર. ૭૦૦
રતિ કહે સુનંદા સુણો, ગુણ આ બેના ગાવ;
પરણું હું મિતે થકી, દેવે આપ્યો દાવ. ૭૦૧
એવું હળવે રહિ કહ્યું, તે નવ જાણે કોય;
મધ્યે સહુ ઉભાં રહી, ચારે તરફાં જોય. ૭૦૨
સુનંદા કહે સુંદરી, સફળ મનોરથ થાય;
કાંમ દેવ વસંત આ, મો'ટો છે મહિમાય. ૭૦૩
મિત્રાઇછે બેને અતિ, જેમ સહોદર ભ્રાત;
તેને પણ તે નવ બને, આતો અવનવિ વાત. ૭૦૪
સુખ માંણે સંસારમાં, લાભ જીવ્યાનો એહ;
ઉત્તમ જાતિ વિપ્રછે, ભાવે ભજ તું તેહ. ૭૦૫
રાજ્ય કરે આ રાય સો, તે તેહેના પરતાપ;
કુશળ સંધ્યા સ્નાંનમાં, મ્હો'ટું બેનું માપ. ૭૦૬
લિધાએ બેન વરી, સમરથ ઝાઝા ઘેર;
ત્રીજી તેમ તું તારૂણી, થાશો લીલા લે'ર. ૭૦૭
રૂપે રંગે ડા'પણે, કામ સમો નહિ કોય;
ખળ સાથે ખળતંઇ કરે, હેત રૂડાથી હોય. ૭૦૮
આ સહુ બેઠા અધિપતી, તારા સરખાં તેજ;

મધ્યે કામ શશિ સમા, અધીક પ્રકારે એજ.
મેહેણું મુજ માથે નહીં, જો બીજો ચિત ચા'ય.
હાવો તુજનેનહી મળે, પાછળથી પસ્ટાય. ૭૧૦
ચડપ ચેતી તે ચંચળા, કંઠ સમર્પ્યો હાર;
પગ પખાળા પ્રેમદા, લેશ ન લાગી વાર. ૭૧૧
ગુંઘટ તાણ્યો ગોરડી, ગાણી લક્ષધા લાજ;
માળ આરોપિ કંઠમાં, કીધું પુરાણ કાજ. ૭૧૨
તીલક કર્યું કુમ કુંમનું, કાંમ તણે કપાળ,
નારી નમી વસંતને, જેવો કુળનો ચાલ. ૭૧૩
કરજોડી તે કાંમ્યની, બોલી મધુરી વાંણ;
જુવંતિએ સહુ જનને, જુગતે કીધું જાંણ. ૭૧૪
ભવો ભવ તમને વરી, કાંમ દેવ પ્રભુ કંથ,
આવું તમ સંગે અમો, પ્રિત્યે પો'ડે પંથ. ૭૧૫
કાચા સુત્રને તાંતણે, બંધાંણી હું આપ;
આજ્ઞા લોપું તમ તણી, (તો)મલય કાળનું પાપ.૭૧૬
નિત્ય તમે કો' તે કરૂં, મ્હારા પ્રાંણ આધાર,
સતીપણું જે માહરૂં, વર્તે સહુ સંસાર. ૭૧૭
અધિપતીનો ૧અર્ણવ ભરયો; શોધ્યું મેંતો રત્ન,
ઈશ્વર આશા પુરજો, કરીએ સાચું જત્ન. ૭૧૮

---

૧ સમુદ્ર.

એમ કહી અબળા વળી, સખિયો સાથે ઘે'ર;
પછી તાતજી તેહનો; આવિ પુછે પેર. ૭૧૯
કયા દેશના રાયછો; તાત તણું શું નાંમ;
વિના નો'તરે આવિયા, કયાંથી આંણુ ઠાંમ. ૭૨૦
પાંણિ પડયું જે કાગુકમાં, તે મિથ્યા નહિ થાય:
ઊત્તર આપો અધિપતિ સંદેહ મા'રો જાય. ૭૨૧
અમોતો ઓળખતા નથી, લેખત નહિંતો પત્ર;
મળી ભલેરિ માંન્યની, જો આવ્યાજી અત્ર. ૭૨૨
કાંમ દેવ કે'છે મિત્રને, કો' ભાઇ આપણિ પેર;
સંદેહ ભાગો મુખથી, વળતા જૈએ ઘેર. ૭૨૩

ચોપાઈ

વસંત કહે સાંભળજો સહુ, વાત અમો આવ્યાનિ કહુ;
નંદઘડ અમારૂં ગામ, આવ્યો શંદેશો તેણે ઠામ. ૭૨૪
વાહાલો પોપટ કંન્યા તણો, તેણે શ્રમ કિધોછે ઘણો;
આવ્યો જોતો જોતો ત્યાંય, અમો વાસ વશીએ છે જયાંય
જોયું ચિન્હ ચિકિછા રૂપ; દીઠું કામ તણું સ્વરૂપ;
કરિ વિહિવા પાછો આવિયો, વળતિ સંદેસો કા'વિયો,૭૨૬
પુછો જઇ પટંતરે પેર; ઘણા હેતથી જૈને ઘે'ર
વણુ તેડે નથી આવ્યા આજ: પુછોછો તો સુણોરાજ;૭૨૭

દોહરો

વારૂં કહી વસુધાપતી, લાગ્યો પોતે પાય;
કબુલ કર્યું સૌ આગળે; લગનની વેળા થાય. ૭૨૮
આશા ભંગ સૌકો થયા, બિજા રાજ કુમાર;
પોતાને મન પાંશરા,, નારી (ને) મન ગુમાર. ૭૨૯
ગુણ વિખાણે ઘર ધણી, કાંમ દેવ શુભ રૂપ;
તુછ બીજા તે આગળે, આ સઘળા છે ભુપ. ૭૩૦
માંહિલા ગુણ માહાદેવજી, જાંણે સઘળી વાત;
એમ વિચ્યારે અધીપતી, તે તનયાનો તાત. ૭૩૧
અરૂણતો અસ્તાંગત થયો, ચંદ્ર હવા પ્રકાશ;
શીતળ સર્વેને કરચા, થયું અંધારૂ નાશ;
રાજકુંવર સૌ શોકમાં, વળી ચૈંતરનો તાપ;
તેનું દુઃખ તનમાં લઈ, હવા ઉદય શશિ આપ.૭૩૩
પવન વા'ય છે પાંશરા, શોભે રમણીક રાત;
વાજાં વાજે ત્રાવિધે, ભલાં ભલેરી ભાત. ૭૩૪
પરણાવી તે પ્રેમદા, કોડે કુળની રીત;
બીજાં દાંન દિધાં ઘણાં, ભુપતી આંણિ પ્રીત. ૭૩૫
સુર્યોદય સેહેજે થયો: માંન્યનિ(યો)મંગળ ગાય;
પ્રીત્યે કરી પે'રામણી, મો'ટાનો મહિમાય. ૭૩૬
ગાંમ ઘણાં લખી આપિયાં, ત્રાંબા પત્રે લેખ;

ઘર જમાઈ કરી થાપિયે, ન્યુન રહિ નહીં એક ૭૩૭

સહુકોને વળાવિયા, આવ્યાતા તે વાટ;
કાંમ માધવ બે રાખિયા, પારણું જોવા માટ. ૭૩૮

બનશે બેન કે નહીં, પ્રેમે જોવા પ્રીત;
માસ બે ચારેક રાખિયે, એ રાજાની રીત. ૭૩૯

પછી ગમેતો અહીં રહો, વળતી જાજો ઘે'ર
તે વાતે ચિંતા નહીં, એવી ધારી પેર; ૭૪૦

તનયા નમી જે તાતને, પાંમી આશિર્વાદ;
અખંડ શોભાગ માતા કહે, અધીક થયો ઉલાદ. ૭૪૧

મે'લ હતો એક વેગળો, (ત્યાં) રાખ્યા કાંમવસંત;
ચાકર ઘણા ત્યાં સોંપિયા, અધીક મન હસંત.૭૪૨

ચોપાઈ

એમ કરતાં વિત્યા દિન સાત, વિચ્યાર કરે માતાને તાત;
મહુરત આજાનુ છે શીકાર, મોકલીએ તનયા તે ઠાર;૭૪૩
કોડયેથી કા'વી ત્યાં પેર, મોકલજો તેડુ અમ ઘેર,
રતીનેતો હર્ખ ન માય, જુગ્તે સખીનિ પાસેં જાય. ૭૪૪

દોહરા

તેડું ત્યાંથી મોકલ્યું, રામા કેરે ઘે'ર;
પછી રચે પોતા તણું, એકાંત સ્થળ શુભ પેર,૭૪૫

પોહોળો સુંદિર ઓરડો, ઘાલ્યો ઝાક ઝમાળ;

ચંદરવા માદ્રપાટના, જડ્યા ખરા ચોફાળ. ૭૪૬
ઘડીયાલ રથંભમાં ઘાલિયું, કલાક સાંભળવા કોડ;
સુવર્ણ જડીત્ર બે પેટિયો, મુકી જોડા જોડ. ૭૪૭
એતો વાત અહીંયાં રહી, થઇ પેર શી ત્યાંય;
કન્યાને માતા કહે, હોજળ પડદા માંય. ૭૪૮
જાવ સાસરે દીકરી, કરજો જાતનાં જત્ન:
મન ગમતાં સુખ માગજો, સ્વામીછે શુભ રત્ન. ૭૪૯
હળવે હળવે બોલિયે, તોળિયે તોળી બોલ;
નહિતો આપણું ઝટ કરે, તનમાં તેતો તોલ. ૭૫૦
દીઠું કામ કરિયે સદા, કે'વું ન પડે લેશ,
શામા સઘળુ સાંભળી, બાળા કે મા બેશ, ૭૫૧
સાથે સખીઓ પરવરી, સજી શુભ શણગાર;
જાણે ચાલી હાથણી, પતી મળવાનો પ્યાર. ૭૫૨
ઘમઘમ વાગે ઘુઘરા, શબ્દ અલૌકીક થાય;
રસ્તે જે •રામા મળે, ગુણ તે બાઇના ગાય. ૭૫૩
હરખે અંગ વાધ્યું ઘણું, સુંદીર શોભા હોય:
પ્રસન દેખિ સઉ થાય છે, નિંદા ન કરે કોય, ૭૫૪

ચોપાઈ

બાળા રૂપ બાળાનું ગયું, જોબનવંતુ જુગતે થયું;
છબીલાના છાતી જાંણ, જુવાપણાનું દ એંધાંણ. ૭૫૫

કમળ પત્રના સરખી કાય, જોતાં નર તો રાજી થાય;
એવું તે રંભાનું રૂપ, કાંમ વસંત હરખ્યા અનુપ. ૭૫૬

દોહરો

આવી ઘેર પોતા તણે, ગોત્રજ પુજા કીધ;
સખિયો પાછી મોકલી, મારગ પમાડયો સીધ. ૭૫૭
વસંત માધવ (બે) ઘર વિશે, બીજી બે પ્રૌઢ નાર;
પાડોશણ પર પ્રિતછે, રે'વું એકજ ઠાર. ૭૫૮
તે ભેગી ત્રીજી મળી; રતિ સતી મહારૂપ;
જેથી જસ અતિ પામિયો, કાંમ ભડ ભાદર ભૂપ. ૭૫૯

ચોપઈ

એકાંતે બેઠા જાણું બો, વસંત કાંમને વાંણિ કૈય:
ભાઇ હુશિયાર હવે તો થજે, જુવતીશો જોરાવર હજે.
જેમ પ્રિતી કરશો તેમસાર, પુરી વાતને લેજો પાર;
જો પ્રિતી તેથી નવ કરો, તો દુઃખ પાછળથી ધરો, ૭૬૧

છપય છંદ

નરનારીને પ્રીત, ન હોય તો બિજો બદલે;
નઠોનો રચે કુરીત, અતીશો આડી અદલે;
લડાઇ કરે તે સાથ, (જો) સ્નેહ તેથી નવ સાંધે;
મારચે ન બને મેળ, બુદ્ધિ બળ શાંણે બાંધે;
એક આંખે હસાવવુ દેશાતથી ડરશો ઘણું;

ગંગાશંકર કે ઘણી વરાં, તોલ તેવું તરૂણી તણું. ૭૬૨

દોહરો

રાત પડી રવિ આથમ્યો, જંપ્યા સર્વે જંન;
પલંગ પાથર્યો પ્રેમદા, મળવા સ્વામી મંન, ૭૬૩
દીપક મુક્યો દીવિયે, કર્યું ઝાક ઝમાળ;
લવિંગ સોપારી એલચી, શોભાવ્યો શુભ થાળ. ૭૬૪
પંખો આણ્યો પ્રેમદા, શીતળ મુક્યું નીર;
વળતી એડલ ઊતરી, પે'રયાં નૌતમ ચીર. ૭૬૫
અંધારી રાતનો ચંદ્રમા, ઊદય થયો આકાશ;
અધીક જે અંધા તણો, થયો નીમેશમાં નશ. ૭૬૬
માધવ કે'છે મિત્રને. જાવ ઠેકાંણે ભ્રાત;
પરભાતે વે'લા ઉઠજો, ગઇછે ઝાઝી રાત. ૭૬૭

ચોપાઈ

ઉઠ રામ ગઇ બહુ રાત, વે'લા ઉઠજયો સર્વે પ્રભાત;
એમ કહીને ઠેકાણે થયાં, પેલાં-એ પણ મેડે ગયાં;
પે'લ વહેલી આવે બહુ શર્મ, મનુશ-જાત સઘળાનો ધર્મ
બોલવું'ચાલવું જયારે થાય, લજ્જા તનથી ત્યારે જાય;૭૬૮
પરથ ભાર એક એકનો પડે બોલે પાર હૈયાનો જડે
વિત્યું હોય તે જાંણે સર્વ, એ વાતે ન કરવો ગર્વ.૭૭૦
જુગત કરીને જોડા પ્રીત, જબરીછે માયાની રીત;

જઈ બેઠા પલંગે ચડી, ત્યાં' નારી આવી તે ઘડી;
દિપક જોત ત્યાં ઝઘઝઘાટ, દીસે ઠઉકો સઘળો ઠાઠ;
કરજોડી ઊભી કંમ્યની, નહી ભુતળ એવી ભાંમ્યની૭૭૨

દોહરા

શામા કહે સ્વામિ શુણો, આજ્ઞા આપો ઈશ;
પલંગ ઉપર બેસુ અમો, જીભ્યે કો જુગદીશ. ૭૭૩
આજ્ય બેશ અબળા અહીં, વામ અંગે કરય વાસ;
એમ કહી સુખ માંણતાં, કરતાં વિધ્યાવિલાસ.
પાન સોપારી કર ગ્રહી, અબળા આપો આપ;
આપી કરમાં કંથને, મોટું જોતું માપ, ૭૭૫

છપયછંદ

અગની તાતો જયાંય, ત્યાં ધ્રત.ઊકળે આવ્યું;
એમાં નહી સંદેહ, કાવ્ય શાસ્ત્રમાં કા'વ્યું;
સ્ત્રી પુરૂષ એકાંત, થાતાં મનરે' નહી કોનું;
નર ઇચ્છે તેમ નાર, સોની ઇચ્છે જેમ સોનું;
વાત ચીત સહુ વિસરી, સંસાર ક્રીયા સુખે કરે;
પ્રેમદા જયાં પોતાતણી, તે દિલમાં શાંણે દરે.

દોહરા

રતી પતી જોડે રમે, કરે સુખ સંભોગ;
મોજ માંણે બે જણ મળી, જુગદીશે આંણ્યો જોગ.

વાયુ શીતળ વાયછે, સુંદીર શોભે રાત;
પ્રેમદા લક્ષણુ પદમની, જુવંતી કેરી જાત. ૭૭૮
પરશેવો પુરણ થયો, ભીજયાં નીચે રૂસ;
સ્વાસ સર્વે ઠાંમે ગયો, વસંત કરે વસૂસ ૭૭૯
પુષ્પ સૌ કરમાઇ ગયાં નરમ થયાં નરનાર;
સ્વાસ ભર્યોછે મુખમાં, પછી તે પામ્યાં પાર. ૭૮૦
શીથીલ થઇ જુદાં થયાં, જેમ નવ અટકે અંગ;
રામા સંતોષ પામી રતી, અનંગ સંગથી રંગ. ૭૮૧
શ્રમ ઝાઝે થાકી ગયાં, નીદ્રા આવી તર્ત;
ઘટી બે ચ્યારેક જયાં વટી, એટલે થઇ તે સર્ત. ૮૨૭
સજગ થયાં તે સેમમાં, હેતે નરને નાર;
એટલે વાતો વિચરી, એકાંતે તે ઠાર. ૭૮૩
નારી કહે ઓ નાથજી, સુણો કહુ તે કણ.
રીસ ન કરશો પુછતાં, હું તો છું તમ શ્રણ ૭૮૪
તમ વિના વા'લું નથી, બીજું મુજને કોય;
ઇશ્વર આંણ સાચું કહું, હેત ઘણેરૂ હોય. ૭૮૫
સઘળા આ સંસારમાં, તમ વિણ માનવ જંન;
તેહ સહોદર મા જણ્યા, આ દેહે મુજ મંન;
પાલણ કરતા છો તમો, હેતે ઝાલ્યો હાથ.
લઇ જાઓ વસે જયાં, સાસરીઆંનો સાથ; ૭૮૭

અર્થ નથી કાંઇ ગર્થનો, નથી ભોગવવું રાજ;
મા'રે તો એક તમ તણું, કરોડ વરાંછે કાજ. ૭૮૮
જે આજ્ઞા દ્યો તે કરૂં, તમશું સાચો સ્નેહ;
પતી પરતીજ એ રાખજો, તમ અર્થે આ દેહ. ૭૮૯
એક મૂજને પીછવો, અજાણીછું આજ;
માધવ મોંટા તમ થકી, કે નવ કાઢુ લાજ. ૭૯૦
સગા સહોદર છો તમો, કે પરમાણી પ્રીત;
લોક વીરૂધ થાયે નહીં, માટે પુછું રીત. ૭૯૧
કામ કહે શુણ કામ્યની, સમજાવું સહુ વાત,
કાંન ધરી પુછે ફરી, તો થાયે ઉત્પાત. ૭૯૨

છપય છંદ

માધવ મારો મીત્ર, પવીત્ર જ્ઞાતીમાં પોતે;
ચોપાસ જેનાં ચરિત્ર, જોજે દીપકની જોતે;
સગાં સહોદર ભ્રાત, તેમાં પણ અંટસ હોયે.
અમ સરખું તો હેત, રાખે નહી માનવ કોયે;
જીવ એક છે દેહ જુજવા, વનીતા વશ હું એહને;
તાજય કરૂં તુજને કદી, જો તું દુભે તેહને. ૭૯૩

દોહરા

લજ્યા કાઢવી નવ ઘટે. તુલ્ય અવસ્થા તેહ;
દેહ ધારીએ માહ્યરો; કરવો એથી સ્નેહ.૭૯૪

જીવ ગએ જુદા જશું, તેવું નવ્ય ધારીશ;
પુણ્ય કરીને માગશું એકઠા કરશે ઇશ. ૭૯૫
વીસામો છે વાતનો, સુખ દુઃખનો લેનાર;
એ વીણ બીજો કો નથી, કારણસહુ કેનાર. ૭૯૬
એને નીત્યે દખું તો, હોંશ ઘણી હમેશ;
એ જાણ જોડે પરવરૂ, દેશ અને પરદેશ. ૭૯૭
સુખ એથી સંસારમાં, બીજું ન મળે કાંય;
સાચુ સગપણ મિત્રનું, પુરૂષ માત્રને ત્યાંય,૭૯૮
એવું સુણી હસી પડો, કરજોડીને કામ્ય;
તમો કહ્યું તે સત્યછે, હું પણ તેને નામ. ૭૯૯
મિત્ર સ્વામી જે તમ તણા; તે મા'રા દશવાર;
જાણીશ હવે એ આજથી, સંસાર માંહે સાર.,૮૦૦

ચોપાઈ.

વાતો કરતાં વિતી રાત, સુર્ય ઉદય થયો પ્રભાત;
દાતણ પાણી કોડે કીધ, જેહ થકી પામે નવ નીધ. ૧
સુગંધ તેલ મર્દ્યું શુભ કાય, ઉષ્ણોદકે તે વળતી ન્હાય;
શરીર સુધારી સમરયા શાંમ, રઘુપતી રાઘવ રાજા રાંમ. ૨
કામ વસંતને પરણમી પાય, જેથી સુખ શરીરે થાય;
ઝાઝી ધીરજ મનમાં ધરી, રસોઇ રામાએ રૂડી કરી. ૩
પતી મિત્ર બે બેઠા જોડય, પીરસે પ્રેમદા ત્યાં શી ખોડ

મન ગમતી મશકરીયો કરે, પતી જોડે લજ્જા શી ધરે. ૪

દોહરા

કાંમ કહે સુણ કામ્યની, અંતર નવ રાખીશ;
જીવ એક દેહ જુજવા, સંદેહ નવ રાખીશ. ૫
અબળા (કહે) આંખ્યો માહરી, સમ તુલ્ય ગણુ સદાય
એ વાતે સંદેહ કશો, કરશો; નહી કદાય. ૬
માધવ કહે સુણ માન્યની, ડાબા જમણી હોય;
એ વાતે શો ઓરતો. કહે કામ્યની કોય. ૭
કહે પ્રેમદા પ્રીતથી, લોકે પાડયાં નામ;
સરખી વાહાલી સરવને, જો જો ઠામો ઠામ. ૮

છપય છંદ

જમી ઉઠયા બે મિત્ર, એકાંતે વળતા આવ્યા;
પુરણ પ્રેમ પવિત્ર, કોડ બુદ્ધી પતી કાવ્યા;
કાંમ કહે વસંત. સુણો કહૂ તે સાચું;
સુધરી શામા તર્ત, કે કામ્યની મન કાચુ;
પ્રીતી આપણ બેઉ પરે, પુરણ પ્રાણ બાંધ્યો હવે;
તમને ભાસે તેતો કહો, વાર શીજ માયા થવે. ૯
માધવ કહે આ રીત, ઉપદેશ નીત્યે કરજો;
તેથી સરશે અર્થ, વાતો કોટી ધરજો;
જેમ સુધરે એ નાર, તેમ સુખ ઝાઝુ હોયે;

જુવો સૌ સંસાર, બુદ્ધી બળ આંણી જોયે;
બુધ્યે ગામ હાકે ઘણા, બુધ્યે જારને બાજરી;
છાનું છિપ્યું તે બુધ્યે રહે, બુધ્યે પ્રેમદા પાંશરી. ૧૦

દોહરા

એ વાત અહીઆં રહી, વળતી શો થઇ પેર;
તેડુ આવ્યું ત્યાં થકી, ગઈ પીતાને ઘે'ર, ૧૭
માયે તેડી દીકરી, એકાંતે એક ઠાર;
વાત કરે સુખ દુઃખની, સંક્ષેપે સૌ સાર. ૨
માતા કહે સુણ માન્યની, સુખ દુખ (તુજ) સંભળાવ;
ચાલ એકાંતેચંતની, ઓરડે મ્હારે આવ. ૧૩

ચોપાઈ

ગયાં બેઊ કરવાને ગુઝય, રંગ મે'લમાં અતી રમુઝ;
માતાને તનયા તે કહે, લક્ષણવંતી સરવે લહે. ૧૪
મા'રે ઘેરછે બાધુ સૂખ, નથી એકે મ્હારે કાંઈ દુઃખ;
થોડામાં ઝાઝુ કહું અમો, મારી ચીંતા નવ કરશો તમો
જો સદગુણ આપણામાં હશે, તો કારજ સૌ રૂડાં થશે;
પણ માતા માગુછું એક, શુણો વાંણો કહુછું વીવેક; ૧૬
સાસરે જાવા મરજી મુને, શરમે ઝાઝુ શું કહું તુને;
સાસુ સસરાનાં દર્શન કરૂ; રજા આપો ત્યારે પરવરૂ.
નંદઘડ નીરખવા કોડ, જાવુ મુજ પતીની જોડ;

મ્હારા તાનને કે'તું વાત, મુહુર્ત નીકળવાનુ પ્રભાતે. ૧૮

દોહરા

કહે માતા ઉતાવળાં, થયે સરે નહી અર્થ;
ગર્થ ઘણેરો આપશે, પીતા તુજ સમર્થ. ૧૯
ઘડીએ મુને ગમે નહીં, તુજ વીના પળ એક;
ઉછેરી મેં અર્ભકી, વધ્યે કરી વીવેક. ૨૦
જુવતી કે' જનુની સુણો, મુજને સુખ જો ચા'વ;
દ્યો આજ્ઞા ઉલટથી, લેઉ લાખેણો લાવ. ૨૧
પરણ્યા પછી પીયરમાં રજસ્વળા જે થાય;
મુખ દખાડે તાતને, એતો નરકે જાય. ૨૨
ગરથ મુને ગમતો નથી, પ્રીતી મ્હારે ઘે'ર;
દ્યો આજ્ઞા પ્રીતી કરી, તો મુજ ઉપર મ્હેર. ૨૩
માતાએ મનમાં ધર્યું, સાચ્યું માંની સર્વ,
તનયા કેરા તાતને, કહ્યું મુકીને ગર્વ, ૨૪
પેરય ઘણેથી પ્રીછવ્યો, કાંમ્યની પોતાનો કંથ;
મુહુર્ત નિધાર્યું કાલનું, પળશે કંન્યા પંથ. ૨૫
સૂખે સાસર વાસો કરો, આપો વસ્ત્ર શણગાર;
વોલાવો વિવેકથી, જેમ રીઝે સંસાર. ૨૬
એવું કહી સુતા સહુ, જે કોઇ માનવ જંન;
તનયા વિચ્યાર મનમાં કરે, મહિયર (રેહેવા)નહોનમું;

એમ અરૂણ ઊદય થયો, ઝગમગ ઝાક ઝમાળ
કોડે બોલ્યા કુકડા, ત્યારે જાગ્યો ભુપાળ, ૨૮
સજાગ થયાં તે સેજમાં, કંન્યા સહીત કુટંબ,
તે વેગા વાંણી વદ્યો, રાય સત્યનો સ્થંબ. ૨૯
કેમ? મરજી શી દીકરી, કહે મુજને તું આજ;
જાવા ઇચ્છોછો સાસરે, કહો મુકીને લાજ. ૩૦
અતી શરમાતાં હા કહી, મુરત આજે શુદ્ધ;
સાંજ પડે સૌ સુંઢજો, એમ કહ્યું વિબુદ્ધ, ૩૧
વારૂ કહી વસુધાપતી. તેડયો ત્યાં જામાત્ર;
માધવ સહીત બે મંદીરે, શોભે વિદ્યા પાત્ર. ૩૨
જુગતે જોડ બેશી જમ્યા, કહી એક એક(ની)પેર;
કાંમદેવ કે' રાયજી, આજ નીસરવું ઘે'ર. ૩૩
ઘણા દીવસ અહીંયાં રહ્યા, સુખમાં તમ પ્રતાપ,
સૌને જાવાનું તહીં, જો આજ્ઞા લ્યો આપ. ૩૪
માધવ હવે અકળાય છે, જાવા મરજી ઘે'ર;
રજા આપો જો સરવને, તોતો મ્હોટી મે'ર, ૩૫

ચોપાઈ

કહે રાય સુખેથી જાવ, કહો માધવને રાજી થાવ;
લ્યો લશ્કર મન ગમતા નૂર, વળી દ્રવ્ય રાખો ભરપુર
કહે માધવ સુણો મહીપતી, લશ્કર દ્રવ્યનું કારજ નથી

સ્વયંવર કેરી એછે રીત, એકલા પંથ પળાયે પ્રીત. ૩૭
માધવને આપ્યો બહુ માલ, નરપતીએ કીધોછે ન્યાલ;
જમાઇને આપ્યું ધન દીધ. કોડે કાંમ રૂડાં સૌ કીધ. ૩૮
કન્યાને આપ્યા શણગાર, અધીક મુલ્ય મોતીના હાર;
રૂડા અશ્વે રથ જોતરયો, માલ અતીશે તેમાં ભરયો.૩૯
વળાવા વસુધાપતી જાય, શુકન રૂડા તે સ્થાંનક થાય,
વચ્છ સહીત ધેનુ ત્યાં મળી, સઘળી શંકા મનથી ટળી;
નગ્ર થકી નીસરીયા બા'ર, લોક મલ્યા ત્યાં અપરંપાર,
જાચક જનને આપ્યાં દાંન, એક એકને દેછે બહુ માંન૪૧
મળી માન્યનીયો ગાયે ગીત, કરે મશ્કરી રૂડી રીત;
સ્વયંવર કેરી જે'જે રીત, કરી રાજાએ રાખી પ્રીત. ૪૨

ગીત રાગ

આવ્યોતો નંદઘડનો ચોર, લાખેણી લાડી લેઇ વળ્યોરે
કરીએ છીયે સોર બકોર, એતો મારગે ભલ્યોરે. ૪૩
દીસંતોતો સારે દેદાર, (પણ) છેતરી ગયો ભુપનેરે;
કહીએ શું વારંવાર, રતી મોહ્યાં રૂપનેરે. ૪૪
મેહે સખી રાખી નીશાન, જો પકડેતો ઓળખું'રે;
કુંડળ પે'રાં છે તેણે કાં'ન, ભાળ્યો તેહેવું ભાખુંરે.૪૫
આંખ્યોછે કમળ આકાર; ઉજવળ મુખ ચંદ્રથીરે.
નાસીકા શોભંતી છે સાર. અતી ભલો ઇંદ્રથીરે. ૪૬

મોહક મોહ તણું એતો બાણ, પ્રમાણ મેં તો કર્યુંરે;
હુંતો રહી જાણ અજાંણ, એણે રત્નતો હર્યુંરે. ૪૭
ચાતુર જાતીનો એ ચોર, હીંમત ધરી આવાચોરે,
હુંતો રહી ઘોર અઘોર, એનો લાગ ફાવીયોરે; ૪૮
કૃપા કરીને કરજોડી નાથ, શંકર સહાય ભાગ્યછેરે;
પાંમો કંદ્રપ વર નર આજ, જીવ્યા તણી જાગ્યછેરે. ૪૯

દોહરો.

વોળાવી પાછાં વળ્યાં, સજન જે સૌ કોય;
પોત પોતાના માર્ગમાં, હેતે સુખીયાં હોય, ૫૦

ચોપાઈ

રથમાં બેશી ત્રૈણે જાય. મનમાં પોતે રાજી થાય;
સાથે એક રૂડો સારથી. મહીં બેઠા મ્હોટા મારથી. ૫૧
પડે નીશા ત્યાં વાસો રહે, બીક કોની મનમાં નવ લહે;
એમ કરતાં તે આગળ જાય, સમૃતી જ્ઞાન શાંમાને થાય.
મ્હોટું વૃક્ષ.સરોવર પાળ્ય, બેઠો પોપટ તેને ડાળ:
રતી રાંમાએ દીઠો તેહ, બોલી સ્નેહ આણીને દેહ. ૫૨
રાખો રથ છોડો આ ઠાર, નિર્મળ નીર શરોવર સાર;
છોડયો રથ કરયો વિશ્રામ, ઉતરીયાં તે તેને ઠાંમ, ૫૩
સુણો કંથ કહે રામા રતી, મિત્ર સહીત બંનેછો પતી.
વેહેવાશાળીયો આપણ તણો, તે મુજને પ્યારોછે ઘણો.૫

હું તો સૌ ભુલી ગઇ ભાંન, એ કહેણે વાધ્યું અભિમાંન;
પોપટ જાત પણ ચિત્ત ચતુર, નિમગ નારાયણનું નુર.૫૫
મેં આ પોપટ દીઠો અહીં, ત્યારે સર્ત મા'રી ત્યાં ગઇ,
માટે પોપટ લાવો આજ, તો સર્વ સુધરશે કાજ. ૫૬

દોહરા

સ્વાંમી કહે સાચું કહ્યું; એમાં શું સંદેહ;
વે'વિશાળિયો આપણો, પોપટ ત્યાં છે તેહ;
એ આવે શી રીતથી, તે લઇ જઇએ ઘે'ર;
એમ વિચારે અગમાં. કરવા તેની પેર. ૫૮
કહે રતી સુણ સારથી, રથના હાંકણ હાર,
તમો જાવ પાછા ફરી. રૂડે રાજદવાર. ૫૯
કહેજ્યો જઇ મુજ તાતને, પોપટ જે ઘર માંય;
દઇ આજ્ઞાને મોકલો. રતી ઇચ્છેછે ત્યાંય. ૬૦
મુજને પાછો મોકલ્યો, પોપટ ઉપર પ્રીત;
ક્ષણુંમાં શુક એ સાંચરે, રાજ મારગે રીત, ૬૧
ખીજશો નહીં તમ ઉપરે, રીઝશે રાજ મ્હારાજ;
પોપટ અહીંયાં આવશે, કરનારો શુભ કાજ; ૬૨
મારગ પુછવો નહીં પડે, જાણીતો છે જંન;
એવું સુણી તે સાંચરયો; વીચાર કરંતાં મંન. ૬૩

ચોપાઈ

સારૂં કહી સીધાર્યો તેહ. હુકમ આધિન ચાકર જેહ;
ત્રેણુ જણ તે ઠાંમે રહ્યાં; વ્રતાંત ત્યાં વળતાં શાં થયાં ૬૪
સુંદીર કમળ શરોવર માંય; હંસ પક્ષીની પંક્તિ ત્યાંય;
કરે કોકિલ ત્યાં રૂડા નાદ, વદે પક્ષી એક એકથી વાદ.૬૫
મૃગનાં ટોળે ટોળાં ફરે, લીલાં ત્રાણ ચોપાસે ચરે;
વાયુ શીતળ રૂડો વા'ય, કૌતીક બહુ જોવાનાં થાય ૬૬
ગણગણ ગાંન ભ્રમર ભાખંત, નૌતમ નિર લે'યો નાંખંત
એવી રચના ત્યાં થાય છે, થાંભા બોલતાં શરમાય છે. ૬૭
સહવાસ વિના શરમાયે સહુ, રતી સતી લજ્યાતુર બહુ;
પછી જુગતથી બોલી બોલ, તરૂણી આપે તોળે તોલ.૬૮

દોહરા

ભાવ ઘણે તે ભાંમ્યની, બોલી મધુરા બોલ;
પ્રેમે પતીને પ્રીછવે, તરૂણી આપે તોલ. ૬૯
સ્વાંમીજી સાચુ કહું, તે ધરજો સહુ કર્ણું;
તમથીં વા'લુ કો નથી, હું તોછું તમ શર્ણું. ૭૦
સ્રીયો કોની થઇ નથી, એવું કહે સૌ કોય;
પણ પેઉ વા'લા મુજને, જેમ મચ્છને તોય. ૭૧
અંતર પ્રીતી અમ તણી નહીં ઉપરની અર્જ;
એવું મનમાં (ન) આણુશો, જે ઘટમાં કાંઇ ગર્જ, ૭૨

છપ્પા

ગરજે જાય પરદેશ, સ્વદેશ તજીને સર્વે,
ગરજે વિપ્રોત વેશ, ભવૈયા કુશળ ધર્વે.
ગરજે પેસે કૂપ, અર્ણવમાં નિત્યે ઓપે;
ગરજે પાળે ભુપ. રઈયત નવ લજ્યા લોપે,
મતલબ વિના કોઇ માનવી, શેવે નહીં દીન દેવને;
સુંદરી કહે સ્વામી સુણો, હું તો ઇછું તમ શેવને ૭૩

દોહરા

ગર્જ વિત્યે ઘડી (નવ) રહે, કોઇ ન કોની પાસ,
પણ હું માગું એટલું, નીરંતર (તમારો) સહવાસ. ૭૪
વાંક પડે વઢજો સદા, જો ઇચ્છું અસત્ય;
શીક્ષા કરજો શત ઘણી, પાંનીપર મુજ મત્ય. ૭૫
દયા ધરી પછી દેહમાં, બોલ્યા કાંમ કીપાળ;
નાથ કહે નારી સુણો, સંદેહ મનનો ટાળ્ય. ૭૬
પુર્વ જનમ સંચા થકી, થયો હશે સંજોગ;
હુ કહું તે પાળે સદા, તો ઇછું ઉપભોગ, ૭૭
પતી કહે સુણ પ્રેમદા, લક્ષ વાતની (એક) વાત;
હુને માધવ એકછું. સત્ય કહું સાક્ષાત, ૭૮

ચોપાઈ

શામાયે ચંડાવ્યું શીશ; તમે બેહુ મ્હારા જુગદીશ;

વિનોદ કરેને આગળ જાય; રમે જમે સૌ રાજી થાય,૭૯
આગળ એક આશ્રમ ત્યાં નવો, તેણે જાણીને આનંદ હવે
કાણભજ રૂષી રહે તે માંય, નિરમળ નીર દિસેછે જયાંય૮૦
કરે તપ મીંચી લોચંન, મહારૂદ્ર ઊપર તેનું મંન;
સુકાઇ કાષ્ટ કલેવર થાય, જેમ પુષ્પ કોમળ કરમાય. ૮૧
ઊભા સર્વે જઇ તેને ઠામ, જોયું આગળ પાછળ ધાંમ
જુવો હવે બને શીવાત, સાંભળજો સર્વે મુજ ભ્રાત.

દોહરા

હેત ધરી અંતર વીશે, માધવ કહે શુણ મીત્ર;
આ સ્થાનક મધ્યે હશે, કોઇક પર્મ પવિત્ર. ૮૩
જેને ચાલો ઝાંખીયે, કોણ રહે આ ઠાર;
એટલે નિરખ્યા નેત્રથી, દ્રશિ બારણા બાહાર,
પ્રીત ધરી પાસેં ગયા, આંણ્યુ શીતળ નીર;
ફુલવતો તે છાંટિયું, શીતળ કર્યુ શરીર. ૮૫
એટલે નેત્ર ઉઘાડિયાં કર્ણે સાંભળી વાણ;
માણસછે એમ મંનમાં, થયું જરૂરી જાણ. ૮૬

ચોપાઈ

કાણભજ કહે ભાઇ આવ્યું કોણ, ઝાઝે વરપે રસ્તે ઓણ,
થયો કામ તણો અવતાર. ભાશ્યું આજ મુને આ ઠાર.
શાહ્યા પંથી નામી શીષ, અમ ઊપર કરશો માં રીસ

કોણુ તમે તે અમને કહો, વળતિ વાત અમારી લહો. ૮૬

દોહરા

રૂશી કહે ભાઇજી શુણો, કાગુભજ મહારૂ નામ;
આયુષ લાંબુ માયરૂં, માટ્ય રહૂ આ ઠામ. ૮૯
રાંમા અવતાર લક્ષો થયા, ક્રષ્ના અવતારસેં ક્રોડ;
કામા અવતાર કાંઈ કોટિધા, મનથી ઊતર્યો મોડ,
વળી થવાનો છે હવે, કાંમ તણો અવતાર,
અકે ભાસે આ સુંદરી, રતીજ હોય જેમ નાર. ૯૧
કામ સમા ભાસો તમે.માધવ સમા આ મિત્ર;
સાચુ કહો સુખે તમે, છોતો પર્મ પવિત્ર. ૯૨
હુંતો ભાઇ ઘરડો થયો, ગણ્યા ઘણા અવતાર;
આ સ્થાનક રહિ નિરખિયા, અપરમપાર અપાર.
અંશા અવતાર (કોઇ) અવતરે, જાણું કાંને વાત;
એટલે કણ એક પાત્રમાં, નાંખી ગણ્ર પ્રભાત.૯૪

ચોપઈ

ચીત ધરી લાગ્યાં તે ચર્ણે, મહારાજ કહ્યું તે ધાર્યુ કર્ણ;
માણસ દેહ અજાણ્યા અમો, કેમ ઊપમા વધારો તમો
કોણે કહી આવિને વાત તેહ કરો મુજને પ્રખ્યાત;
રતી કાંમને મિત્ર વસંત, શુણી અચરતનેઆંખ્યહસંત ૯૬

દોહરા

રૂશી કહે નવ માનશો, જુઠું તમે જરાય;
તપશ્ચર્યાનુ ફળ ઘટે, હસવું કેમ કદાય. ૯૭

ચોપઈ

એમાં સંદેહ લેશ નથી, ક્રોડ વરાં કેહે શું કથી;
અચળ અવિનાશ તમે જાણ ચાર, બે નરને જોડે બે
નાર. ૯૮
સઉના ઉરમાં રોછો સદા, પ્રગટ અવતાર કરોછો કદા;
અચળ અવિનાશી રે'જો તમો, આશિરવાદ દિએજે અમે
કરજો ચિત ધરી ચરિત્ર, તમે ચારેછો પર્મ પવિત્ર;
એહુ વાત અહીંઆંથી રહી, વળતી ત્યાં બીજી શી થઇ. ૯૦૦

દોહરા

પોપટ ત્યાંથી મોકલ્યો, રાજાએ તત્કાળ;
સારથી લઇને આવિયો, શાસ્ત્રી લાવ્યો બાળ ૧
પોપટ કહે સુણ પ્રેમદા, મુક્યો મહારો સ્નેહ,
પીયર મુંકીને પરવર્યા, એહ ઘણો સંદેહ. ૨
પ્રોતી મુજ ઉપર ઘણી, ખવરાવીને ખાવ;
મેં જાણ્યું જે [ગર્જ] પરહરી. માટે મુકી જાવ.
કામ્યની કહેરે ફિર શુણ, આડા બોલે બોલ;
પાછો પેરો સારથી, તુજ કારણ તે મ્હેલ; ૪

મળ્યો તુજને કે નવ મળ્યો, વિસ્તારી કહે વાત;
કે આળચો વીના કહ્યે, ખરી સુણાવ તું ખ્યાત; ૫
શુક કહે સુણ સુંદરી, મોકલ્યો મુજને એણ;
પીતા તારાને પ્રીછળ્યાં, તેણે તહારાં કેણ. ૬
આવવા દીધા અધિપતી, મુજને તો આ કામ;
ચીંતા તમે નવ ધારશો, હું છું તહારે નામ,
શાંગા કહે સારૂ થયું, હરખ્યું મહારૂ મંન.
ત્રાસ થયું તુજ આવતાં, તેણે જાણનુ તંન. ૮

છપ્પય છંદ

હરખે વાધે રૂપ, સ્વરૂપ સુકોમળ શોભે;
હરખે સુજે સર્વ, સુખ સંપત સ્થિર થોભે. ૯
હરખે ઉદ્યમ હોય, આળસ સહુ ત્રાસે નાસે;
હરખે વશ રહે વિસ્વ, પ્રભુ પોતાની પાસે;
ક્લેશ થકી કાયા ઘટે, ભર જોબનપર ભાગ્યની;
ગંગાશંકર કહે શુકવદ્યો, ક્લેશન કરવો કાંમ્યની,

ચોપાઈ

રૂશીનં પાયે પાગુમાં સહુ, બંને મિત્ર પોપટ નં વહુ;
આમો હવે જૈશુંજી ઘેર, થયાં દરસન તે લીલાલ્હેર;૧૦
રૂશી કહે ભાઇ સુણો વાત, હેત ઘણે કહુછુ સાક્ષાત;
તમ તણો જે છે અવતાર, તેથી નભશે સૌ સંસાર. ૧૧

દોહરા

ઈશ્વરે સ્રષ્ટી રચી, રમુજ કાજ આ લોક.
નર નારી વીગતે કરી, આપ થયા અશોક. ૧૨
સમજ આપી પછિ સરવને, જોડું થઇ જોડાય;
અધિક ઈશ્વર ઇચ્છા થકી, પ્રગટ પ્રાક્રમી થાય. ૧૩
ઊદ્યમ કરે તે અતી ઘણા, પુન્ય પરમારથ કાંમ
એવાં બ્રહ્માંડ અનેકધા. રચિયાં ઠાંમો ઠાંમ; ૧૪
મનગમતા મારગ કરયા, પરદારાદિક ત્યાગ;
રસ્તે પાડયા સરવનેં, અધિક સહિત અનુરાગ, ૧૫
માંહિથી મતિયા નિકલ્યા, કોઇક માનવ જંન.
માન થવા પોતા તણું, વિચાર કરયો કાંઇ મંન, ૧૬
મુસ્કલ શું સંસારમાં, કોઇ થકી નવ થાય;
માંન વધે ને અંન મળે, એવો કોણ ઉપાય, ૧૭
તેહ ધારી તરૂણી તજી, મુંડ મુડાવ્યુ શીરઃ
અચરત જાણી સરવકો, માંને તેને ઇશ, ૧૮
એકાંત રહે અવાસમાં, સ્ત્રીનું (ન)જાંખે મૂખ;
કામ તજે બહુ ક્રોધથી, દેહે પાંમે (અતિ) દુઃખ. ૧૯
બોધ કરે બહુ લોકને, તેના જેવા થાયઃ
દુખ વેઠે ઇશ્વર મળે, એવા સુણી ઉપાય. ૨૦
તજે પરણીને પ્રેમદા, કરે નીત્ય ઉપદેશ;

બીજાને તેવા કરે, વપુ મુડાવી વેશ, ૨૧
ભાર મુકી ભાગ્યો સકલ, અડગ્યો સૈ સંસાર,
કહે રૂશી તે ટાળવા, તમો ધર્યો અવતાર, ૨૨
જ્ઞાન થયું સઘળું મુને, તમોય છો૭ દવ;
એમ કહી આદર ઘણે, કરી ત્રૈણુની શેવ, ૨૩
જાવ મ્હારાજ કારજ કરો, ચલવો સૈ સંસાર;
શ્રષ્ટી વધવાના કારણે, ભલે ધર્યો અવતાર; ૨૪
કણભજ રીઝયા કાંમને, તોલ કરીને તંત્ર
પર કાયા પરવેશનો, આપ્યો મોંઘો મંત્ર ૨૫
આપ્યું વરદાંન વસંતને, તમો જાશો જે ઠાંમ,
નૌતમ શોભા અવનવી, બનશે ધરણી ધાંમ, ૨૬
રતીસતીને રીઝિયા, મુખથી બોલ્યા વાચ,
કાંમ ભવોભવ કંથ તુજ, સુંદરી કહું છુ સાચ. ૨૭
પોપટને પ્રીતે કહ્યું, થાશે તુજને જ્ઞાન;
સઘળા તા'રા વંશના, સુધરશે સંતાન- ૨૮
ચારેચીતમાં હરખ્યાં, પ્રિતે લાગ્યાં પાગ્ય;
ભલે દરસન દીધાં તમો, ભળ્યાં અમારાં ભાગ્ય.૨૯
તજી આશ્રમ ત્યાં થકી. આગળ ચાલ્યાં જાય;
સર્વ સજી ચિંતા તજી, નગર સમિપે થાય. ૩૦
પાંમ્યા પાર મારગ તણો, આવ્યું ગુણવંત ગામ;

કીલ્લા બા'ર ઉભા રહ્યા, એક આશ્રમને ઠામ,
પોશાક સજીને પરવર્યા, રંભા બેઠિ રથ માંય.
માધવ વસંત બે હીંડતાં, આવ્યા શેરી જ્યાંય.૩૨
પડદો ઊઘાડચો પ્રેમદા, જાંણે ઝબકી વીજ,
ઉદયકાર શશી સમો, નિર્મળ કાંન્તિ નીજ, ૩૩
વાત વાયુ વત વિચરી, સૌકોયે જાંણ્યું સર્વ;
એ તરૂણીના આગળે' અબળા મુકે ગર્વ. ૩૪
કોઇ કહે મેં નિરખ્યો, સઘળો આ સંસાર;
જોડુ બેનું જુગતથી, દીઠું નહીં કોઇ ઠાર. ૩૫
રૂપ પ્રમાણે ગુણ છે, નહીં એકેમાં નુન્ય;
એવું જોડું પાંમે સદા, જો પુર્વેકર્યું (હોય) પુન્ય. ૩૬

છપ્પય છંદ

રૂપ પ્રમાણે ગુંણ, સમર્થ પાણ દેહમાં સાચુ;
વરણન કરે તે કુણ; સર્વમાં દૈવત કાચું ૩૭
મોહિની મોહ સ્વરૂપ; બેનાં સહુ સરખાં નરખે;
જોતાં નુર અનુપ, પુર જન હૈડે હરખે; ૩૮
બુદ્ધી ગુણને આકૃતી, બે નરને બે નારમાં;
માધવ કાંમ સગુણા રતી, એ ચ્યાર શોભેસંસારમાં;૩૯

ચોપાઈ.

ભલે પધારયા સૌકો કહે, નાત જાત સુખે ગુણ લહે

ભોગવે સુખ તે રૂડી રીત, પરસ્પરે રાખે બહુ પ્રીત,૪૦

દોહરા

મળી સગુણા સુંદરી, કહિ એક એક(નિ) પેર;
રતી પાયે લાગી જઈ, ઘરડા સઊને ઘેર. ૪૧
રમે જમે રાજી રહે, કરે હાસ્ય વિનોદ;
અંતર પ્રિતિ એક એકની, અધિક થયો આમોદ ૪૨
જોડયે ઘર બે મિત્રનાં, રાજ મારગ વચમાંય,
અંતરિક્ષ પુલ ત્યાં બાંધીયો, કાષ્ટ રચનાથિ ત્યાંય; ૪૩
જૂદુને જૂદુ નહીં, નહીં એકને એક;
લોક વહેવાર નિંદે નહીં, કર્યો એહ વિવેક; ૪૪
દીવાનખાંનું એક દીપતું. એકાંત્ય કરવા વાત;
મિત્ર બંને સુખ શોભતું, ચીત ધરીને ચાંત. ૪૫
પડખે બેના ઓરડા, શોભા કહી નવ જાય,
આનંદ નિત્યે અવનવો, તે સ્થાનકમાં થાય. ૪૬
પુલ મધ્યે રહે પાંજરૂ; સુંદિર સુવર્ણ જડીત્ર;
પોપટ રતીના પિયરનો, મુક્યો ત્યાં બે મિત્ર. ૪૭
ખરી મુકી ત્યાં ખુરશીયો, એક હીંડોળાખાટ;
બંને મિત્ર સુખ પાંમવા, માંડી રચના (તે) માટ.૪૮
રતી સગુણા સુંદરી, થઇ આપે એકાંત.
વાત કરે વીનોદની, ભાગે મનની ભ્રાંત, ૪૯

ચોપાઈ

ગ્રીષ્મ રતુ બેઠો જેટલે, સુર્ય તપવા માંડયો તેટલે;
ભોગવે શુખતે રૂડી રીત, એક એક ઊપર રાખે પ્રીત ૫૦
ઝીણી વસ્ત્ર ધરે નિત અંગ, રૂડે રાચે *પારે રંગ;
કેશ કસ્તુરી ચંદન તણાં, શિતળ અંગે છાંટે છાંટણા; ૫૧
એક દીવશે પડતાં રાત, કામ વસંત બે કરતાં વાત,
નીશા ગઈ ઘટી બેચાર, ચડે રતી મેડે તે ઠાર; ૫૨
આણ ધારયા માધવ ઊતરે, અંગે અંગ અથડાંણુ ખરે
મેડે પાછા ચડયા વસંત, એટલે આવી નાર હસંત ૫૩
ઉતાવળ એવડી સી હતી, હુ તો થઇ ઓચંતી શતી,
માધવ હાસ્ય તે ઝીનુ કરે, કાંમદેવ શ્રવણે તે ધરે; ૫૪

દોહરો

[1]કટી [2]કુચ સહીત તે સોંપિયું, નિધી સઘળી તે નાળ
*કરિણી વેચી કાં કરે, અંકુશાની તકરાર, ૫૫
ચંચળ બોલ બોલે ચતુર, ઊરમાં આંણિ હેત;
છે અંકુશ અરપણ કરી, સ્વયંવર સભા સમેત, ૫૬
મન રૂપિ અંકુશ માયરો, તે તમ બેને હાથ
સ્નેહ તોડયો સહુ કોવનો, જોડયો તમ બે સાથ ૫૭
એવું કહી ત્રણે જણાં બેઠાં હીંડોળા ખાટ;

---

૧ કેડ (કંમર) ૨ સ્તન * હાથી

એવે સગુણા ઉપરે, આવી (કાંઇ) કારજ માટ; ૫૮
દીઠાં બેઠાં ત્રેણે જણાં, હેત ધરી હસંત;
હાસ્ય વચન બોલી અતી, સુણે જેમ (કામ)વસંત. ૫૯
કહે ભાગ છે માહરો, રતી (કેમ) ભોગવે રત્ન;
કરી મસ્કરી કાંમની, દીલમાં આણી યત્ન. ૬૦
કાંમ કહે સુણ સુંદરી, થયું શોકનું સાલ:
તે ઉપર પ્રીતી જશે, હસે જેમાં બહુ માલ.
વશ થયા વનિતા કહે, પાંમ્યા મોહ અપાર;
નવી નારીને નિરખતાં, રીઝે સૌ સંસાર. ૬૨

श्लोक

पुष्पंद्रष्ट्वाफलंद्रष्ट्वा ॥ द्रष्ट्वानारीचयौवनं ॥
पातितंद्रविणंद्रष्ट्वा ॥ कस्यनोचलितंमनः ॥ १

આર્ધ દુહો

સુંદિર પુષ્પ કે ફળ નવીન, નારી યૌવન જેહ;
પડ્યું દ્રવ્યને દેખતાં, કોણ ન ઇચ્છે તેહ. ૬૩

છપ્પય છંદ

નવી પરણે જે નાર, જુની શું જોખ ન માંડે;
હોય પ્રીતી અપાર, તોય પાછળથી છાંડે;
આગળ(ની)નાં સંતાન, તે ઊપર હેત ન આણે;

નવાને ઝાઝાંમાંન, જીવથી વ્હાલાં જાંણિ;
એવું આ સંસારમાં, ઘે'રે ઘેર ઘણું થયું;
એ રીતે સગુણાસતી, હશી કાંમ આગળ કહયું; ૬૪

દાહરા

સમ પ્રિતી તમ બેયપર, ગણીએ સત્ય સદાય;
એ વાતે કાંઇ કાંમ્યની, કુડુ ન કહીશ કદાય; ૬૫
કાંમ્યની કહે કુડુ કશું, હસતાં બોલી બોલ;
દુ:ખ ન ગણશો દહમાં, અમ બેનુ સમતોલ; ૬૬
રૂપે રંગે ડાપણે, બેનો એક સ્વભાવ;
તેમ તમ બેના છે સહી, નિત્યે થાય નભાવ; ૬૭
રતી સાથે શરમાઇ ગઇ, કાંઇ ન બોલી કે'ણ
નવા સહવાસને કારણે, વદને વદયું નહીં વેણ. ૬૮
રાત ગઇ માધવ કહે, હું જઉછુ મુજ સ્થાંન;
ઘણા હેતે મારિ વતી, દજ્યો ઝાઝાં માંન. ૬૯
માધવ ગયો નીજ મંદીરે, રમણીક છે એકાંત;
સગુણા (તે)ઠાંમે સંચરી, ભાંમ્યની નિશી ભ્રાંત, ૭૦
કરી પથારી કાંમ્યની, ભાંમ્યની માગ્યો ભોગ;
તેનિ આતુરતા દિલ લહી; માધવ સાધ્યો જોગ. ૭૧
તૃપ્ત થઇ તે તારૂણી, વળતિ વિસ્તારિ વાત;
પુછે પ્રિતમ અમો, કહો આજુની રાત. ૭૨

રમો જમો જોડયે રહો, કરો હરનિશ કાંમ;
આ વેળા એ મિત્રને, મુકયા જુદે ઠાંમ ૭૩
વસંત કહે વનિતા સુણો, અબળા આપ અજાંણ
કદી જુદા જાંણીશમાં, જિમ કહુ નીરવાંણ. ૭૪
સ્વયંવરમાંથી આવતાં, દીઠું સુંદિર ધામ;
તે ઠામે રૂષી હતા, કાણુભજ તેનું નામ, ૭૫
સેવા કિધી શુભ રિતથી, આપ્યો કાંમને મંત્ર;
પર કાયા પરવેશનો, જોવિધ ચાલે તંત્ર, ૭૬
મેં કહ્યું મહારાજ કાંઇ, આપો મુજને અંત્ર,
કહે તમો વાસો જહાં, થાય નવાં કુર પત્ર. ૭૭
તમ કરતાં તમ મિત્રને, ફળશે મંત્ર અધિક;
જગત સઘળાને જીતશો, નહી રહે કોની બીક. ૭૮
વાયુ રૂપી તમ બેવનો, છે એક બાજે દેહ;
તેહ તમો જાંણો નહીં, કહુછું આંણી સ્નેહ, ૭૯
દેહ તણા અજ્ઞાનથી, રહો અજાંણ્યા આપ;
માટે તમને પ્રિછવ્યું, તનુ ન ધરશો તાપ; ૮૦
નર નારી જે વિશ્વમાં, (તેમાં)પ્રીતે હોય (તમ)પ્રવેશ;
પ્રેમદા પેઠ જોડુ મળે, હાજર થાય હંમેશ, ૮૧
વળી નવું વરદાન હું આપુ તમને આજ;
જેથી સઘળાં તમ તણાં, સુધરશે સહુ કાજ' ૮૨

રમણીક સ્થળ એકાંતમાં, જાય નર નારિ જોડ;
કહેશે કો નથી જાંણતું, (પણ)સઘળું જોશે તેડ. ૮૩
દેહ દેખે નહીં તમ તણી;(જો) કરશે ક્રોડ ઉપાય;
એ વરદાન ફળશે તુને, એમ કહ્યું દ્વિજરાય, ૮૪

ચોપઈ

સગુણા કહે સ્વામીજી સુણો, ભારે બોલ કેમ મુખે ભણો;
એસા વેસા બોલો બોલ, તરૂણી કહે ઘટશે તમ તોલ. ૮૫
શું હું તે કાંઇ નાંની બાળ; આચક બોલ્યા આળપંપાળ;
કહોછો આપે ખોટી વાત, કેમ સાચુ માંનું સાક્ષાત. ૮૬

દોહરા

નારી કહે નિશ્ચે કરૂં, ત્યારે માંનુ વાત;
જુઠું સાચુ ભાડવો, મોટા મ્હાજમ રાત; ૮૭
માધવ કહે સુણ માંનની. કરજે શતધા શોધ;
જુઠુ કદી નવ બોલિયે, બહુ શાસ્ત્રનો બોધ. ૮૮
કાંમે જાંણી કલ્પના, રૂશી તણો પ્રતાપ;
પ્રકટ થયાં પ્રિત્યે થકી, પોતે આપો આપ, ૮૯
વનીતા તે વિસમે થઇ, લક્ષધા પાંમી લાજ;
આતે આતે આતે કહ્યું, કરો કેમ કુકુ કાજ. ૯૦
અટકાળ્યાં છે બારણાં, સાંકળ ભુગળ સહીત;
સ્વાંમીએ મુજને કહ્યું, તે સૌ સાચી રીત. ૯૧

કાંમ કહે સુણ કાંમ્યની, જુદા અમારા દેહ;
જીવ હંમેશાં એક છે: સાચુ માનજે તેહ; ૯૨
શ્રષ્ટી પેંદા થાય છે, તે સૌ અમ પ્રતાપ;
અંશ રૂપે સૌ દેહમાં; વશીએ આપો આપ; ૯૩
એકાંત સ્થળ વશિએ સદા, વાયુ રૂપ છે દેહ;
માટે અનંગ અમને કહે શાંણા સમજુ જેહ. ૯૪
સંહાર થાય શ્રષ્ટી તણો, એટલે આપણ ચાર;
પ્રગટ આપ અડીયાં થઈ, રચીએ સૈં સંસાર. ૯૫
દેહ તણા અજ્ઞાનથી; નો'તા જાંણતા કાંય.
તેહ રૂશીએ પ્રાછવ્યું, મળીયા મ્હા વન માંય. ૯૬
શ્રષ્ટીમાં નર નારયને, દેહ દરસન નવ દેહ;
હું દ્રષ્ટે દેખું સદા, પુરણ પ્રેમદા પેઠ; ૯૭
કાંમ્યની તુ જે કંથશું, બોલી જેજે કે'ણ,
તે સઊ મેં શ્રાણે ધરયાં વનિતા તારાં વેણ; ૯૮
ભોન જાણ્યા અમ બેયને, માટે દરશન દીધ;
જુાંતો હું તો જાઉછું, કર્યં કારજ તું શીધ્ર, ૯૯
નારી કહે ઓ નાથજી, હુતુ મુજને અજ્ઞાન;
હવે સંશય દુટયો સહુ, આવ્યું મુજને ભાંન. ૧૦૧
એમ કહી પ્રદક્ષણા (કરી), જોડયા બને હાથ;
મ્હારાજમાગ્યું આપો મુંને. ભોગ કરો મુજ સાથ.૧૦૨

એક સ્વરૂપ છે તમ તણું, ત્યાં શો ધર્મ વીરૂધ;
પતી તણો સંગ પ્રેમદા, કરતાં થાયે શુધ. ૧૦૨

કાંમ કહે સુણ કાંમ્યની, આ દેહે નવ થાય;
પ્રવેશ કરૂં મુજ મિત્રમાં, અન્યા નવ કહેવાય. ૧૦૩

આપણને બાદક નહીં, (પણ) આગળ વરતો લોક;
ધરમ કરમ જાણે નહીં, માટે એતો ફોક. ૧૦૪

આપણ જયારે કિજીયે, અન્ય કરે તે રીત;
ફરનીશાએ આચરે, હોય લગારેક પ્રીત. ૧૦૫

માટે મુજ (મીત્ર)ના દેહમાં, પ્રગટ નવ લાગે પાપ;
હંમેશાં તુ જાંણજે, હું છું આપો આપ. ૧૦૬

કાંમ્યની કહે ઓ કંથજી, માનુછુ મ્હારાજ:
ધર્મ શા'સ્ત્રની વાત જે, સંભળાવોને આજ. ૧૦૭

કાંમ કહે સુણ કાંમ્યની, ભારે બુદ્ધી તુજ;
હેત થકી સર્વે કહે, વળી કહુછુ હું જ, ૧૦૮

ચોપાઈ

સુખ દુખ મિત્રને કહેવું સહી, કુડી દ્રષ્ટીયે જોવું નહીં;
છાંની વાત સર્વે કીજીએ, વિભિચાર પદ નવ દિજીયે ૧૦૯
સ્વાંમી અંગમાં કરે પ્રવેશ, તેનો સંગ કરીએ હંમેશ;
બીજો દડ તે સ્નેહુજ તણો, નીત્યે એવી રીતે ગણો. ૧૧૦

છપય છંદ

પર પુરૂષની પ્રીત. કરે તે ગુણકા લહીયે;
ચાલે નહીં કુળ રીત, તેનેતો કુલટા કહીયે;
કરે સ્વાંમિ શું રોસ, પાપણિ તેથિ નહીં બીજી;
સાંખે સ્વાંમિ(નો) જોસ; કહૂ જો ઝાઝું ખીજી,
મિત્ર ને વાત વિનોદની; કરે હાસ્ય તે માંનીએ;
બુદ્ધીને સ્થોર રાખીયે, જેહ વશીછે પાંનીએ. ૧૧૧

દોહરા

વિધવાને શો વર્ત્તવો, ધરમ શાસ્ત્રનો ધર્મ;
કાંમ્યની કહે કો' કથજી, લેશ ન ધરશો શર્મ. ૧૧૨
સુણ શાંમા સાચુ કહુ, વાંધવા નારી થાય;
મન વશ રહે (નહી) માંનની, તો પાવક પળાય૧૧૩
બળી મરે સ્વામી સહીત; જો વશ જીવ ન હોય;
આત્મ હત્યાનો દોશ ત્યાં, કદિ કહે નહીં કોય. ૧૧૪
સ્તુતી કરે તે સુર્યની, અગ્રણ કરૂ અનર્થ;
આત્મ હત્યા આગગો કરે, નથી જીવા સમર્થ. ૧૧૫
વીહુવળ થાતાં વાર નહીં, વનીતા કેરો દેહ;
તેવી જે નારો હશે, બળશે જોડયે તેહ; ૧૧૬
બિજી આપે જીવશે. કરે વ્રત અપાર;
યૌવનપણામાં આર્ધ અંન: ખાશે એકજ વાર. ૧ ૯

દેહ કષ્ટ પામે અતી હું, નહીં કરૂં પ્રવેશ;
બીજે જન્મ પતી મળે, એના એ હંમેશ. ૧૧૮
પુરૂશ જે પરણી નારને, આપે નહીં ઉપભોગ:
જન્મો જનમ તે દેહમાં, રૌરવ વધે રોગ. ૧૧૯
પરનાર તણી પરણી જાણે, સજે મિત્રાઇ (સમ) તુલ્ય;
પ્રીતી પરમેશ્વર ઊપરે, રાખો મોધે મુલ્ય. ૦૧૨
સગુણા કહે મેં સાંભળ્યું. થશું મંત્ર પવિત્ર
આ અવસર ભલે આવિયો, મ્હેં ટાળીજી મિત્ર. ૧૨૧
કરો મુજ સ્વામિ અંગમાં, જિતો આપ પ્રવેશ;
ભોગ આપો કરૂ કાંમ્યની; કંથજી ટાળો કલેશ. ૧૨૨
વાયુ રૂપ વસંતમાં, પ્રવેશ કરયો જશાં પ્રીતઃ
વળતી શી બાકી રહે, એકાંત રૂડી રીત. ૧૩૧

ચોપઈ

એ વાત અહીંયાંથી રહી, રતી તણી ત્યાં શી ગત થઇ;
ઝબકીને ઊઠી જેટલે, સેજ સુની દીઠી તેટલે; ૧
અરૂપરૂ તે રાંગા જોય, મંદીરમાં નવ દીઠું કોય;
વીચાર મનમાં વનિતા કરે, અશોક શોક હૈયામાં ધરે. ૨
એટલે કાંમ ત્યાં આવ્યા આપ, નારીને મટયો સંતાપ;
ક્યાં ગયા તા કહ્યે સતી. ભાવ ઘણો બોલી તે રતી; ૩
આગળી વાત માંડીને કહો, આપઈતી જે રીતે થઈ;

પ્રાતસમે સૌ એગાં થાય; રમે જમે જેવું ચિત ચા'ય, ૪
"નર નારીના સ્નેહની, ગુપ્ત ઘણેરી વાત;
પુરાણ લખવા પ્રેમને, નથીજ કર્યો વીક્ષાત; ૫
ઇશારતથી સમજે વળી, સખી સેત્રંજનો સાર;
ભલા કંઇ ભમતા રહે, જોઇ નજરથી નાર; ૬
અધીક અધીક એ ગ ઘણા, ભાત ભાતના ખેલ;
રમવામાં રાજી ઘણાં, કરે ગમત બહુ ગેલ; ૭
તાળસ્વરને મેલવી, નારી નિત્યે ગાય;
રંજન કરવા રીતથી, સ્વામીને એ ચા'ય;" ૮

ઇંદ્રવિજય, અથવા, મત્ત ગયંદ છંદ;

સ્વામિ તણા સહવાસ થકી બહુ, રંગ થકી સુખમાં રમતીતે;
મિત્ર હતા જાણ બેય વળી શુભ, નાર હતી નિજ એ ગમતીતે
સૂખ તણા ઉભરા ઊરથી પતિ, સંગ થકી કદિ ના શમતાતે;
દૂર કદી નવ જાય ખરે નિજ, સ્વામિવિના રતિ કે(ના)ગમતાતે;
જાય પતિ પરદેશ કદી સત, શોગનથી વદને વદતે;
પ્રીય તમે ટકશો નખરે ઝટ, કામ કરી વળજો તનયાતે;
એમ છતાં ટકવુંજ પડે અમને ઝટ પત્ર લખો તમ એકે;
નાથ ગયે ઘરમાં મુજને નથી, આપ વીના ગમતું લગિરેકે
જાય પતી પરદેશ તદાનીજ, અંગ વીશે શાણગાર સજેના
ભોંય સુવે અન એક જમે શિઝ, વ્રત કદી તદનાર તજેના

ધ્યાને ધરી દીન રોજ ગણે ભમતી ઘર આંગણ આશકરીને,
પ્રીય ખરે અમણાં વળશેમળશે મુજને ઝટ પ્રેમ ધરીને; ૯

દોહરો.

નારી નક્કી જાંણતી, અમ્રત સરખુ નેહ;
પ્રિય સ્વાંમી અને (પતીના)મિત્રનાં, દર્શન રૂડાં તેહ;૧૦
કાંમ કહેછે મિત્રને, અમ્રત સર્ખુ જેહ;
(તે) વસ્તુ બતાવો મુજને. ભાગે મુજ સંદેહ; ૧૧

વસંત તિલકા છંદ

અમ્રૂતછે વદનજે, પ્રમદાનુ જાંણો;
પૌરૂશ થાય મુખથી, વશ ઝટમાનો;
અમ્રૂત છે ક્ષિર ઘાશું, જન તુર્ત લાવે;
દૃખી જનો નહિ કહે, મુજને ન ભાવે,
સન્માન ભૂપ તાણુજે, નરનેજ થાવે;
અમ્રૂત તુલ્ય વદશો, દુખ સર્વ જાશે.
અમ્રૂતછે દ્રશનજે, પ્રિય મિત્ર હોયે;
તેનું ખરૂજ કહુછું અતિ મિષ્ટ જોયે;

દોહરા

અમૃત સર્ખુ જાંણીને, નારો નિત્યે ચા'ય,
પતિ અને શુભ મિત્રના. દર્શને રાજી થાય; ૧૩
વર્ષા રતુ એમ વહી ગયો, અવ્યો આસો માસ;

પુષ્પમાળીએ અર્ચના, ભારે એક અવાસ, ૧૪
એહ કથા પુરાણ થઈ, કરૂ શીવની શેવ,
ગંગા શંકર કહે ઓળખજો, જે જે શ્રી મહાદેવ; ૨૫

समाप्त.

સર્વેને આ ગ્રંથ પ્રસિદ્ધ કરનારની વીનંતી

દોહરા

ગણ માત્રા મેં ગણી નથી, પ્રગટયો પુરણ પ્રેમ;
સ્નેહ સપાટે સંમવ્યું, લેખણ ચાલી તેમ; ૧
માફકરજોછ માયરી, ખરી દીસે જો ખોડ,
એકવાર સૌ બોલજો, જે જે શ્રી રણછોડ, ૨

છપય છંદ

પુરણ કીધો ગ્રંથ, પુસ્તક જુનુ મેં ધારી;
રૂડો એમાં બોધ, સદા સૌને સુખ કારી,
વાંચે જે નર નાર, લાભ પ્રીતીનો જાંણો.
એવી ચાલે ચાલ, પુરણ સુખને માંણો,
એ સંસારી શુભ ચાલમાં: અડચણ લેસન આવશે; ૩
કૃપાશંકરતો સાચુ કહે, પુરણ સુખ તે પામશે,
જયારે પરણો નાર, વીચાર આપે તો કરજો;
ભણિ ગાંડી કે ડાહી: ગુણ તેનાતો હરજો.
રૂપવંતી (કે) કુરૂપ, (કે) નકો આપણના જેવી;
નિત્યે થાય નભાવ: પરણી લેજો સૌ તેવી;
(જે) પ્રથમ વીચાર કરશો નહીં, (તે) પાછળથી પસ્તાયશે

બાળ લગન(નેકુલના)અભીમાંનથી, દુ:ખઅતિશેથાયછે;૪
અમદાવાદ મુજ ગાંમ, ઠાંમ પંચભાઇનિ પોળે;
રાયકવાળછુ નાત, જાત બાંહ્મણને ખોળે;
દેવશંકરના સુત, જયશંકર લહિને
તેહુ તણા જે સુત, ગંગાશંકર કહિને
ચીરાગ છીરી હું તેહુનો, કૃપાશંકર તો નાંમછે,
મહાલક્ષમીના પ્રતાપથી, મિત્ર સમુહમાં ઠાંમછે.

વાંચનાર પ્રિય શોખીલા રાજજનોને

આશીરવાદ.

દોહરો

રતી પતિ પરસન હુજો, થજો રતી વીલાસ;
પ્યારી સાથે પ્રિતી હજયો, એજ અમારો આશ ૬
(પ્રથમ) સંવત ઓગણી ચૌદમાં, શ્રાવણ પે'લે પક્ષ,
પુરણ ગ્રંથ પ્રતિ પદા, લહો આંખિ સૌ લક્ષ; ૭
ફરી સુધારો એહુને, કીધો મેં આ ગ્રંથ;
વાંચી સઘળા પાંમશો, સુખ તણો જે પંથ; ૮
(ફરીથી)ભુમિ [૪]વેદને [૯]ભકિત[૧]અવની, વિક્રમકેરીસાલ;
કાર્તિક પે'લા પક્ષમાં, પુરણ ધરીને વા'લ; ૯

દશામી દિને પુરણ કીધો, વાર વડો બુધવાર;
વધારી ક્રિયા ગ્રંથમેં, નીમ ધરી નિરધાર; ૧૦
શ્રોતા વક્તા સાંભળી, કોઇ ન દેશો ખોડ;
ખરા ભાવથી બોલજો; જે જે શ્રી રણછોડ.

લોકમાં કહેવાતી કહેવતો.

વંશતો રઘુરાજાનો, આયુષતો માર્કંડેયનું, સૌભાગતો સાવીત્રીનું. ગુણતો ગાયત્રીના, તેજતો રવીનું, કલ્પનાતો કવીની, શીતળપણું ચંદ્રમાનું,આસનતો ઇંદ્રનું,ભુખતો અગ્નીની, નિદ્રાતો કુંભ કરણની, ભોગતો કૃશ્નનો. જયોગતો શિવજીનો, તપતો વિશ્વામીત્રનું. કોપતો દુર્વાસાનો, આચારતો અગનસ્તનો, ભગુવુંતો બ્રેહસ્પતીનું, જ્ઞાનતો ગૌતમનું; બળતો બળભદ્રનું, ગતીતો મનની, વેગતો વાયુનો, રાજયતો રાંમનું, રૂપતો કાંમ અને રતીનું, વિદ્યાતો શુક્રાચાર્યની, રંજીતપણું રાધીકાનું, લીલાતો લક્ષ્મીની, સ્પુટપણુતો દમયંતીનું,માયાતો મેરૂની, રક્ષાતો દેહની, પુષ્પતો વેંગણનું, વ્રક્ષતો કલ્પનું, વેલતો નાગરવેલ, છોડતો ચંદનનો, ગંધતો લસણની,

કેસબોઈતો કસ્તુરીનો, બેહેકતો બરાસનો, ફળતો અંબાનું, અભીમાંનતો દુર્યોધનનું, સત્યપણુ યુધીષ્ટીરનું, તપતો તારા લોચનનું, પુત્રપણુ રોહીદાસનું. ભંડારતો કુબેરનો, ગંભીરપણુ સમુદ્રનું, બાંણાવળીતો અરજુનની, ખડગતો ફરશુરાંમનું, તેજતો નેત્રનું, હેતતો પોતાની માતાનું, સગપણતો સ્રીનું, પ્રીતીતો પુત્રની. સેવાતો ગુરૂની, દીવસતો પીત્રીનો, વ્રતતો એકાદશીનુ, સુભ દીવસતો દીપોત્સવીનો, દાંન પર્વતો દ્વાદશીનું શોકતો મત્યુનો, ઉત્સાહતો વીવાનો, સીદ્ધ પચન સુયુજ્ઞાનું.

(ઇતી કહેવતો.)

નીચે લખેલી જગોએથી આ પુશતક વેચાતી મળશે.

અમદાવાદ—ગ્રંથ પ્રસીદ્ધ કરનાર પાસેથી.

(કચ્છ)ભુજ—ડાક્તર રાઠોડ ભાઈઆત. ઠેકાણું છ છ કે
હીઆમાં.

મોરવી તાબે જેતપુર—ભાટ નરસહીરામ જેઠારામ;

મેસાણા—(બુકસેલર)જાની કુબેર હલસુખ ઠે. જાનીવાડે

બોરેજ—શાસ્ત્રી જેઠાલાલ બાપાલાલ,રાયકવાળ બ્રાહ્મણ

વડોદરા—ખાતરી ગણેશ મલુક પાસે ઠે. ગેડી દરવાજે
મુગલવાડામાં ખતરીપોળમાં જુના માડીકની
હવેલી પાસે

કડુસણ—ભાટ સાંકળ ભગવાન પાસેથી ઠે. દરબારની
કચેરી પાસે

નીકોલ—જોશી હરગોવન (ચકુલાલ) ભોળાનાથ પાસેથી.

આમોદ—(બાચ્છા) મગનલાલ ઊમીઆશંકર, ઠેકાણું
કંસારાવાડમાં

જાહેર ખબર

અમારે ઘેરથી (અમદાવાદમાં પંચભાઇની પોલમાં) નીચે લખ્યા પ્રમાણે રોકડી કીંમતે પુસ્તકો મળશે

પુસ્તકનું નામ.

સાબ્રમતી માહાત્મ પ્રાકૃત પદ્યમાં રચેલું રૂ.૦-૮-૦
ગરૂડ પુરાણ શ્લોક નીચે ટીકા સાથે રૂ.૧-૪-૦
એકાદશી તેર માસની,છવીસે શ્લોક ટીકાસાથે રૂ.૧-૮-૦
બ્રમોત્તરખંડ (શીવપુરાણ) પદ્યમાં રચેલું રૂ.૨-૦-૦
પુરૂશોત્તમમાહાત્મ બત્રીસ અધ્યાય શ્લોક ટીકા સાથે.
સ્રીતાજક(તાજકગંગાધર) જોશી લોકોને સ્ત્રીઓના વર બફળોમાં લખવાનાં ફળાધીશ

જન્મ પત્રીકા નીબંધ ગણીત સાથે બ્રાહ્મણના છોકરાઓને વગર મેહનતે જોતીશ આવડે

કહેવત સંગ્રહ—(Proverbs with their English Equivalent) by M. H. Dalal. Corrected by D. P. Barodia B. A. Fellow of the Gujarat College.

Price Rs.0—4—0